RNI NO GUJ/GUJ/2006/24237

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા — ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ - ૭ — બુધવાર તા.૧૯-૦૮-૨૦૨૬ — અંક : ૫૦ વર્ષ : ૨૨ — email :rajkot@aaspassindia.com — કિંમત રૂા. ૨-૫૦ — પાના - ૮

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

# કોલકાતામાં મોડીરાત્રે હોટલમાં ભીષણ આગ: ૮ બાંગ્લાદેશીના મોત

## બાંગ્લાદેશી નાગરિકો મેડિકલ સારવાર માટે કોલકાતા આવ્યા હતા અને હોટલમાં રોકાયેલા, ગંભીર રીતે દાઝેલા ૬ લોકો હોસ્પિટલમાં સારવાર હેઠળ

કોલકાતા,

પશ્ચિમ બંગાળના પાટનગર કોલકાતામાં મંગળવારે મોડી રાત્રે ૨ વાગ્યે એક હોટલમાં ભીષણ આગ ફાટી નીકળતાં મોટી દુર્ઘટના સર્જાઈ છે.

આ અગ્નિકાંડમાં ૯ બાંગ્લાદેશી નાગરિકોના મોત નીપજ્યા છે, જ્યારે અન્ય ૬ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ભોગ બનનાર તમામ લોકો મેડિકલ સારવાર કરાવવા માટે કોલકાતા આવ્યા હતા અને આ હોટલમાં રોકાયા હતા. ઘટના અંગે તપાસ શરૂ કરાઈ છે.



ફાયર બ્રિગેડ વિભાગના અધિકારીઓ મુજબ, હોટલમાં આ આગ મંગળવારે મોડી રાત્રે આશરે ૨ વાગ્યાની આસપાસ લાગી હતી. આગ લાગતાં જ નાસભાગ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો. ફાયર ફાઈટરોએ યુદ્ધના ધોરણે બચાવ અને રાહત કામગીરી હાથ ધરીને આગ પર કાબૂ મેળવ્યો હતો. રાત્રે બે ૨:૦૦ વાગ્યે જ્યારે મોટાભાગના લોકો ગાઢ ઊંઘમાં હતા ત્યારે અચાનક આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં ધુમાડાના ગોટેગોટા સમગ્ર બિલ્ડિંગમાં ફેલાઈ જતાં અનેક લોકો અંદર ફસાઈ ગયા હતા. ઘટનાની માહિતી મળતાં જ ૪ ફાયર ટેન્ડર અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી.

### ૨ દિવસમાં પશ્ચિમ બંગાળમાં બીજો મોટો અગ્નિકાંડ બન્યો

કોલકાતાની આ કરુણાંતિકા પશ્ચિમ બંગાળના બીરભૂમ જિલ્લામાં બનેલી આગની ઘટનાના માત્ર બે જ દિવસ બાદ સામે આવી છે. જેમાં તારાપીઠ મંદિર નજીક પવિત્ર કુંડ પાસે આવેલી પાંચ માળની 'હોટેલ બિદેશિની' ના ગ્રાઉન્ડ ફ્લોર પર વહેલી સવારે ૪:૩૦ વાગ્યે આગ લાગી હતી. જેમાં ૮ લોકોના મોત થયા હતા અને અનેક લોકો ઈજાગ્રસ્ત થયા હતા. રાજ્યમાં માત્ર ૪૮ કલાકની અંદર બે મોટી હોટેલોમાં અગ્નિકાંડ સર્જાતાં હોટેલોમાં ફાયર સેફ્ટી અને ઈલેક્ટ્રિકલ મેન્ટેનન્સના નિયમો પર ગંભીર સવાલો ઊભા થયા છે.

# કચ્છમાં હવાઈ સેવાનો વિસ્તાર વધ્યો

## મુન્દ્રાથી રાજકોટ, જામનગર અને દીવ વચ્ચેની એર ટેક્સીની મિની ફ્લાઈટની થશે શરૂઆત

### ૨૮ ઓગસ્ટથી શરૂ થનારી આ સેવાઓ માટેનું ઓનલાઈન બુકિંગ પણ શરૂ



ભુજ કચ્છ,

રણપ્રદેશ કચ્છમાં સગવડભરી હવાઈ સેવાઓનો વ્યાપ સતત વધી રહ્યો છે. તાજેતરમાં જ મુંદરા એરપોર્ટ ટર્મિનલથી 'સ્ટાર એર' દ્વારા મુંદરા-અમદાવાદ વચ્ચેની સીધી વિમાની સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ સફળતા વચ્ચે હવે એર ટેક્સી સેવા દ્વારા મુંદરાથી રાજકોટ, જામનગર અને દીવ માટે મિની વિમાની સેવા શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આગામી રક્ષાબંધનના તહેવાર નિમિત્તે ૨૮ ઓગસ્ટથી આ નવી હવાઈ સેવાનો પ્રારંભ થશે, જે અંગે એર ટેક્સીના અધિકારીઓએ સત્તાવાર સમર્થન આપ્યું છે.

ઉલ્લેખનીય છે કે, મુંદરા અને અમદાવાદ વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલી ચાર સીટર મિની ફ્લાઈટ સેવા આગામી ૨૭ ઓગસ્ટથી બંધ કરવામાં આવશે, કારણ કે મુંદરા-અમદાવાદ રૂટ પર હવે મોટા વિમાનની સેવા કાર્યરત થઈ ચૂકી છે. આ ચાર સીટર મિની વિમાનનો ઉપયોગ હવે રાજકોટ, જામનગર અને દીવના રૂટ માટે કરવામાં આવશે. આ દૈનિક સેવા માટે ચાર સીટર વિમાનમાં હાલના તબક્કે નિયમ મુજબ માત્ર બે મુસાફરોને જ લઈ જવાની વ્યવસ્થા રાખવામાં આવી છે.

૨૮ ઓગસ્ટથી શરૂ થનારી આ સેવાઓ માટેનું ઓનલાઈન બુકિંગ પણ શરૂ કરી દેવાયું છે. ફ્લાઈટના સમયપત્રક મુજબ, આ વિમાન સવારે ૯:૪૬ વાગ્યે મુંદરાથી ઉપડીને સવારે ૧૧:૧૫ વાગ્યે દીવ પહોંચશે. ત્યારબાદ દીવથી સવારે ૧૧:૪૦ વાગ્યે રવાના થઈ બપોરે ૧:૦૯ વાગ્યે પરત મુંદરા આવશે. મુંદરાથી બપોરે ૧:૩૪ વાગ્યે ઉપડીને ૨:૨૦ વાગ્યે રાજકોટ પહોંચશે અને રાજકોટથી બપોરે ૨:૪૫ વાગ્યે ઉપડીને ૩:૩૦ વાગ્યે મુંદરા પરત ફરશે. ત્યારબાદ મુંદરાથી બપોરે ૩:૫૫ વાગ્યે ઉપડીને સાંજે ૪:૧૧ વાગ્યે જામનગર પહોંચશે. નવી એર ટેક્સી સેવા શરૂ થવાથી કચ્છ અને સૌરાષ્ટ્ર તેમજ દીવ વચ્ચેનો પ્રવાસ વધુ સરળ અને ઝડપી બનશે

# દિલ્હી લાઠીચાર્જ વિવાદ: સુપ્રીમ કોર્ટે તપાસ માટે ઉચ્ચસ્તરીય પેનલ રચવાની કરી જાહેરાત

## વિદ્યાર્થીઓ સામેની ફરિયાદો રદ કરવાના આપ્યા સંકેતો, સોશિયલ મીડિયા પર પરેશાન કરનારાઓ સામે પણ થશે તપાસ, કોઈને નહીં છોડાય

નવી દિલ્હી,

શિક્ષણ વ્યવસ્થામાં સુધારાની માગણી સાથે ૨૦મી જુલાઈએ દિલ્હીના જંતર મંતરેથી સંસદ માર્ચ દરમિયાન યુવાનો પર દિલ્હી પોલીસ દ્વારા બર્બર લાઠીચાર્જ કરાયો હતો, જેમાં અનેક વિદ્યાર્થીઓ ઘાયલ થયા હતા. આ લાઠીચાર્જની તપાસ માટે સુપ્રીમ કોર્ટે એક પેનલની રચનાની જાહેરાત કરી છે. જેમાં સુપ્રીમના નિવૃત જજ, હાઈકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ, પૂર્વ ડીજીપી, સીબીઆઈના પૂર્વ ડાયરેક્ટર અને અન્યોનો સમાવેશ કરવામાં આવશે. હાલ સુપ્રીમે સભ્યોના નામો અંગે અભિપ્રાય મંગાવ્યા છે, બુધવારે સત્તાવાર આદેશ અપાશે.

યુવાનો પર દિલ્હી પોલીસના લાઠીચાર્જને લઈને સુપ્રીમ કોર્ટમાં અનેક અરજીઓ થઈ છે, જેની સંયુક્ત સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમાલ્યા બાગ્ચી અને વી મોહનાની બેંચે વિદ્યાર્થીઓ સામે દાખલ એફઆઈઆર અંગે વિગતો માગી હતી, સાથે જ કહ્યું હતું કે વિદ્યાર્થીઓની જિંદગી દાંવ પર છે, આપણે તે અંગે વિચાર કરવો પડશે. તેમનું ભવિષ્ય હજુ બાકી છે. તેમને વિરોધ કરવાનો બંધારણીય અધિકાર છે. હાલમાં એક પેનલને તપાસ સોંપવામાં આવશે, જે માટે સીબીઆઈના પૂર્વ વડા અને પૂર્વ ડીજીપી પાસેથી પહેલાથી જ સંમતિ મળી ગઈ છે, અન્ય નામો અંગે અભિપ્રાય લેવામાં આવશે.

એક યુવતીએ સુપ્રીમમાં અરજી કરીને એવો આરોપ લગાવ્યો હતો કે વિરોધ પ્રદર્શનોમાં જોડાવાને કારણે તેને સોશિયલ મીડિયા પર ખુબ પરેશાન કરવામાં આવી રહી છે. એવામાં મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે સ્પષ્ટતા કરી હતી કે જે કમિટીની રચના કરવામાં આવી રહી છે તે ઓનલાઈન પરેશાન કરવા સહિતના તમામ મુદ્દાઓની તપાસ કરશે. કોઈને પણ છોડવામાં નહીં આવે. સુપ્રીમે પ્રદર્શન સમયના વીડિયો, તસવીરો વગેરેને સ્ટોર કરવા આદેશ કર્યો હતો હવે જે કમિટી રચાશે તેને આ તમામ સામગ્રી સોંપવા સુપ્રીમ આદેશ કરશે તેવા સંકેતો આપ્યા

# ઉત્તરાખંડ અને હિમાચલમાં કાટમાળ અને ખાણ ધસતા ૩-૩ કામદારો દટાયા



સિક્કિમ,

ઉત્તર ભારતના અનેક રાજ્યોમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનને કારણે સામાન્ય જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર તેમજ રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં મેઘરાજાએ તબાહી મચાવી છે.

ઉત્તરાખંડના કોટદ્વારમાં ભારે પર્વતીય કાટમાળ ધસી પડવાને કારણે એક મકાન ધરાશાયી થતાં બે વર્ષના બાળક અને એક વૃદ્ધ મહિલાનું કરુણ મોત નીપજ્યું છે, જ્યારે કેદારનાથ ટ્રેકિંગ રૂટ પર પથ્થર પડવાથી દિલ્હીની એક મહિલા શ્રદ્ધાળુનું પણ મૃત્યુ થયું છે. હરિદ્વાર અને ઋષિકેશમાં ગંગા નદીનું પાણીનું સ્તર ચેતવણી રેખાને વટાવી ગયું છે.

હિમાચલ પ્રદેશના સિરમૌર જિલ્લામાં ભારે વરસાદને કારણે ચૂનાના પથ્થરની એક ખાણ અચાનક ધરાશાયી થઈ ગઈ હતી, જેમાં ત્રણ કામદારો ગંભીર રીતે દટાઈ ગયા છે. આ ઉપરાંત, લાહૌલ-સ્પિતિમાં ત્રણ અલગ-અલગ સ્થળોએ વાદળ ફાટવાની ઘટના બની છે, જેનાથી અનેક રસ્તાઓ ધોવાઈ ગયા છે અને નીલકંઠ યાત્રા પર ગયેલા યાત્રાળુઓના વાહનો ફસાઈ ગયા છે. ઉત્તરાખંડમાં પણ સતત વરસાદને કારણે ઘણી નદીઓ તોફાની બની છે.

# બંગાળથી બિહાર-યુપી સુધી ભારે વરસાદથી પુરનો કહેર









કોલકાતા,

પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ અને બિહાર સહિતના રાજ્યોમાં સતત વરસી રહેલા ભારે વરસાદના કારણે પૂર જેવી ગંભીર સ્થિતિ સર્જાઈ છે. નદીઓ બે કાંઠે વહેવા લાગતાં જળાશયોમાંથી પાણી છોડવામાં આવી રહ્યું છે, જ્યારે રહેણાંક વિસ્તારો અને રસ્તાઓ જળમગ્ન થતાં સામાન્ય જનજીવન ખોરવાયું છે.

પશ્ચિમ બંગાળના બાંકુરા જિલ્લાના માનકનાલી ખાતે ગંધેશ્વરી નદીનું પાણી પુલ પર ફરી વળતાં વાહનવ્યવહાર ઠપ થઈ ગયો હતો. નદીના ધસમસતા પ્રવાહ વચ્ચે પુલ પરથી પસાર થઈ રહેલું એક ડમ્પર લારી પાણીના જોરમાં ફસાઈ ગયું હતું.પશ્ચિમ મેદિનીપુર જિલ્લાના સબાંગ બ્લોકના લારો ગામમાં પૂરની વિકટ પરિસ્થિતિ સર્જાઈ છે. ગામના રસ્તાઓ સંપૂર્ણપણે પાણીમાં ડૂબી જતાં એક સ્થાનિક નાગરિક લાકડાની દેશી બોટ ચલાવીને સલામત સ્થળે જતો નજરે પડ્યો હતો.

સબાંગ તાલુકાના ડાંગાબારી ગામમાં પૂરના પાણી ભરાઈ જવાના કારણે માર્ગો નદીમાં ફેરવાઈ ગયા છે. આ પરિસ્થિતિ વચ્ચે લોકો પાણીમાં ચાલીને રસ્તો કાપવા મજબૂર બન્યા છે, જ્યારે એક બાઈકચાલક ઊંડા પાણીમાંથી મોટરસાયકલ કાઢતો જોવા મળ્યો હતો.પશ્ચિમ બંગાળના ઔદ્યોગિક શહેર હલ્દિયામાં ભારે વરસાદના કારણે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. વિવિધ ઔદ્યોગિક એકમોના કામદારો પોતાની રોજગારી માટે પાણી ભરાયેલા રસ્તાઓ વચ્ચેથી જીવના જોખમે ફેક્ટરી તરફ ચાલીને જઈ રહ્યા છે. મયૂરાક્ષી નદીમાં પાણીની ભારે આવક થતાં તિલપારા બેરેજના દરવાજા ખોલવામાં આવ્યા છે. બેરેજમાંથી નીકળતા પાણીના પ્રચંડ પ્રવાહ અને પાણીના મોજાંને નિહાળવા માટે સ્થાનિક લોકો મોટી સંખ્યામાં કિનારે એકઠા થયા હતા.

દુર્ગાપુર બેરેજમાં જળસપાટી ભયજનક સ્તરે પહોંચતાં તંત્ર દ્વારા વધારાના પાણીનો નિકાલ કરવામાં આવી રહ્યો છે.

# "લગ્ન પહેલાં માતાનો ધર્મ બાળક પર લાગુ થશે" ધર્મ સ્વતંત્રતા કાયદો ૨૮ ઓગસ્ટથી મહારાષ્ટ્રમાં લાગુ થશે

## બળજબરીથી ધર્મ પરિવર્તન કરવા પર હવે ૭ વર્ષની સજા, ગુનો બિન-જામીનપાત્ર રહેશે

મુંબઈ,

ધર્મ સ્વતંત્રતા કાયદો, ૨૦૨૬ હવે ૨૮ ઓગસ્ટ, ૨૦૨૬ થી મહારાષ્ટ્રમાં અમલમાં આવશે. સરકારે ગેઝેટમાં એક સૂચના બહાર પાડી છે. આ કાયદો બધા ધર્મોના લોકોને લાગુ પડશે. આ કાયદા હેઠળ, બળજબરીથી, છેતરપિંડીથી અથવા બળજબરીથી કોઈનું બીજા ધર્મમાં રૂપાંતર કરવું એ ગુનો બનશે. બળજબરીથી ધર્મ પરિવર્તન માટે ૭ વર્ષ સુધીની જેલની સજાની જોગવાઈ કરવામાં આવી છે. તેને બિન-જામીનપાત્ર ગુનો બનાવવામાં આવ્યો છે. ૨૮ ઓગસ્ટના રોજ કાયદો અમલમાં આવ્યા પછી, મહારાષ્ટ્રમાં ધાર્મિક પરિવર્તન અંગેનું નવું કાનૂની માળખું અમલમાં આવશે.

થોડા દિવસો પહેલા જ, મહારાષ્ટ્ર વિધાનસભાના બંને ગૃહોએ 'મહારાષ્ટ્ર ધર્મ સ્વતંત્રતા બિલ, ૨૦૨૬' પસાર કર્યું હતું. કેટલાક સંગઠનોએ આ બિલનો વિરોધ કર્યો હતો, અને ચિંતા વ્યક્ત કરી હતી કે સરકાર નાગરિકોની વ્યક્તિગત સ્વતંત્રતામાં દખલ કરી રહી છે.

જોકે, સરકારે આનો ઈનકાર કર્યો હતો.બળજબરીથી ધર્મ પરિવર્તન કરવા પર હવે ૭ વર્ષની સજા થશે. આ ગુનો બિન-જામીનપાત્ર રહેશે. જો કોઈ સ્વેચ્છાએ પોતાનો ધર્મ બદલવા માંગે છે, તો તેણે ૬૦ દિવસ અગાઉ યોગ્ય અધિકારીને અરજી કરવી પડશે.ધર્મ સ્વતંત્રતા કાયદામાં એક જોગવાઈ છે જે ઘણા રાજ્યોમાં ધર્માંતરણ વિરોધી કાયદાઓથી આગળ વધે છે. આ કાયદા મુજબ, ગેરકાયદેસર ધાર્મિક પરિવર્તન પછી લગ્ન અથવા સંબંધથી જન્મેલા બાળકને લગ્ન અથવા સંબંધ પહેલાં માતા જે ધર્મનું હોય તે જ ધર્મનું માનવામાં આવશે. જ્યારે હરિયાણા જેવા કેટલાક રાજ્યો આવા લગ્નોથી જન્મેલા બાળકો માટે વારસાના અધિકારોને માન્યતા આપે છે, મહારાષ્ટ્રના બિલમાં ખાસ કરીને બાળકના ધર્મને વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે.

આ કાયદામાં બળજબરી, છેતરપિંડી, પ્રલોભન અથવા લગ્ન દ્વારા ધાર્મિક પરિવર્તન અટકાવવા માટે કડક જોગવાઈઓ છે.

# યુપીના સીતાપુરમાં કોંગ્રેસે કાર્યાલય ખાલી કરવું પડશે

## ૫૫ વર્ષથી ભાડું એક પણ રૂપિયો ચૂકવ્યું નથી મ્યુનિસિપલ કોર્પોરેશને કોંગ્રેસને કાર્યાલય ખાલી કરવા માટે ૧૫ દિવસનો સમય આપ્યો

લખનૌ,

કોંગ્રેસે ઉત્તર પ્રદેશના સીતાપુરમાં પોતાનું કાર્યાલય ખાલી કરવું પડશે. મ્યુનિસિપલ કોર્પોરેશને કોંગ્રેસને કાર્યાલય ખાલી કરવા માટે ૧૫ દિવસનો સમય આપ્યો. કોંગ્રેસે અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેન્ચમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના આદેશને પડકાર્યો અને સ્ટે માંગ્યો. હાઈકોર્ટે કોંગ્રેસના શહેર પ્રમુખની અપીલ ફગાવી દીધી અને ખાલી કરાવવાના આદેશ પર સ્ટે આપવાનો ઈનકાર કર્યો. કોંગ્રેસ પાર્ટી ૧૯૭૧ થી આ ઓફિસ પર કબજો કરી રહી છે. એવો આરોપ છે કે કોંગ્રેસ પાર્ટીએ છેલ્લા ૫૫ વર્ષથી ભાડામાં એક પણ રૂપિયો ચૂકવ્યો નથી. આ ઓફિસ કોઈપણ ફાળવણી વિના નઝુલ જમીન પર કાર્યરત હતી. સુનાવણી દરમિયાન, કોર્ટે જણાવ્યું હતું કે સરકારી જમીન પર લાંબા સમય સુધી કબજો રાખવાથી કબજો કાયદેસર બનતો નથી. વધુમાં, કોર્ટે નોંધ્યું હતું કે અરજદારો કોઈ ફાળવણી હુકમ અથવા અન્ય દસ્તાવેજ રજૂ કરવામાં નિષ્ફળ ગયા છે જે સાબિત કરે છે કે મિલકત તેમને કાયદેસર રીતે ફાળવવામાં આવી હતી.

કોંગ્રેસ સમિતિ, સીતાપુર દ્વારા દાખલ કરવામાં આવેલી રિટ અરજી પર ન્યાયાધીશ આલોક માથુર અને અમિતાભ કુમાર રાયની બેન્ચે આ આદેશ જારી કર્યો હતો. અરજીમાં સીતાપુર મ્યુનિસિપલ કાઉન્સિલના એક્ઝિક્યુટિવ ઓફિસર (ઈન-ચાર્જ) દ્વારા જારી કરાયેલા આદેશને પડકારવામાં આવ્યો હતો, જેમાં તામસેન ગંજ વિસ્તારમાં પ્લોટ નંબર ૨૪૪/૧ સંબંધિત રેકોર્ડમાંથી અરજદારોના નામ દૂર કરવા અને મિલકતમાંથી તેમને ખાલી કરાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

અરજદારોએ દાવો કર્યો હતો કે તેઓ ૧૯૭૧ થી સીતાપુરમાં ઘંટા ઘરના ઉપરના ભાગનો કબજો ધરાવે છે અને ૧૯૭૧ માં ૩૨૦ રૂપિયા ભાડું ચૂકવવાની રસીદ રજૂ કરી હતી. જોકે, કોર્ટે શોધી કાઢ્યું હતું કે છેલ્લા ૫૫ વર્ષથી કોઈ ભાડું ચૂકવવામાં આવ્યું નથી, અને અરજદારો મિલકતના કાયદેસર ફાળવણી અથવા કબજાને સાબિત કરવા માટે કોઈ કરાર, ફાળવણી પત્ર અથવા અન્ય દસ્તાવેજ રજૂ કરવામાં નિષ્ફળ ગયા.

# મુખ્યમંત્રીએ સેમીકન્ડક્ટર – AI – એજ્યુકેશન ટેક – હેલ્થ ટેક – ગેમિંગ અને ડિપટેક સેક્ટર્સના અગ્રણીઓ સાથે રાઉન્ડ ટેબલ અને વન ટુ વન બેઠક

## ગુજરાતને માત્ર ઈન્વેસ્ટમેન્ટ ડેસ્ટીનેશન તરીકે જ નહી પરંતુ ફ્યુચર ટેક્નોલોજી – ઈનોવેશન ઈકોસિસ્ટમ અને સપ્લાય ચેઈન નિર્માણ માટે લોંગટર્મ સ્ટ્રેટેજિક પાર્ટનર તરીકે અપનાવવા ગ્લોબલ કંપનીઝને મુખ્યમંત્રીનું આહવાન

અમદાવાદ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે યુ.એસ. પ્રવાસના બીજા દિવસે સેમીકંડક્ટર, છૈં, એજ્યુકેશન ટેક, હેલ્થ ટેક, ગેમીંગ અને ડિપટેક સેક્ટર્સના ઈન્ડસ્ટ્રી લિડર્સ સાથે રાઉન્ડ ટેબલ અને વન ટુ વન બેઠકોનો ઉપક્રમ યોજ્યો હતો.

મુખ્યમંત્રીશ્રી અને ગુજરાત ડેલિગેશને ટેક્નોલોજી અને સેમીકંડક્ટર સેક્ટરના ૧૦૦થી વધુ લિડર્સ સાથે રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ યોજી હતી. આ ઉપરાંત એજ્યુ ટેક, હેલ્થ ટેક અને ગેમીંગ સેક્ટર્સના અગ્રણી સાથે પણ રાઉન્ડ ટેબલ બેઠકનું આયોજન કરવામાં આવ્યુ હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતને માત્ર ઈન્વેસ્ટમેન્ટ ડેસ્ટીનેશન તરીકે નહી પરંતુ ફ્યુચર ટેક્નોલોજી, ઈનોવેશન ઈકોસિસ્ટમ અને સપ્લાય ચેઈન નિર્માણ માટે લોંગટર્મ સ્ટ્રેટેજિક પાર્ટનર તરીકે અપનાવવા ગ્લોબલ કંપનીઝને આહવાન કર્યુ હતું.

એ દિશામાં આગળ વધવા માટે મુખ્યમંત્રીશ્રીએ આગામી જાન્યુઆરી-૨૦૨૭માં યોજાનારી વાયબ્રન્ટ સમિટમાં સહભાગી થઈને ᚋ૨ᚋ, ᚋ૨૨ બેઠકો દ્વારા સહયોગની તકો શોધવા આમંત્રણ પણ પાઠવ્યું હતું.

ટેક્નોલોજી અને સેમીકોન લિડર્સ સાથેની બેઠકમાં મુખ્યમંત્રીશ્રીએ સિલીકોનવેલીની ટેક્નોલોજી અને ગુજરાતની મજબૂત ઔદ્યોગિક ક્ષમતાઓ પરસ્પર પૂરક બની શકે છે તેની ભૂમિકા આપી હતી.

આ સંદર્ભમાં તેમણે કહ્યુ કે, ગુજરાતમાં આવી કંપનીઝ માટે રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ તથા ઈનોવેશનથી લઈને મેન્યુફેક્ચરીંગ તેમજ ગ્લોબલ એક્સ્પાન્શન સુધીની એક સંપૂર્ણ ઈકોસિસ્ટમ ઉપલબ્દ્ધ કરાવવાની રાજય સરકારની નેમ છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, નેક્સ્ટ જનરેશન ટેક્નોલોજી હબની સફળતા ઈનોવેશન ઉપરાંત લેન્ડ, ઈલેક્ટ્રીસિટી, કનેક્ટીવિટી, કેપિટલ, ટેલેન્ટ અને પોલિસી સ્ટેબિલિટી જેવી બધી જ સુવિધાઓ એકસાથે ઉપલબ્દ્ધ કરાવવાની ક્ષમતા પર આધારિત હશે ગુજરાત આ બધું જ પુરું પાડીને ટેક્નોલોજી લેડ ઈન્વેસ્ટમેન્ટ માટે તત્પર છે.

ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓએ રાજ્યના રોબસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પોલિસી સ્ટેબિલિટી, ઝડપી પરમિશન પ્રોસેસ અને બિઝનેસ ફ્રેન્ડલી પ્રો-એક્ટીવ એપ્રોચની પ્રસંશા કરી હતી.

મુખ્યમંત્રીશ્રી અને ગુજરાત ડેલિગેશન સાથે છૈં, હેલ્થ ટેક, એજ્યુ ટેક અને ગેમીંગ સેક્ટર્સના અગ્રણીઓની યોજાયેલી રાઉન્ડ ટેબલમાં છૈં, જનરેટીવ છૈં, રોબોટિક્સ, એજ્યુકેશન, હેલ્થ ટેક અને ગેમીંગ સેક્ટર્સમાં ઉભરી રહેલી તકો અંગે વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી.

# અમદાવાદના સોલા વિસ્તારમાં અંધશ્રદ્ધાના નામે ૧૫ વર્ષની સગીરા સાથે ભુવાનું દુષ્કર્મ

## સોલા પોલીસે ભુવાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી

અમદાવાદ,

અમદાવાદના સોલા વિસ્તારમાં અંધશ્રદ્ધાના નામે ૧૫ વર્ષની સગીરા સાથે દુષ્કર્મ આચર્યાનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. પરિવાર પોતાની બીમાર દીકરીને સાજી કરાવવા માટે જે ભુવા પાસે ગયો હતો, તેના પર જ સગીરાનું શોષણ કરવાનો આરોપ લાગ્યો છે. આરોપીએ સગીરા સાથેની અંગત તસવીરો વાયરલ કરતાં સમગ્ર મામલો પરિવારના ધ્યાને આવ્યો હતો. ફરિયાદ બાદ સોલા પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, સગીરા અવારનવાર બીમાર રહેતી હોવાથી તેના પરિવારજનોએ આશરે એક વર્ષ પહેલાં પોતાના સમાજના ભુવા ચંદ્રકાંત ઉર્ફે ચંદ્રેશ કાંતિલાલ પંચાલનો સંપર્ક કર્યો હતો. પરિવારને એવી આશા હતી કે વિધિ કરવાથી તેમની દીકરીની બીમારી દૂર થઈ જશે. આ વિશ્વાસનો લાભ લઈ આરોપી ભુવા યુવતીના ઘરે જતો હતો અને વિધિના બહાને તેની સાથે એકાંતમાં રહેતો હોવાનો પોલીસનો આરોપ છે.

પોલીસ તપાસમાં સામે આવેલી પ્રાથમિક વિગતો મુજબ, આરોપી જ્યારે સગીરાના ઘરે વિધિ કરવા જતો ત્યારે પરિવારજનોને બહાર બેસાડી દેતો હતો. ત્યારબાદ સગીરાને કેફી પીણું પીવડાવી અર્ધબેભાન કર્યા બાદ તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યાનો આરોપ છે. આરોપીએ બાદમાં વધુ એક વિધિના બહાને સગીરાને પોતાના ઘરે લઈ જઈ ત્યાં પણ તેની સાથે દુષ્કર્મ આચર્યું હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે.

પોલીસના જણાવ્યા મુજબ, આરોપીએ સગીરા સાથેની અંગત તસવીરો પણ પાડી લીધી હતી. આ તસવીરોનો ઉપયોગ કરીને તેને બ્લેકમેઈલ કરવાનો પ્રયાસ કરાયો હોવાની આશંકા છે. જોકે, આરોપીએ આ તસવીરો સોશિયલ મીડિયા અને વોટ્સએપ મારફતે વાયરલ કરી દેતાં સમગ્ર મામલો પરિવારના ધ્યાનમાં આવ્યો હતો.

# ધોલાઈ બંદર પાસે જયમાલા બોટ ડૂબી, ૯ માછીમારોનું હેલિકોપ્ટરથી રેસ્ક્યુ

નવસારી,

નવસારીના કૃષ્ણપુર ગામની અને મહારાષ્ટ્રમાં નોંધાયેલી ‘જયમાલા’ નામની એક બોટ નવસારીના ધોલાઈ બંદરથી નીકળીને વલસાડ તરફ જઈ રહી હતી, ત્યારે કિનારાથી આશરે ૨.૫ નોટિકલ માઈલ દૂર દરિયાના ઊંડા પાણીમાં અચાનક ડૂબવા લાગી હતી. આ ઘટના સમયે બોટમાં કૃષ્ણપુર ગામના કુલ ૯ માછીમારો (ખલાસીઓ) સવાર હતા, જેમનો જીવ જોખમમાં મુકાઈ ગયો હતો.

દરિયામાં બોટ ડૂબવાનો ઈમરજન્સી કોલ મળતાં જ નવસારી જિલ્લા વહીવટી તંત્ર તુરંત એક્શન મોડમાં આવ્યું હતું. પ્રાથમિક તબક્કે NDRF ની મદદથી હાથ ધરાયેલું રેસ્ક્યુ ઓપરેશન નિષ્ફળ જતાં, જિલ્લા કલેક્ટર દ્વારા તાત્કાલિક ભારતીય કોસ્ટગાર્ડની મદદ માંગવામાં આવી હતી. સ્થિતિની ગંભીરતા જોઈને કોસ્ટગાર્ડે સહેજ પણ વાર કર્યા વિના હેલિકોપ્ટર મારફતે દિલધડક રેસ્ક્યુ ઓપરેશન શરૂ કર્યું હતું.

કોસ્ટગાર્ડના હેલિકોપ્ટર દ્વારા ડૂબી રહેલી બોટમાંથી તમામ ૯ માછીમારોને સફળતાપૂર્વક એરલિફ્ટ કરી લેવામાં આવ્યા હતા. રેસ્ક્યુ કરાયેલા તમામ ખલાસીઓને વલસાડના દાંતી અને ભાગડા દરિયાકિનારે સુરક્ષિત રીતે ઉતારી દેવાયા છે. તંત્ર અને કોસ્ટગાર્ડની સમયસૂચકતાને કારણે મોટી હોનારત ટળી છે અને હાલ તમામ માછીમારો હેમખેમ તથા સંપૂર્ણ સુરક્ષિત હોવાથી આ સફળ રેસ્ક્યુ ઓપરેશન પૂર્ણ જાહેર કરવામાં આવ્યું છે.

# અરવિંદ કેજરીવાલ, પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને વડોદરા ખાતે જેલમાં બંધ ચૈતર વસાવા સાથે મુલાકાત કરી

વડોદરા,

આમ આદમી પાર્ટી (આપ)ના રાષ્ટ્રીય સંયોજક, દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન, ગુજરાતના આપના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા દ્વારા મંગળવારે વડોદરાની સેન્ટ્રલ જેલ ખાતે દેડિયાપાડાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા સાથે રૂબરૂ મુલાકાત કરવામાં આવી હતી.



આપ નેતા ચૈતર વસાવા વન કર્મચારી પર હુમલાના કેસમાં હાલ વડોદરા સેન્ટ્રલ જેલમાં જેલવાસ ભોગવી રહ્યા છે. તેમના જેલવાસને લઈને આમ આદમી પાર્ટી દ્વારા અગાઉ પણ સરકાર સામે અનેક સવાલો ઉઠાવવામાં આવ્યા છે. હવે પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન પોતે વડોદરા આવીને ચૈતર વસાવાને મળ્યા હોવાથી આ મુલાકાત રાજકીય રીતે પણ મહત્વપૂર્ણ બની છે.

આપના બન્ને સીનીયર નેતાઓએ જેલમાં ચૈતર વસાવા સાથે મુલાકાત દરમિયાન તેમની સ્થિતિ અંગે જાણકારી મેળવી હતી. સાથે જ સમગ્ર કેસની વર્તમાન સ્થિતિ અને આગળની કાર્યવાહી અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. ચૈતર વસાવા સાથેની આ મુલાકાતને છછના સંગઠન અને રાજકીય દૃષ્ટિકોણથી પણ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. આ મુલાકાત દરમિયાન ચૈતર વસાવાની સ્થિતિ જાણવા ઉપરાંત આગામી રાજકીય અને કાયદાકીય રણનીતિ અંગે મહત્વપૂર્ણ ચર્ચા થઈ હોવાનું સૂત્રો જણાવે છે. આગામી દિવસોમાં કેસને લઈને કઈ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે અને રાજકીય રીતે કઈ રણનીતિ અપનાવવામાં આવશે તે અંગે પણ પરામર્શ કરવામાં આવ્યો હોવાનું પણ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

પંજાબના સીએમ ભગવંત માન સાથે ગુજરાત સરકારનો પ્રોટોકોલ કાફલો પણ જેલ મુલાકાત દરમિયાન જોડાયો હતો. બંને નેતાઓની વડોદરા સેન્ટ્રલ જેલ મુલાકાતને ધ્યાનમાં રાખીને સુરક્ષા અને પ્રોટોકોલની જરૂરી વ્યવસ્થા કરવામાં આવી હતી. કેજરીવાલ અને ભગવંત માનની આ મુલાકાત એવા સમયે થઈ છે જ્યારે ચૈતર વસાવાનો મુદ્દો ગુજરાતના રાજકારણમાં ચર્ચાનો વિષય બન્યો છે.

# બારડોલી સુગર ફેક્ટરીની ચૂંટણીમાં સહકાર પેનલની કારમી હાર, કિસાન પરિવર્તન પેનલનો વિજય

## બારડોલી સુગર ફેક્ટરીની ચૂંટણીના પરિણામોએ સૌને ચોંકાવી દીધા

બારડોલી,

સમગ્ર એશિયા ખંડની સૌથી મોટી સહકારી ખાંડ ફેક્ટરી તરીકે ગણાતી બારડોલી સુગર ફેક્ટરીની સામાન્ય ચૂંટણીના પરિણામો સામે આવતાં જ રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. આ ચુંટણીમાં સત્તાધારી સહકાર પેનલનો કારમો પરાજય અને ’કિસાન પરિવર્તન પેનલ’નો વિજય થતાં સહકારી રાજકારણમાં મોટો ભૂકંપ આવ્યો છે.

આ ચૂંટણીમાં સૌથી મોટી ચર્ચાનો વિષય સ્થાનિક ધારાસભ્ય ઈશ્વર પરમારની હાર બની છે. સુગર ફેક્ટરી જેવી મહત્વની સંસ્થામાં પોતાનું વર્ચસ્વ જાળવી રાખવા માટે પ્રયત્નશીલ રહેલા ધારાસભ્ય ઈશ્વર પરમારનો પરાજય સભાસદોના બદલાયેલા મિજાજને સ્પષ્ટ કરે છે. ઉપલબ્ધ આંકડાઓ મુજબ, તેઓ ’અ.ન./અ.આ.જા.’ બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા. જેમાં તેમને સહકાર પેનલ તરફથી ૮૮૨ મત મળ્યા હતા. જેની સામે કિસાન પરિવર્તન પેનલના ઉમેદવાર તરુણભાઈ જગુભાઈ વાઘેલાએ ૧૪૨૪ મત મેળવીને ૫૪૨ મતના અંતરથી વિજય પ્રાપ્ત કર્યો છે.

ધારાસભ્ય ઉપરાંત પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ ભાવેશ પટેલની પણ હાર થતાં ભાજપ પ્રેરિત સહકાર પેનલને મોટો આંચકો લાગ્યો છે. આ ચૂંટણી પરિણામો સાબિત કરે છે કે સહકારી સંસ્થાઓમાં રાજકીય દખલગીરી અને પગપેસારો સામે સભાસદોએ આ વખતે ખૂબ જ સ્પષ્ટ અને કડક જનાદેશ આપ્યો છે.

# સુરતના ચકચારી ડોક્ટર હર્ષ પંડ્યા કેસમાં ૪ સિનિયર રેસિડેન્ટ ડોક્ટરો સામે ગુનો નોંધાયો

## પોલીસ ફરિયાદમાં જાહેરમાં અપમાન, ક્ષમતા કરતાં વધુ કામનું ભારણ અને અન્ય પ્રકારની હેરાનગતિનો ઉલ્લેખ

સુરત,

સુરતમાં ડોક્ટર હર્ષ પંડ્યાના મૃત્યુ મામલે તપાસ વધુ ગંભીર બની છે. મૃતક ડોક્ટરના પિતાની ફરિયાદના આધારે ચાર સિનિયર રેસિડેન્ટ ડોક્ટરો સામે આપઘાત માટે દુષ્પ્રેરણા સહિતની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધાયા બાદ આરોપીઓ પોલીસ તપાસમાં હાજર ન હોવાનું સામે આવ્યું છે. પોલીસે તેમની શોધખોળ શરૂ કરી છે અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી રહી છે.

પોલીસ ફરિયાદમાં ડોક્ટર નિરાલી વસાવે, ડોક્ટર હિના ભૂત, ડોક્ટર અનુજ મહેશ્વરી અને ડોક્ટર દિક્ષિતા ઘેવરિયા સામે ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. ફરિયાદ મુજબ, મૃતક ડોક્ટરને કાર્યસ્થળે સતત માનસિક દબાણ અને હેરાનગતિનો સામનો કરવો પડતો હોવાનો આરોપ છે.

ફરિયાદમાં જાહેરમાં અપમાન, ક્ષમતા કરતાં વધુ કામનું ભારણ અને અન્ય પ્રકારની હેરાનગતિના આક્ષેપો પણ કરવામાં આવ્યા છે. આ આરોપોની સત્યતા અંગે હવે પોલીસ તપાસ દરમિયાન પુરાવા અને નિવેદનોના આધારે તપાસ કરવામાં આવશે.

કેસ નોંધાયા બાદ ચારેય આરોપી ડોક્ટરો પોલીસને ઉપલબ્ધ ન હોવાનું સામે આવ્યું છે. પોલીસે તેમના સંભવિત ઠેકાણાઓ અંગે તપાસ શરૂ કરી છે. જોકે, આરોપીઓ સામેના તમામ આક્ષેપોની કાયદેસર તપાસ હજુ ચાલુ છે અને તપાસ પૂર્ણ થયા બાદ જ સમગ્ર મામલે વધુ સ્પષ્ટતા થશે.મામલામાં અગાઉ ડોક્ટર અનુજ મહેશ્વરી અને ડોક્ટર દિક્ષિતા ઘેવરિયાએ પોતાના પર લાગેલા આરોપો અંગે પોતાનો કોઈ દોષ ન હોવાનું જણાવ્યું હોવાનો દાવો સામે આવ્યો હતો. હવે પોલીસ દ્વારા કેસ નોંધાયા બાદ બંને સહિત અન્ય આરોપીઓની ભૂમિકા અંગે તપાસ આગળ વધારવામાં આવી રહી છે.

# પાલનપુર : ગાંજા સાથે ઝડપાયેલા દંપતીને ૧૪ વર્ષની કેદની સજા

પાલનપુર,

બનાસકાંઠા જિલ્લામાં ગાંજાની હેરાફેરીના કેસમાં પાલનપુર કોર્ટે દંપતીને કડક સજા ફટકારી છે. વર્ષ ૨૦૨૩માં પાલનપુર નજીક કાણોદર વિસ્તારમાંથી આશરે ૩૬ કિલો ગાંજા સાથે ઝડપાયેલા દંપતી સામે ચાલી રહેલી કાયદાકીય કાર્યવાહી પૂર્ણ થયા બાદ બંને આરોપીઓને ૧૪ વર્ષની સજા ફટકારવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ, વર્ષ ૨૦૨૩માં બનાસકાંઠા પોલીસની એસઓજી ટીમે કાણોદર નજીક કાર્યવાહી કરીને દંપતીને ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડ્યું હતું. આરોપીઓ પાસેથી અંદાજે ૩૬ કિલો ગાંજો મળી આવ્યો હોવાનું સામે આવ્યું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં ગાંજાનો જથ્થો અન્ય સ્થળે પહોંચાડવાની તૈયારી હોવાની વિગતો સામે આવી હતી. આરોપીઓ ગાંજાની ડિલિવરી માટે સિદ્ધપુર તરફ જઈ રહ્યા હતા તે પહેલાં જ પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા.

પોલીસને મળેલી બાતમીના આધારે હાથ ધરાયેલી કાર્યવાહીમાં દંપતીને ઝડપી લેવામાં આવ્યું હતું. ગાંજાનો જથ્થો એક સ્થળેથી બીજા સ્થળે પહોંચાડવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાનો આરોપ હતો. પોલીસે ગાંજો કબજે કરીને બંને સામે એનડીપીએસ એક્ટ કાયદા હેઠળ ગુનો નોંધ્યો હતો. આરોપીઓ સામે નોંધાયેલા ગુનામાં તપાસ પૂર્ણ થયા બાદ મામલો પાલનપુર કોર્ટમાં પહોંચ્યો હતો. કેસ દરમિયાન પોલીસ દ્વારા એકત્રિત કરવામાં આવેલા પુરાવા અને અન્ય વિગતોના આધારે કોર્ટમાં કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# અમેરિકાની વર્ક પરમિટના નામે નડિયાદની મહિલા સાથે રૂ.૪.૭૭ લાખની ઠગાઈ

## વડોદરાના કન્સલ્ટન્સી સંચાલક સામે નોંધાઈ પોલીસ ફરિયાદ

નડિયાદ,

વિદેશમાં નોકરી મેળવવાની ઈચ્છા ધરાવતા લોકો સાથે છેતરપિંડીના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. આવો જ એક કિસ્સો વડોદરામાં સામે આવ્યો છે, જ્યાં અમેરિકાની વર્ક પરમિટ અપાવવાના બહાને નડિયાદની ૩૦ વર્ષીય મહિલા પાસેથી કુલ ૫.૭૭ લાખ લેવામાં આવ્યા હોવાનો આરોપ છે. કામ ન થતાં આરોપીએ ૧ લાખ પરત કર્યા, પરંતુ બાકીના ૪.૭૭ લાખ પરત ન કરતાં મહિલાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

આ મામલે ગોરવા પોલીસ સ્ટેશનમાં બ્લોસમ ગ્રુપના સંચાલક હેમલ ઉર્ફે રૂદ્ર ઉર્ફે ભયલુ નરેન્દ્ર પટેલ સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદના આધારે પોલીસે તપાસ શરૂ કરી છે.

ફરિયાદ મુજબ, નડિયાદમાં રહેતી ૩૦ વર્ષીય પૂજા દેસાઈ વિદેશમાં નોકરી મેળવવા માટે યોગ્ય વિઝા કન્સલ્ટન્સીની શોધ કરી રહી હતી. આ દરમિયાન તેમની નજર બ્લોસમ ગ્રુપની જાહેરાત પર પડી હતી. જાહેરાતમાં આપેલા મોબાઈલ નંબર પર સંપર્ક કર્યા બાદ હેમલ પટેલે તેમને વડોદરાના ગેંડા સર્કલ નજીક આવેલી બ્લોસમ ગ્રુપની ઓફિસમાં બોલાવ્યા હતા. અહીં અમેરિકાની વર્ક પરમિટ મેળવવા માટે આશરે ૮ લાખનો ખર્ચ થશે અને શરૂઆતમાં ?૬ લાખ ચૂકવવાના રહેશે તેવી વાત કરવામાં આવી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે.

ફરિયાદ મુજબ, પૂજા દેસાઈએ ડિસેમ્બર ૨૦૨૫થી જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન અલગ-અલગ હપ્તામાં કુલ ?૫.૭૭ લાખ બ્લોસમ ગ્રુપના બેંક ખાતામાં જમા કરાવ્યા હતા. રકમ લીધા બાદ આરોપીએ આશરે ત્રણ મહિનામાં અમેરિકાની વર્ક પરમિટનું કામ પૂર્ણ થઈ જશે તેવી ખાતરી આપી હતી. આથી ફરિયાદી મહિલાએ પ્રક્રિયા પૂર્ણ થવાની રાહ જોઈ હતી.

ત્રણ મહિનાનો સમય પસાર થયા બાદ પણ અમેરિકાની વર્ક પરમિટ અંગે કોઈ પ્રગતિ ન થતાં મહિલાએ આરોપીનો સંપર્ક કર્યો હતો. ત્યારે કામ ચાલી રહ્યું હોવાનું કહીને વધુ સમય માંગવામાં આવ્યો હોવાનો ફરિયાદમાં આક્ષેપ છે. આ રીતે સમય પસાર થતો રહ્યો, પરંતુ અંતે મહિલાને શંકા જતાં તે બ્લોસમ ગ્રુપની ઓફિસે પહોંચી હતી.

# ૧૬૯૦ વૃક્ષો કાપવાના કેસમાં બે આરોપીઓને ૧૭૦૦ વૃક્ષો વાવવાની શરતે મળ્યા જામીન

## ગુજરાત હાઈકોર્ટે પર્યાવરણ સંરક્ષણને કેન્દ્રમાં રાખીને એક મહત્વપૂર્ણ અને અનોખો આદેશ આપ્યો

અમદાવાદ,

ગુજરાત હાઈકોર્ટે પર્યાવરણ સંરક્ષણને કેન્દ્રમાં રાખીને એક મહત્વપૂર્ણ અને અનોખો આદેશ આપ્યો છે. ભાવનગર જિલ્લાના પાલિતાણા રેન્જમાં વૃક્ષોના ગેરકાયદેસર નિકંદનના કેસમાં જેલમાં રહેલા બે ફોરેસ્ટ ગાર્ડને કોર્ટે જામીન મંજૂર કર્યા છે. જોકે, જામીન સાથે કોર્ટે એવી શરત મૂકી છે કે બંને આરોપીઓએ પોતાના ખર્ચે કુલ ૧,૭૦૦ વૃક્ષો વાવવા પડશે અને ત્યારબાદ ત્રણ વર્ષ સુધી તેનું જતન તથા રક્ષણ કરવું પડશે. કોર્ટના આદેશ મુજબ બંને આરોપીઓએ ૮૫૦-૮૫૦ વૃક્ષો વાવવાના રહેશે. જેલમાંથી મુક્ત થયાના ૧૫ દિવસની અંદર વૃક્ષારોપણની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

આ કેસ ભાવનગર જિલ્લાના પાલિતાણા રેન્જ ફોરેસ્ટ ઓફિસ હેઠળ આવતા રાજસ્થળી બીટનો છે. અહીં ફરજ બજાવતા ફોરેસ્ટ ગાર્ડ કરશન ગોહિલ અને કલ્પેશ ડાભી સામે લાકડાના કોન્ટ્રાક્ટર સાથે સાંઠગાંઠ કરી ગેરકાયદેસર રીતે વૃક્ષો કપાવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. આરોપ મુજબ બંને ફોરેસ્ટ ગાર્ડે આશરે ૨૫ હજારના અંગત લાભ માટે લાકડાના કોન્ટ્રાક્ટરને ગેરકાયદેસર રીતે વૃક્ષો કાપવાની મંજૂરી આપી હતી. આ રીતે આશરે ૧,૬૯૦ જેટલાં મોટા વૃક્ષોનું નિકંદન કરવામાં આવ્યું હોવાનો કેસમાં આક્ષેપ છે. વૃક્ષોના નિકંદનને કારણે માત્ર હરિયાળીને જ નુકસાન થયું નહોતું, પરંતુ વન્યજીવોના કુદરતી આવાસને પણ અસર થઈ હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

આ મામલો સામે આવ્યા બાદ વન વિભાગે બંને ફોરેસ્ટ ગાર્ડ સામે કાર્યવાહી કરી હતી અને તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ભારતીય વન અધિનિયમ તથા વન્યજીવ સંરક્ષણ સંબંધિત કાયદાની વિવિધ જોગવાઈઓ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. ગુનો નોંધાયા બાદ બંનેની ધરપકડ કરવામાં આવી હતી અને તેઓ જેલમાં હતા. ત્યારબાદ બંને આરોપીઓએ નિયમિત જામીન માટે ગુજરાત હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો.

બંને પક્ષોની દલીલો અને રજૂઆતો સાંભળ્યા બાદ હાઈકોર્ટે બંને આરોપીઓને જામીન આપવાનો નિર્ણય કર્યો. જોકે, કોર્ટે જામીનને માત્ર મુક્તિ સુધી મર્યાદિત ન રાખતા પર્યાવરણને થયેલા નુકસાનની ભરપાઈ તરફ ધ્યાન આપ્યું. કોર્ટે બંને આરોપીઓને મળીને કુલ ૧,૭૦૦ વૃક્ષો વાવવાની શરત મૂકી છે. તેમાં દરેક આરોપીએ ૮૫૦ વૃક્ષો વાવવાના રહેશે.

# PMUની સ્થાપનાથી અનુસૂચિત જાતિના સામાજિક-આર્થિક સશક્તિકરણને મળશે નવી ગતિ

## PMU દ્વારા PM-AJAYનુ વધુ શ્રેષ્ઠ અમલીકરણ, નિયમિત મૉનિટરિંગ અને અસરકારક મૂલ્યાંકન કરવામાં આવશે

ગાંધીનગર,

અનુસૂચિત જાતિના લોકોના સામાજિક-આર્થિક વિકાસ અને સશક્તિકરણની દિશામાં ગુજરાત સરકારે મહત્વનું પગલું ભરતાં ‘પ્રધાનમંત્રી અનુસૂચિત જાતિ અભ્યુદય યોજના (PM-AJAY)’ના અસરકારક અમલીકરણ માટે રાજ્ય કક્ષાએ પ્રોજેક્ટ મૅનેજમેન્ટ યુનિટ (PMU)ની સ્થાપના કરવાનો નિર્ણય કર્યો છે. આ સેં આ યોજનાના અમલીકરણની સાથે સાથે તેના મોનિટરિંગ, સંકલન અને મૂલ્યાંકનને વધુ વ્યવસ્થિત તેમજ અસરકારક બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

સંકલિત વ્યવસ્થાથી યોજનાના અમલીકરણ પર રહેશે અસરકારક નજર

ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા તાજેતરમાં જ જાહેર કરવામાં આવેલી માર્ગદર્શિકા અનુસાર મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે ત્વરિત પગલું ભરી રાજ્ય કક્ષાએ સેંની સ્થાપના તથા તેના માટે એક ઉચ્ચ કક્ષાની સમિતિની રચના કરવાનો નિર્ણય કર્યો છે. કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ આ રાજ્ય કક્ષાના PMUમાં State Social Justice Lead તેમજ State Social Justice Coordinatorsનો સમાવેશ કરવામાં આવશે.

મુખ્યમંત્રીના માર્ગદર્શન તથા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા તથા રાજ્ય મંત્રી ડૉ. મનીષા વકીલના નેતૃત્વમાં વિભાગે ભારત સરકારની ગાઈડલાઈન્સ તથા અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગના નિયામકની દરખાસ્ત મુજબ પ્રોજેક્ટ મૅનેજમેન્ટ યુનિટ (PMU)ની સ્થાપના તથા તેના માટે પસંદગી સમિતની રચના કરવા માટે ગત ૦૬ ઑગસ્ટ, ૨૦૨૬ના રોજ ઠરાવ કર્યો છે. PMU તરીકે આ નવી વ્યવસ્થાથી PM-AJAY હેઠળ હાથ ધરવામાં આવતી કામગીરીની નિયમિત દેખરેખ, વિભાગો વચ્ચે વધુ સારૂ સંકલન અને યોજનાઓની પ્રગતિનું વ્યવસ્થિત મૂલ્યાંકન શક્ય બનશે. આનાથી યોજનાના ઉદ્દેશોને વધુ અસરકારક રીતે પાર પાડી શકાશે.

PMU માટે ગુજરાત સરકારે ઉચ્ચ કક્ષાની પસંદગી સમિતિની રચનાને પણ મંજૂરી આપી છે.

# શ્રાવણ માસમાં પેટીસમાં પણ મિલાવટ! ડઝન નમુના લેવાયા : ૩૭ સ્થળે ચેકીંગ

## ૫૩ કિલો અખાદ્ય માલનો નાશ : પેડક રોડ, ભગવતીપરા, ગુરૂપ્રસાદ ચોક, કોઠારીયા રોડ પર ચેકીંગ ડ્રાઈવ



રાજકોટ:
રાજકોટમાં શ્રાવણ માસમાં ફરાળી આહારનું ધુમ વેંચાણ થઈ રહ્યું છે ત્યારે ફરાળી વાનગી વેંચતી દુકાનો પર તપાસનો નવો રૂટ આરોગ્ય શાખાએ બનાવ્યો છે. છેલ્લા દિવસોમાં ૩૭ પેઢીની તપાસ કરી ૫૩ કિલો અખાદ્ય માલનો નાશ કરવામાં આવ્યો છે, જ્યારે ફરાળી પેટીસ અને લોટના ૧૨ નમુના લઈને લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

સાથે જ પાંચ પેઢીને નોટીસ, રૂા.૬૫૦૦નો દંડ પણ કરવામાં આવ્યા હતા. પેડક રોડ ઓડીટોરીયમ પાસેના મયુર રેસ્ટોરન્ટમાંથી ૧૨ કિલો, કુવાડવા આશ્રમ રોડના મયુર ફરસાણમાંથી પાંચ કિલો પસ્તી, ભવનાથ-૨ શેરી નં.૧૩માં ખોડીયાર પ્રોવિઝન સ્ટોરમાંથી એકસપાયર ડેટ ડીટેલ ૧૬ લીટર કોલ્ડ્રીકસ, ભગવતીપરા પોલીસ ચોકી સામેના ભગવતી ફરસાણમાંથી વાસી લોટ, ગુલાબજાંબુ અને પસ્તી મળી ૧૨ કિલો, ભગવતીપરા-૧૧ના કોર્નર પર આવેલ ચામુંડા ફરસાણમાંથી વાસી ખુલ્લા ફરસાણ અને પસ્તી મળી આઠ કિલો માલનો નાશ કરવામાં આવ્યો છે.

ફૂડ વિભાગે જે જગ્યાએથી ફરાળી લોટ અને પેટીસના નમુના લીધા તેમાં ગોવિંદબાગ શાક માર્કેટ રોડની શ્રી રામ ડેરી, આશ્રમ રોડના મયુર ફરસાણ, ડી માર્ટ ૫૦ ફુટ રોડ પરની શ્રી ન્યુ પટેલ ડેરી, કૃષ્ણનગર મેઈન રોડના ભવાની ગાંઠીયા, ગુરૂપ્રસાદ ચોકના મધુભાઈ ગોરધનભાઈ ચેવડાવાળા, જય સીતારામ ડેરી ફાર્મ, મહાદેવ ફરાળી પેટીસ, ખટ્ટુસ ફાસ્ટફૂડ, અંબાજી કડવા પ્લોટના ઋતુરાજ ફાસ્ટફૂડ, માલવીયાનગર પાસે ગરબી ચોકના દ્વારકાધીશ સીઝન સ્ટોર, ગુરૂપ્રસાદ ચોકના ગોરધનભાઈ ગોવિંદજી ચેવડાવાળા, પેડક રોડના મયુર ભજીયાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત એ-વન સ્પેશ્યલ એગ અને ૧૧ એગને પણ નોટીસ આપી દંડ લેવામાં આવ્યો હતો.શ્રાવણ માસ નિમિતે ફરાળી ખાદ્યચીજોનું વ્યાપક પ્રમાણમાં વેચાણ થતું હોય શહેરમાં ફરાળી પેટીસ તેમજ અન્ય ફરાળી ખાદ્યચીજોનું વેચાણ કરતાં એકમોનું તેમજ તેમાં વપરાશમાં લેવાતી સ્ટાર્ચ-ફરાળી તેમજ ફરાળી રો-મટિરિયલ વપરાશ થાય તે માટે ચેકીંગ ચાલુ કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત કોઠારીયા રોડ વેલનાથ સોસાયટી, વેલનાથ ૩૦ ફુટ રોડ, આનંદ બંગલા ચોક, કૃષ્ણનગર મેઈન રોડ, અંબાજી કડવા મેઈન રોડ, વિજય પ્લોટ-૧૮માં આવેલ ન્યુ ચામુંડા પાન, શકિત ડેરી ફાર્મ, શકિત પ્રોવિઝન સ્ટોર, શકિત પાન, મોમાઈ ડેરી, ચામુંડા પાન, શિવશકિત સ્વીટ, મોમાઈ ડેરી, જય જલારામ ડેરી, શ્રી શકિત પ્રોવિઝન સ્ટોર, રાજકમલ વેફર, હરિકૃષ્ણ બેકરી, રામેશ્વર ડેરી, રામેશ્ર્વર ફરસાણ, પટેલ ફરસાણ, શ્રીનાથજી ફૂડ ઝોન, મોમાઈ ફરસાણ, બાલાજી ફરસાણ, બાલાજી પેટીસ ખાતે તપાસ કરવામાં આવી હતી.

# રાજકોટ મનપાની રૂા.૧૩૫.૩૬ના બદલે હવે ડિસ્કાઉન્ટ સાથે ૯૬.૯૭ના ભાવે ડિઝલ ખરીદવા દરખાસ્ત

## ફાયર સેવાઓને 'ડાયલ-૧૧૨' સાથે જોડવા સહિતના ૧૫ પ્રસ્તાવો



રાજકોટ:
રાજકોટ મહાપાલિકાની સ્ટે.કમીટીની મીટીંગ ચેરમેન પરેશ પીપળીયાએ બોલાવી છે. મનપા દ્વારા હાલ કન્ઝ્યુમર રેટથી રૂા.૧૩૫.૩૬ પ્રતિ લીટરના ભાવે ખરીદવામાં આવતા ડિઝલના બદલે બજારમાં સ્પર્ધાત્મક ભાવ રૂા.૯૬.૯૭ લેખે ખરીદવાની પ્રક્રિયા મંજૂર કરવા કમિશનર દ્વારા દરખાસ્ત કરવામાં આવી છે. આ માટે આવતીકાલની મીટીંગમાં એજન્સીને કોન્ટ્રાકટ અપાઈ જાય એટલે મનપાને મહિને રૂા.૪૦ લાખનો ફાયદો થવાની ધારણા છે.

મીટીંગના એજન્ડા પર કુલ ૧૫ દરખાસ્ત છે. ફાયર વિભાગની સેવાઓને સરકારના જનરલ નંબર-૧૧૨માં ઈન્ટીગ્રેટેડ કરવા ૨.૭૬ કરોડના ખર્ચે એજન્સીને કામ આપવા સહિતની બાબતોનો સમાવેશ થાય છે.

કોર્પો. દ્વારા વર્ષોથી સરકારના પરિપત્ર મુજબ કન્ઝ્યુમર રેઈટથી ડીઝલની ખરીદી કરવામાં આવે છે. રિટેલ બજાર ભાવ પ્રતિ લિટર ડીઝલના રૂ. ૯૭.૬૯ છે. જેની સામે કન્ઝ્યુમર રેઈટથી રૂ. ૧૩૫.૩૬ લેખે ખરીદી કરવામાં આવે છે. નવી બોડીએ શાસન સંભાળ્યા બાદ કન્ઝ્યુમર રેટના મોંઘા ડિઝલના બદલે બજારમાં મળતા સસ્તા ભાવે ઈંધણ ખરીદવા ઈરાદો દર્શાવ્યો હતો.

કોપો. દ્વારા પોતાના પમ્પમાંથી કરાતી મોંઘી ખરીદી બંધ કરવા અને બજાર ભાવે માલ લેવા સ્થાયી સમિતિએ જાતે ઠરાવ કરીને કમિશનરને મોકલ્યો હતો. તે બાદ ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી હતી. કોર્પો.ના વાહનો માટે રીટેલ રેટથી ડિઝલ ખરીદવા કાર્યવાહી હાથ ધરાતા મે.શિવાય ફયુલ દ્વારા બજાર કરતા વધુ ૭૨ પૈસા પ્રતિ લીટર નીચા ભાવે ઈંધણ આપવા ઓફર આપવામાં આવી છે. આ એજન્સીને કોન્ટ્રાકટ મંજૂર કરવામાં આવે એટલે તિજોરીને ફાયદો થાય તેમ છે.

સ્ટે.કમિટીની પ્રથમ બેઠકમાં જ મોંઘા ડિઝલની ખરીદી બંધ કરવા ઈરાદો વ્યકત કરવામાં આવ્યો હતો. આ બાદ ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં આવ્યા હતાં. હાલ કન્ઝ્યુમર રેઈટ મુજબ આઈઓસી પાસેથી પ્રતિલિટર ડીઝલ રૂ. ૧૩૫.૩૬ મુજબ ખરીદવામાં આવે છે. જ્યારે રિટેલ રેઈટ રૂા.૯૭.૬૯ છે. એટલે કે, બન્ને વચ્ચે રૂા. ૩૭.૬૭નો તફાવત હોય રોજ ૧.૩૪ લાખનો વધુ ઈંધણ ખર્ચ થાય છે.

ટેન્ડરમાં આવેલી એજન્સી દ્વારા રૂા.૯૭.૬૯ના બજાર ભાવમાં પણ ૭૨ પૈસાનું ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. એટલે કે, હાલ જે ડીઝલની ખરીદી પ્રતિ લિટર કોર્પોરેશન દ્વારા ૧૩૫.૩૬ મુજબ કરવામાં આવે છે. જે હવે ૯૬.૯૭ રૂપિયાથી કરીદવામાં આવશે. પ્રતિદિન આશરે ૩૫૦૦ લીટર ડીઝલના ઉપયોગ પરથી મનપાને ઈંધણ ખર્ચમાં ટેકો થશે. આટલા સમયમાં એક વખત તો કન્ઝ્યુમર પમ્પ અને બજાર ભાવ નજીક પણ આવી ગયા હતા.

બેઠકમાં ૧૪ દરખાસ્તો એજન્ડા પર છે. રેસકોર્સ સંકુલ સ્થિત લોક વિજ્ઞાન કેન્દ્રના કેમ્પસમાં ઓડીટોરિયમમાં નવીનીકરણ માટે રૂા. ૧.૨૪ કરોડ, વોર્ડ નં. ૫ માં ભુગર્ભ ગટર ફરિયાદ નિકાલનો કોન્ટ્રાક્ટ આપવા માટે રૂા.૨૫.૪૪ લાખ, વોર્ડ નં. ૧૮ માં ઓમ રેસીડન્સીથી કોઠારિયા મેઈન રોડ સુધી સ્ટ્રોમ વોટર પાઈપલાઈન લાખવા માટે રૂા. ૨.૮૧ કરોડ, સેન્ટ્રલ ઝોનના અલગ અલગ વિસ્તારોમાં ગાર્ડન જાળવણીનો કોન્ટ્રાક્ટ આપવા ૧.૩૦ કરોડ, ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગની સેવાઓને ડાયલ - ૧૧૨ સાથે ઈન્ટ્રીગેટર સેવા સાથે જોડાણ કરવા આર્યા ઓમનીટોક વાયરલેશ કોમ્યુનિકેશનને રૂા. ૨.૭૬ કરોડનો કોન્ટ્રાકટ આપવા, પોપટપરા ડ્રેનેજ પમ્પીગ સ્ટેશનનું ઓગમેન્સન્સ સાથે બે વર્ષનો કોન્ટ્રાક્ટ આપવા રૂા. ૨.૭૬ કરોડની બાબતોનો સમાવેશ થાય છે.

# રાજકોટના ગંભીર ટ્રાફિક પ્રશ્નનો પોલીસ બાદ મનપા સંકલનમાં પણ પડઘો પડયો



રાજકોટ:
મહાપાલિકામાં કમિશનર, ધારાસભ્યો, નાયબ કમિશનરોની હાજરીમાં મળેલી સંકલનની બેઠકમાં દર વખતની જેમ બંને ધારાસભ્યોએ રાજકોટના ટ્રાફિક પ્રશ્ન, ઢોરના ત્રાસ, દબાણો સહિતની બાબતો પર ધ્યાન દોર્યુ હતું. કમિશનરે બનાવેલા પોર્ટલ પર આ સૂચનો અપલોડ કરવામાં આવ્યા હતા.

ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા અને ડો.દર્શિતાબેન શાહે રાજકોટના જુદા જુદા રસ્તાના ટ્રાફિક અને દબાણના પ્રશ્નો રજૂ કર્યા હતા. પોલીસ અને મનપા તંત્ર આ માટે સંકલન કરીને ટ્રાફિક સિગ્નલ, દબાણો સહિતના પ્રશ્નો ઉકેલવા આયોજન તૈયાર કરે તેવું સૂચન કર્યુ હતું. રમેશભાઈ ટીલાળાએ કહ્યું હતું કે, ઘણા રસ્તા પર ટ્રાફિક કંટ્રોલની વધુ જરૂર છે. આ માટે જરૂર પડે તો પોલીસ પણ વધુ સ્ટાફ ફાળવશે.મનપા દ્વારા દુર કરાતા દબાણોની જગ્યા ફરી દબાણો ન થાય તે જોવા પણ અધિકારીઓને તાકીદ કરી હતી. ખાસ કરીને તેઓએ રાજકોટમાં શ્વાનોના ત્રાસ અને તે દુર કરવા કોર્પો. દ્વારા કરાતી કાર્યવાહીની માહિતી લીધી હતી. પનીર સહિત ફૂડ ચકાસણીમાં ફરિયાદ સહિતની શું કાર્યવાહી કરવામાં આવે છે તેનો જવાબ ધારાસભ્યએ લીધો હતો.ડો.દર્શિતાબેન શાહે કન્વેન્સન સેન્ટર સહિતના પ્રોજેકટની વિગતો જાણી હતી. તેઓએ પણ ત્રિકોણબાગ, રૈયા રોડ, સાધુ વાસવાણી રોડના ટ્રાફિક અને દબાણના પ્રશ્નોનો સંયુકત રીતે ઉકેલ લાવવા ધ્યાન દોર્યુ હતું. પોપટપરા નાલામાં હવે પાણી ન ભરાય તે માટેના આયોજનની ચર્ચા પણ કરી હતી.

કમિશનર તુષાર સુમેરાની અધ્યક્ષતામાં મળેલી મીટીંગમાં રજુઆતોનું સત્વરે નિરાકરણ લાવવા અધિકારીઓને સુચના આપી હતી. કોર્પો.એ ધારાસભ્યો માટે ઓનલાઈન પોર્ટલ/ડેશબોર્ડ બનાવ્યું છે, જેમાં તમામ કોઈપણ સ્થળે બેઠા-બેઠા રજૂઆત કરી શકે છે. સાથોસાથ લગત ફોટો પણ અપલોડ કરી શકે છે.

ડેશબોર્ડમાં તેનું મોનીટરીગ પણ કરી શકાય છે. બંને ધારાસભ્યોએ બાંધકામ, ટ્રાફિક એન્ડ ટ્રાન્સપોર્ટ, ટાઉન પ્લાનિંગ, એસ્ટેટ, પ્રાણી રંજાડ, ફૂડ લાઈબ્રેરી અને દબાણ હટાવ શાખા લગત પ્રશ્નો મુકયા હતા. આ બેઠકમાં ડે.કમિશ્નરો પથિક પટેલ, ચેતન નંદાણી, હર્ષદ પટેલ, સમીર ધડુક તેમજ તમામ શાખાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ૧૫૦૦થી વધુ વેપારીઓ અને ઉત્પાદકોને જીએસટીની આડેધડ નોટીસોથી દેકારો

રાજકોટ:
તહેવારોનો સમયગાળો સાવ નજીક આવી ગયો છે. બરોબર ત્યારે જ રાજકોટ જીએસટી વિભાગે વેપારીઓ સામે નોટીસોનું શસ્ત્ર ઉગામ્યું છે અને વર્ષ ૨૦૨૨-૨૩ની ૧૫૦૦થી વધુ વેપારીઓને આડેધડ નોટીસો ફટકારી વેરાની પઠાણી ઉઘરાણી કરતા વેપારી વર્ગમાં રોષની લાગણી છવાઈ છે.

રો-મટીરીયલની ખરીદીને સેક્શન ૧૭ (૫ )ની ખરીદી ગણી જેને બ્લોક આઈટીસી ની ખરીદી કહેવાય છે, વેપારીઓને કોઈપણ પૂર્ણ ચકાસણી વગર આડેધડ નોટિસ ફટકારતું જીએસટી.આવી ખરીદીમાં રો મટીરીયલ તરીકે લોખંડ, સ્ટીલ, ઈલેક્ટ્રોનિક, પેઈન્ટ, પ્લાયવુડ, સિમેન્ટ, વરક કોન્ટ્રાક્ટ વગેરેનો સમાવેશ થાય છે.માત્ર ખરીદીના એચએસએન કોડ પરથી નોટિસ ફટકરવામાં આવી છે સામું વેચાણના જાવક એચએસએન કોડ ડિપાર્ટમેન્ટ એ ચકાસીયા નથી. જો આ ચકાસણી થઈ હોત તો નોટિસ ઈસ્યુ કરવામાં ઘણો ઘટાડો હોત.

તે ઉપરાંત - અને વેચાણ રિટર્ન એટલે કે જીએસટીઆર વનનું કમ્પેરીઝન કરી અને નોટિસ ફટકારવામાં આવી છે દરેક માલની મુવમેન્ટ માં ઈવે બિલ ફરજિયાત હોતું નથી દરેક કોમોડિટીમાં ઈવેબેલ ફરજિયાત નથી ૫૦૦૦૦ની ઉપરનો વેચાણ અને લાગુ પડતું કોર્પોરેશનની હદની બહાર જો વેચાણ હોય તોજ ઈવે બિલ ફરજિયાત છે.જેથી કરીને જો વેચાણના આંકડા સાથે ઈવેબલની સરખામણી થાય તે યોગ્ય નથી.

હવે આ તમામ વ્યવહારો જે વેપારીઓને નોટિસ મળી છે તેમને સાબિત કરવા ડિપાર્ટમેન્ટના ધક્કા ખાવા પડશે અથવા ઓનલાઈન જટિલ પ્રક્રિયા નો સામનો કરવો પડશે.વધુમાં વેપારીઓ અને ટેક્સ કન્સલટન્ટોનાં જણાવ્યા અનુસાર ખાસ કરીને ખોટી વેરા શાખ લીધી હોય, રિટર્નમાં મિસ મેચ હોય તથા નિયત કરતા ઓછો વેરો ભરેલો હોય તેવા મુદ્દાઓ ઉઠાવી વેપારીઓને સાંભળ્યા વિના જ નોટીસો ફટકારી હોય, તહેવારો ટાઈમે જ વેપારી વર્ગ કચેરીના ધક્કા ખાવા મજબૂર બન્યો છે.

# સાયલાનો શખ્સ ચાર પિસ્તોલ અને તમંચા સાથે ઝડપાયો

## અગાઉ પકડાયેલ છોટા ઉદેપુરના રીપલા ઉર્ફે વિપુલે હથિયાર સપ્લાય કર્યા' તા

રાજકોટ:
હથિયાર સપ્લાયની ચેનલ પર ક્રાઈમ બ્રાન્ચની ટીમે વધું એક પ્રહાર કર્યો છે. જેમાં માલીયાસણ ચોકડી પાસેથી સાયલાના શખ્સને ચાર પિસ્તોલ અને તમંચા સાથે પકડી પાડી કાર્યવાહી કરી હતી.

શહેર વિસ્તારમાં અગાઉ ગેરકાયદેસર હથિયારોના કેસમાં પકડાયેલ આરોપીઓને ચેક કરી ગેરકાયદેસર હથિયાર મળી આવે તી કાયદેસરની કાર્યવાહી કરવા તેમજ શહેરમાં ગેરકાયદેસર હથિયારો ધરાવતા શખ્સો અંગે માહિતી મેળવી વધુમાં વધુ ગેરકાયદેસર હથિયારો શોધી કાર્યવાહી કરવાની પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી ચૈતન્ય મંડલીક, ડીસીપી (ક્રાઈમ) જગદીશ બાંગરવા, એસીપી (ક્રાઈમ) ભરત બસીયાએ આપેલ જરૂરી સુચનાઓથી ક્રાઈમ બ્રાન્ચની અલગ અલગ ટીમો બનાવી ટીમો તપાસમાં હતી.ત્યારે પીએસઆઈ એ.એન.પરમાર તથા ટીમ પેટ્રોલીગમાં હતા દરમ્યાન હેડ કોન્સ્ટેબલ જયદેવસિંહ પરમાર,




હરસુખભાઈ સબાડ તથા મોહિલરાજસિંહ ગોહિલને ખાનગી રાહે ચોક્કસ હક્કિત મળેલ કે, અગાઉ ક્રાઈમ બ્રાન્ચ પોલીસ સ્ટેશનના હથીયારના ગુન્હામાં પકડવાના બાકી આરોપી ધીરા મોહન કુકડીયા રાજકોટ તરફ આવે છે, જે બાતમીના આધારે ટીમે માલીયાસણ ચોકડી પાસે વોચ ગોઠવી સોખડા ચોકડી તરફ જતા રસ્તા ઉપરથી આરોપી ધીરા મોહન કુકડીયા (ઉ.વ.૪૦ રહે.ગરાંભડી ગામ, સાયલા) ને પકડી પાડી આરોપી પાસેથી અન્ય ગેરકાયદેસર હથીયારો જેમાં દેશી બનાવટની પિસ્ટલો નંગ-૦૨ તથા દેશી બનાવટના તમંચા નંગ-૦૨ મળી કુલ-૦૪ હથીયાર કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. આ ગુન્હામાં અગાઉ ૦૪ હથીયારો તેમજ હાલ અન્ય ૦૪ હથીયારો મળી કુલ-૦૮ હથીયારો પકડી પાડવામાં આવેલ છે.વધુમાં પોલીસ સુત્રોમાંથી મળતી વિગત મુજબ, અગાઉ વિજય મસરૂ બાવળીયા (ઉવ.૩૧ રહે. ઢીકવાળી, સાયલા) અને રીપલા ઉર્ફે વિપુલ કાગડીયા રાઠવા (ઉવ.૪૧, રહે.ગામ ગાંઠીયા, છોટાઉદેપુર)ને પકડી તેની પાસેથી દેશી બનાવટની પિસ્તોલ નંગ-૩ તથા દેશી બનાવટનો તમંચો નંગ-૧ કબ્જે કરવામાં આવેલ હતાં. જેમાંથી રીપલા ઉર્ફે વિપુલે ચાર હથિયાર ધીરા કુકડીયાને આપ્યાની કબૂલાત આપતાં તેને પણ પકડી આ હથીયાર ક્યાં સપ્લાય કરવાના હતાં તે અંગેની વિગત સામે લાવવા રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરાઈ છે.

# કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ સુપેડી ખાતે બે ટ્રેનના વધારાના સ્ટોપેજનો શુભારંભ કરાવ્યો

## પોરબંદર-ભાવનગર પેસેન્જર અને રાજકોટ-પોરબંદર દૈનિક એક્સપ્રેસ ટ્રેન સુપેડી સ્ટોપ કરશે

રાજકોટ:
કેન્દ્રીય શ્રમ અને રોજગાર, યુવા બાબતો અને રમતગમત મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાએ આજે ધોરાજીના સુપેડી રેલવે સ્ટેશન ખાતે પોરબંદર-રાજકોટ દૈનિક એક્સપ્રેસ અને પોરબંદર-ભાવનગર પેસેન્જર ટ્રેનોના વધારાના સ્ટોપેજનો શુભારંભ કરાવ્યો હતો.

કેન્દ્રીય મંત્રીશ્રી અને અન્ય મહાનુભાવોએ બંને ટ્રેનને લીલીઝંડી આપી હતી.

આ તકે કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાએ જણાવ્યું હતું કે, સુપેડીના ગ્રામજનોની માગણીને સ્વીકારીને સરકાર દ્વારા વધારાની ટ્રેનનાં સ્ટોપેજને મંજૂરી આપવામાં આવી છે. આ ટ્રેન સમયસર તેમજ ભાડું સસ્તું હોવાથી નોકરિયાતો, ધંધા વ્યવસાય સાથે જોડાયેલા લોકો, વિદ્યાર્થીઓને શિક્ષણ માટે આવાગમન માટે ટ્રેન ખૂબ જ મહત્વની અને ઉપયોગી બનશે.

કેન્દ્રીય મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, ટ્રેનની મુસાફરીથી સમય અને પૈસાની બચત થાય તેમજ અકસ્માત અને ટ્રાફિકની સમસ્યાથી મુસાફરોને રાહત મળતી હોવાથી તમામ મુસાફરો માટે ટ્રેનની મુસાફરી ખૂબ જ સરળ અને વ્યાજબી મુસાફરી બની રહેશે.




કેન્દ્રીય મંત્રીશ્રીએ વિશેષમાં જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ટ્રેન કનેક્ટિવિટી સાથે જનસુખાકારી અને જનસુવિધામાં વધારો કરવા સરકાર કટિબદ્ધ છે. આ તકે તેમણે સુપેડી અને આસપાસનાં ગ્રામજનો અને રેલવે કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા.

રેલવેના વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ આ તકે સુપેડી ખાતે સ્ટોપ થનાર ટ્રેનોની જાણકારી આપી હતી. જેમાં ટ્રેન નંબર ૧૯૫૭૧/૧૯૫૭૨ રાજકોટ-પોરબંદર-રાજકોટ દૈનિક એક્સપ્રેસ તથા ટ્રેન નંબર ૫૯૫૫૭/૫૯૫૬૦ પોરબંદર-ભાવનગર-પોરબંદર પેસેન્જરને સુપેડી રેલવે સ્ટેશન પર પ્રાયોગિક ધોરણે વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે.

સુપેડી સ્ટેશન પર ટ્રેનોના આગમન/પ્રસ્થાનનો સમય:

- ટ્રેન નંબર ૫૯૫૫૭ પોરબંદર-ભાવનગર પેસેન્જર આગમન સમય ૦૯:૦૯ કલાકે, પ્રસ્થાન ૦૯:૧૦ કલાકે.
- ટ્રેન નં. ૫૯૫૬૦ ભાવનગર-પોરબંદર પેસેન્જર આગમન ૧૯:૩૨ કલાકે તેમજ પ્રસ્થાન ૧૯:૩૩ કલાકે.
- ટ્રેન નં. ૧૯૫૭૧ રાજકોટ-પોરબંદર દૈનિક એક્સપ્રેસ આગમન ૦૯:૨૫ કલાકે, પ્રસ્થાન ૦૯:૨૬ કલાકે.
- ટ્રેન નં. ૧૯૫૭૨ પોરબંદર-રાજકોટ દૈનિક એક્સપ્રેસ ટ્રેન આગમન ૧૮:૧૨ કલાકે તેમજ પ્રસ્થાન ૧૮:૧૩ કલાકે રહેશે.

આ વધારાના સ્ટોપેજથી સુપેડી તથા આસપાસના વિસ્તારોના મુસાફરોને રાજકોટ, પોરબંદર, ભાવનગર સહિત વિવિધ ગંતવ્યો માટે વધુ સારી રેલ કનેક્ટિવિટી તથા સુવિધાજનક મુસાફરીનો લાભ મળશે.

# ફ્રોડ : માર્ગ અને મકાન વિભાગના નિવૃત કર્મીના બેંક એકાઉન્ટમાંથી ૯૫ હજાર ટ્રાન્સફર થઈ ગયા

રાજકોટ:
સાયબર ફ્રોડના બનાવમાં સતત વધારો થઈ રહ્યો છે, ત્યારે વધુ એક ઘટના સામે આવી છે. માધાપર સર્કલ પાસે ધ સ્પેસ બિલ્ડિંગમાં રહેતા નિવૃત્ત સરકારી કર્મચારીના બેંક એકાઉન્ટમાંથી રૂ.૯૫ હજાર અન્યના એકાઉન્ટમાં ટ્રાન્સફર થઈ ગયા હતા. પ્રૌઢે ગુગલ પેમાં ચેક કરતા પ્રિન્સ સીધ નામના ટ્રાન્જેક્શન આઈડીથી આ રકમ ડેબિટ થયાનું માલુમ પડ્યું હતું. જેથી તેમણે આ અંગે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.બનાવ અંગે માધાપર સર્કલ મોરબી રોડ બ્રીજ સાઈડ રોડ પર ધ સ્પેસ એપાર્ટમેન્ટ વિંગ- બીમાં રહેતા દિનેશભાઈ હિંમતલાલ નિમાવત (ઉ.વ.૫૮) એ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પ્રિન્સ સિંધનું નામ આપી જણાવ્યું હતું કે, નવ વર્ષ પહેલાં જામનગર રોડ એન્ડ બિલ્ડીંગ ડિવિઝનમાં ફરજ બજાવતા હતા અને હાલ નિવૃત જીવન પસાર કરે છે અને જામનગરમાં બેન્ક એકાઉન્ટ ધરાવે છે.ગઈ તા. ૩૬-૦૫ ના સવારના રોજ સવારના ગુગલ પે ચેક કરતા ગુગલ પેમાંથી ૧૧:૪૪ વાગ્યે પ્રિન્સ સીંધ નામના ટ્રાન્જેક્શન આઈડીથી ૯૬ હજારનું ડેબિટ ટ્રાન્જેક્શન થયાનું માલુમ પડ્યું હતું. ત્યારબાદ પ્રૌઢને ખ્યાલ આવ્યો હતો કે, તેમની સાથે ફ્રોડ થયું છે.જેથી તેમણે જે તે સમયે સાયબર ક્રાઈમ હેલ્પલાઈનમાં અરજી કરી હતી. આમ પ્રૌઢના પીએનબીના એકાઉન્ટમાં લિંક ગુગલ પેમાંથી પ્રિન્સ સીંધ નામના શખસે ટ્રાન્જેક્શન આઈડીથી ૯૫ હજાર ઓનલાઈન ટ્રાન્સફર કરી લઈ છેતરપિંડી કરી હોય આ અંગે તેમણે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# વિનય જસાણીએ ૧૬૩મી વખત રક્તદાન કર્યું



રાજકોટ:
સૌરાષ્ટ્રના મેડિકલ હબ ગણાતા રાજકોટ ખાતે સિવિલ હોસ્પિટલના થેલેસેમિયા પીડિત બાળકો તેમજ જરૂરિયાતમંદ દર્દીઓની મદદ અર્થે જૈન સોશ્યલ ગ્રુપ રાજકોટ-એલીટ તથા એલીટ સંગીની દ્વારા શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી ૭મા મહારક્તદાન કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં હોસ્પિટલમાં રક્તની અછત નિવારવાના શુભ આશયથી વિક્રમજનક ૧૪૦૪ યુનિટ બોટલ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. આ કેમ્પનું મુખ્ય આકર્ષણ શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી રહ્યા હતા, જેમણે થેલેસેમિયા પીડિત બાળકો માટે ૧૬૩મી વખત રક્તદાન કરી અનન્ય પ્રેરણા પૂરી પાડી હતી.

# સ્ટ્રીટ લાઈટસની ફરિયાદો ઉકેલવા મનપા હવે વીજ કંપની સાથે સંકલન કરશે

રાજકોટ:
મ્યુનિ. કોર્પોરેશનની રોશની શાખાના ચેરમેન પરેશ ઠાકર સહિતના સભ્યો દ્વારા દરેક વોર્ડમાં તા.૨૦-૭ થી ૧૨-૮ સુધી શેરીએ શેરીએ પહોંચી સ્ટ્રીટ લાઈટ ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં નાગરિકોએ ૧૮૦ જેટલી ફરિયાદો રજૂ કરી હતી.

દરરોજ રાત્રે ૯ થી ૧૧ વોર્ડ ઓફિસે ફરિયાદ સાંભળી પેન્ડીગ ફરિયાદ અને ટેકનીકલ એરર સહિતના પ્રશ્ર્નોનો નિકાલ કરવામાં આવ્યો હતો. જુદા જુદા ગાર્ડનોની લાઈટ, સ્મશાનની લાઈટ, માઠા પ્રસંગે ન્હાવાના બાથરૂમની એસેસરીઝ, કોમ્યુનિટી હોલની લાઈટીંગ, એ.સી.ની ચકાસણી કરવામાં આવી હતી.

રોશની સમિતિ હસ્તકના અંદાજે સમગ્ર રાજકોટમાં ૯૦ હજારથી વધારે લાઈટ પોલ, હાઈમાસ્ટ આવેલ છે, વધુ વિસ્તારમાં આવી લાઈટસની રજુઆતો આવી છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1 / 6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

# ન્યાયતંત્રની ગરિમા અને રાજકીય આરોપોની આડમાં સત્યની શોધ

આજકાલ દેશની સર્વોચ્ચ અદાલતમાં એક એવો કેસ ચર્ચામાં છે, જેણે રાજકારણ અને ન્યાયતંત્ર બંનેને એકસાથે ચકાસણી હેઠળ મૂક્યાં છે. કોંગ્રેસ સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ આય કરતાં વધુ સંપત્તિ ( ડિસપ્રોપોર્શનેટ એસેટ્સ ) ના આરોપસર ચાલી રહેલો કેસ હાલમાં સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. અલ્હાબાદ હાઈકોર્ટે આ મામલે તપાસ એજન્સીઓ છે સીબીઆઈ અને ઈડીને તપાસ કરવાનો આદેશ આપ્યો હતો, જેની સામે રાહુલ ગાંધીએ સર્વોચ્ચ અદાલતમાં અરજી કરી છે. હાલ પૂરતું સર્વોચ્ચ અદાલતે તેમને વચગાળાની રાહત આપતાં હાઈકોર્ટની આગામી સુનાવણી ઉપર રોક લગાવી છે, અને સંબંધિત પક્ષોને નોટિસ પણ ફટકારી છે.આ ઘટનાક્રમ માત્ર એક વ્યક્તિ કે એક પક્ષ પૂરતો મર્યાદિત નથી; તે આપણા લોકતંત્રના પાયાના સિદ્ધાંતો જેવા કે ન્યાયતંત્રની સ્વતંત્રતા, કાયદાનું શાસન અને નિર્દોષતાની ધારણા સાથે સીધો સંબંધ ધરાવે છે. જ્યારે પણ કોઈ મોટા રાજકીય નેતા સામે તપાસ કે કાનૂની કાર્યવાહી શરૂ થાય છે, ત્યારે તરત જ બે વિરોધાભાસી મંતવ્યો સામે આવે છે. એક તરફ એવો દાવો કરવામાં આવે છે કે આ કાર્યવાહી શાસક પક્ષ દ્વારા વિરોધીઓને દબાવવાનું રાજકીય હથિયાર છે, જ્યારે બીજી તરફ એવી દલીલ કરાય છે કે કાયદો બધા માટે સમાન છે અને કોઈ પણ વ્યક્તિ પછી ભલે તે ગમે તેટલો ઉચ્ચ પદ પર હોય તપાસથી ઉપર ન હોવો જોઈએ.આ બંને દલીલોમાં પોતપોતાની રીતે તથ્ય રહેલું છે. ભારતના ઇતિહાસમાં એવા અનેક ઉદાહરણો છે જ્યાં તપાસ એજન્સીઓનો ઉપયોગ રાજકીય પ્રતિસ્પર્ધીઓ સામે થયો હોવાની ફરિયાદો ઉઠી છે આ ફરિયાદ કોઈ એક પક્ષ પૂરતી મર્યાદિત નથી, સત્તામાં રહેલા લગભગ દરેક પક્ષ સામે આવો આરોપ ક્યારેક ને ક્યારેક લાગ્યો છે. તેની સામે, એ પણ એટલું જ સાચું છે કે માત્ર કોઈ નેતા વિરોધ પક્ષનો છે એ કારણસર તેને તપાસમાંથી મુક્તિ ન મળી શકે. લોકતંત્રમાં જવાબદારી (accountability) એ પદ કે પક્ષ જોયા વગર લાગુ પડવી જોઈએ.આ સંદર્ભમાં સર્વોચ્ચ અદાલતની ભૂમિકા સૌથી મહત્ત્વની બની જાય છે. ન્યાયતંત્રનું કામ એ છે કે તે ન તો રાજકીય દબાણમાં આવે, ન તો કોઈ પણ પક્ષ પ્રત્યે પૂર્વગ્રહ રાખે. વચગાળાની રાહત આપવી અને તમામ સંબંધિત પક્ષોને પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપવી આ ન્યાયિક પ્રક્રિયાનો સ્વાભાવિક અને જરૂરી ભાગ છે. તેને કોઈ પણ પક્ષની જીત કે હાર તરીકે જોવું ઉતાવળિયું ગણાશે. હજુ આ કેસમાં અંતિમ નિર્ણય આવવાનો બાકી છે, અને ત્યાં સુધી કોઈ પણ તારણ કાઢવું ન્યાયોચિત નહીં ગણાય.

જોકે, આ સમગ્ર પ્રકરણમાંથી એક વ્યાપક પ્રશ્ન ઊભો થાય છે.શું આપણી તપાસ એજન્સીઓ ખરેખર સ્વતંત્ર રીતે કામ કરી શકે છે? જ્યારે પણ કોઈ મોટા નેતા સામે તપાસ શરૂ થાય છે, ત્યારે તેની સમયરેખા ( ટાઇમિંગ ) ઉપર સવાલ ઉઠવો સ્વાભાવિક છે, ખાસ કરીને જો તે કોઈ ચૂંટણી કે મહત્ત્વના રાજકીય ઘટનાક્રમની આસપાસ હોય. તેની સાથે જ, જો દરેક તપાસને માત્ર "રાજકીય કાવતરું" ગણીને ફગાવી દેવામાં આવે, તો ભ્રષ્ટાચાર સામેની લડાઈ જ નબળી પડી જાય. આથી જરૂરી એ છે કે તપાસ પ્રક્રિયા પારદર્શક હોય, પુરાવા આધારિત હોય અને ન્યાયતંત્રની દેખરેખ હેઠળ ચાલે જેથી ન તો દોષિતોને છટકવાનો મોકો મળે, ન તો નિર્દોષોને હેરાન કરવામાં આવે.નાગરિકો તરીકે આપણી જવાબદારી એ છે કે આપણે આવા કેસોને રાજકીય ચશ્માંથી નહીં, પણ કાનૂની અને બંધારણીય દૃષ્ટિકોણથી જોઈએ. મીડિયા અને સોશિયલ મીડિયા પર ઘણી વખત આવા કેસોનું અધકચરું અર્થઘટન કરીને લોકોના મનમાં પૂર્વગ્રહ ઊભો કરવામાં આવે છે, જે ન્યાયિક પ્રક્રિયા માટે નુકસાનકારક છે.

## રળિયામણા રસ્તે જીવનનો ધબકાર



ક્લિક કોર્નર
-જયદીપ એન. ઠાકર

ચોમાસાની હરિયાળીથી ભીંજાયેલો આ શાંત ગ્રામ્ય રસ્તો જાણે પ્રકૃતિના ખોળામાંથી પસાર થતી કોઈ જીવંત કેડી બની ગયો છે. બુધેલથી નજીક આવેલા લાખણકાના આ રસ્તાની બંને બાજુ ઊગી નીકળેલી લીલીછમ વનરાજી, વડવાઈઓની લટકતી જટાઓ અને ભીનાશથી મહેકતી ધરતી સમગ્ર દ્રશ્યને એક અનોખી તાજગી અર્પે છે. તેની વચ્ચેથી પસાર થતું ઘેટાં-બકરાંનું વૃંદ તથા તેમની વચ્ચે ચાલતી બે ગ્રામ્ય સ્ત્રીઓથી આ દ્રશ્યમાં જોવા મળે છે તો માત્ર માટીની સુગંધ, લીલોતરીની ઠંડક અને પશુઓના પગલાં સાથે ધબકતું ગામડાનું નિખાલસ જીવન.

# વરસાદની મોસમમાં સ્વાસ્થ્ય સંભાળ

હેલ્થ ટીપ્સ



આકાશમાં કાળા વાદળા છવાઈ ગયાં છે અને વીજળીના કડાકા તથા વાદળાના ગડગડાટ થઈ રહ્યાં છે. પણ ચિંતા કરો નહીં. આ સિઝનમાં અચાનક આવી જતી બીમારીઓ સામે પૂરી તૈયારી કરી લો.

સામાન્ય સમસ્યાઓઃ શરદી, ખાંસી, તાવ અને મલેરિયા જેવો રોગો સામાન્યપણે આ ઋતુમાં જોવા મળે છે. તેની પાછળનું મહત્ત્વનું કારણ છે, વરસાદમાં પલળવું જે તમને ગળતું નાક લઈ પથારીમાં સુવડાવી દે છે. ઉપરાંત, રાત્રિના સમયે હવામાં રહેતા બેક્ટેરિયા પણ અસર કરે છે. લાંબા, ભીના વાળને કારણે પણ શરદીના વાયરસ અને સાયનસ થતું સ્ત્રીઓમાં જોવા મળે છે. અને જો તમારા ઘરની આસપાસ પાણીના ખાબોચિયાં ભરાયેલા હોય તો મેલેરિયા થવાની શક્યતા વધી જાય છે.

સાવચેતીઃ આ ઋતુમાં શરીરનું ખાસ રક્ષણ જરૂરી છે. તેથી જો તમે ડાયેટિંગ કરવા ઓછો ખોરાક ખાતા હો તો તમારું ડાયેટિંગ બંધ કરો. શરીરનું વજન વધુ ઝડપથી ઘટે તો પણ તેનાથી અવળી અસર થઈ શકે છે. જો તમારા ઘરમાં એરકંડીશનર હોય તો તેને વરસાદની ઋતુ શરૂ થતા પહેલાં જ સાફ કરાવી લો. તેમાં ભેજ અને પાણીને કારણે બેક્ટેરિયા અને ફૂગ ઉત્પન્ન થઈ શકે છે. વાસી ખોરાક ખાવાનું ટાળો. ઠંડા પીણા પણ પીવા નહીં. બને તો ચા, કોફી અને ગરમ સૂપ જેવી વસ્તુઓ પીવાનું રાખો. એ વાતની ખાતરી કરી લોકે તમારા ઘરની આસપાસ પાણીના કોઈ ખાબોચિયાં નથી.

ગંભીર સમસ્યાઓઃ ગેસ્ટ્રો એન્ટેરીટીસ, હિપેટાઈટીસ એ અને ઈ, ટાઈફોઈડ, ડાયેરિયા, કમળો, લેપ્ટોસ્પાયરોસીસ જેવા રોગો વરસાદી મોસમમાં સૌથી વધુ ચેપી રીતે ફેલાય છે. ખાધેલા વાસી આહાર કે ખરાબ પાણીને કારણે આ રોગો ઝડપથી ફેલાય છે. જ્યારે ગટરનું પાણી પીવાના પાણીની લાઈનમાં ભળી જાય છે, ખાસ કરીને ચોમાસામાં આવું બનવાની શક્યતા વધુ હોય છે ત્યારે આ રોગનો ચેપ ઝડપથી ફેલાય છે અને ગંભીર બની જાય છે.

સાવચેતીઃ ખુલ્લા ખાદ્ય પદાર્થો કે પીણાં પીવાનું ટાળો. પાણીને ઊકળે ત્યાં સુધી ગરમ કરો અને પછી ગાળીને પીઓ. બહારનો જે બરફ ખાઓ તે વિશે સંભાળો કારણ કે તે કેવા પાણીમાંથી બનેલો હોય છે, તેની જાણ થઈ શકતી નથી. સલાડ કે દાળ નળના પાણી નીચે ધુઓ નહીં. તેનાથી ચેપ ફેલાવાનો ડર રહે છે. ઘરમાં સ્વચ્છતા જાળવી રાખો. જો કોઈને રોગ કે ચેપ લાગ્યો હોય તો નેપકીન અને ટુવાલ જુદા રાખો. જો સગર્ભા મહિલાને હિપેટાઈટીસ એ થાય તો તે જીવલેણ બની શકે છે. તેથી ખૂબ સાવચેતી રાખવી.

ત્વચાના રોગોઃ સામાન્યપણે ફૂગ અને બેક્ટેરીયાને કારણે ત્વચા ઉપર ચેપ લાગે છે. વધુ પડતી ભીનાશ અને ભેજને કારણે સાથળના સાંધા, સ્તનની નીચે અને બગલમાં ફૂગને લીધે ચેપ લાગી શકે છે. જો હવા પસાર થઈ શકે નહીં તેવા રબરના શૂઝ પહેરો તો પરસેવાને કારણે દુર્ગંધ ઊભી થાય છે, જે ચેપ ફેલાવે છે.

સાવચેતીઃ ખૂબ જ ટાઈટ હોય કે નાયલોનના હોય તેવા વસ્ત્રો પહેરવા નહીં, જે જલદી સૂકાય નહીં. ટાઈટ જિન્સ ભીનું થઈને જલદી સૂકાતું નથી તેથી તે પહેરવું નહીં. સારા જૂતા ખરીદો, જેમાંથી હવા પસાર થઈ શકે અને જો તે ભીના થઈ જાય તો સૂકાઈ ગયા પછી જ પહેરો. આખા શરીરે અને પગની આંગળીઓની વચ્ચે પણ દરરોજ એન્ટી બેક્ટેરીયલ કે એન્ટી ફંગલ પાઉડર લગાડો.

# ભારતની પૂર્વ તરફનો મોરચો મજબૂત બનાવવો જરૂરી

આસપાસ ચોપાસ
સુરેશ ભટ્ટ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તાજેતરની ઈન્ડોનેશિયા, ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડની મુલાકાતોને માત્ર રાજદ્વારી શિષ્ટાચારના ભાગરૂપે જોવી એ ભૂલભરેલું ગણાશે. વાસ્તવમાં આ મુલાકાતો ભારતની વિદેશ નીતિમાં એક મહત્વપૂર્ણ વ્યૂહાત્મક પરિવર્તનનો સંકેત આપે છે, જેને નિષ્ણાતો 'એક્ટ ઈસ્ટ ૨.૦' તરીકે ઓળખાવી રહ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતનું રાજદ્વારી ધ્યાન સ્વાભાવિક રીતે અન્ય દિશાઓ તરફ કેન્દ્રિત રહ્યું હતું - યુક્રેન યુદ્ધ, પશ્ચિમ એશિયાની અસ્થિરતા, પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદ અને ઉત્તરીય સરહદો પરના સતત સુરક્ષા પડકારો. આ તમામ મુદ્દાઓએ ભારતની રાજદ્વારી ઊર્જાનો મોટો હિસ્સો ખેંચી લીધો હતો. પરંતુ હવે સમય આવી ગયો છે કે ભારત ફરી એકવાર સ્પષ્ટ ઉદ્દેશ્ય સાથે પોતાનું ધ્યાન પૂર્વ તરફ કેન્દ્રિત કરે.

**વર્તમાન સમયમાં વિશ્વના અડધો ડઝન કરતા વધુ દેશોમાં યુદ્ધ જન્ય પરિસ્થિતિમાં મોંઘવારી સહિતના માનવીય પ્રશ્નો ઉભા થયા છે. લોકોની મુશ્કેલી વધતી જાય છે. બીજી બાજુ ભારત જેવા દેશ માટે પણ અમેરિકા સહિતના દેશો સાથે વ્યાપાર કરવો મુશ્કેલ બનતો જાય છે આવા સંજોગોમાં ભારતે પૂર્વ તરફ નજર કરી છે**

આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાને આકાર આપવાની મહત્વાકાંક્ષા ધરાવતો કોઈપણ દેશ કોઈ એક કટોકટીને પોતાની સંપૂર્ણ વ્યૂહાત્મક વિચારસરણી પર કાયમી ધોરણે હાવી થવા દઈ શકે નહીં. ઊભરતી શક્તિઓએ ભવિષ્યની તકો માટે પણ સતત તૈયાર રહેવું પડે છે. મૂળ એક્ટ ઈસ્ટ નીતિએ સંપર્ક, વેપાર, સંસ્થાગત ભાગીદારી અને આસિયાન દેશો સાથેના સંબંધો દ્વારા ભારતને પૂર્વીય અને દક્ષિણ-પૂર્વ એશિયા સાથે જોડવાની દિશા આપી હતી, અને એ નીતિ પોતાના ઉદ્દેશ્યમાં ઘણી હદે સફળ પણ રહી. પરંતુ આજે વૈશ્વિક પરિદ્રશ્યમાં વ્યાપક બદલાવ આવ્યો છે, અને એ બદલાવને અનુરૂપ નવી વ્યૂહરચનાની જરૂરિયાત ઊભી થઈ છે.

હિન્દ-પ્રશાંત ક્ષેત્ર આજે દુનિયાની સૌથી મહત્વપૂર્ણ ભૂ-રાજકીય ધરી બની ચૂક્યું છે. દરિયાઈ સુરક્ષા, પરિવર્તનશીલ સપ્લાય ચેઈન, મહત્વપૂર્ણ ટેકનોલોજી, સમુદ્રની અંદરનું માળખાગત તંત્ર અને ઊર્જા પુરવઠો, આ તમામ પરિબળો હવે વૈશ્વિક શક્તિ-સંતુલનને એટલા જ પ્રભાવિત કરે છે, જેટલી લશ્કરી ક્ષમતા કરે છે. આજના યુગમાં આર્થિક રાજદ્વારી પ્રયાસો અને સુરક્ષાને અલગ-અલગ ગણી શકાય નહીં, બંને એકબીજા સાથે ઊંડાણપૂર્વક જોડાયેલા છે. જો એક્ટ ઈસ્ટ નીતિના પ્રથમ તબક્કામાં ભારતે પોતાને પૂર્વીય એશિયા સાથે જોડ્યું હતું, તો બીજા તબક્કાનો ઉદ્દેશ્ય હિન્દ-પ્રશાંતના સમગ્ર વ્યૂહાત્મક પરિદ્રશ્યને આકાર આપવામાં સક્રિય યોગદાન આપવાનો હોવો જોઈએ ભારતના પૂર્વીય હિતોએ હવે ક્વાડની ગતિ પર નિર્ભર રહેવું ન જોઈએ. ક્વાડ ચોક્કસપણે સહયોગનું એક મહત્વપૂર્ણ મંચ બની ચૂક્યું છે, પરંતુ તે ન તો કોઈ લશ્કરી ગઠબંધન છે અને ન તો હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં ભારતની વ્યૂહરચનાને આગળ વધારવાનું એકમાત્ર માધ્યમ. હાલમાં અમેરિકાનું ધ્યાન ચીન સાથેની પોતાની દ્વિપક્ષીય સ્પર્ધા પર, અને ખાસ કરીને તાઈવાનના મુદ્દા પર વધુ કેન્દ્રિત જણાય છે, જ્યારે ક્વાડ પર સાપેક્ષ રીતે ઓછો રાજકીય ભાર જોવા મળે છે. આવી પરિસ્થિતિમાં ભારતે પોતાની પૂર્વ તરફની વ્યૂહરચના સ્વતંત્ર રીતે આગળ વધારવી પડશે. તેનો અર્થ એ થાય કે જાપાન અને ઓસ્ટ્રેલિયા સાથેની દ્વિપક્ષીય ભાગીદારીને વધુ મજબૂત કરવી, અને એક્ટ ઈસ્ટ ૨.૦ના કેન્દ્રમાં આસિયાનને સ્થાપિત કરવું જરૂરી છે.

બદલાતું પ્રાદેશિક પરિદ્રશ્ય ભારત પાસેથી વધુ સક્રિય ભાગીદારીની માંગ કરે છે. હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં અમેરિકા હજુ પણ પ્રમુખ લશ્કરી શક્તિ છે, પરંતુ દક્ષિણ-પૂર્વ એશિયાના અનેક દેશોને એવું લાગવા લાગ્યું છે કે અમેરિકાનું રાજકીય ધ્યાન હવે વધુ પસંદગી યુક્ત બની ગયું છે. બીજી તરફ, ચીન આર્થિક એકીકરણ, માળખાગત સુવિધાઓનો વિકાસ, દરિયાઈ હાજરી અને સતત રાજદ્વારી પ્રયાસો દ્વારા પોતાનો પ્રભાવ સતત વધારી રહ્યું છે. આ વિસ્તરણનો મોટો હિસ્સો કહેવાતા 'ગ્રે-ઝોન'માં થાય છે, જે ખુલ્લા સંઘર્ષની સીમાથી નીચે રહે છે, પરંતુ જેના પરિણામો લાંબા ગાળે ઘણા વ્યૂહાત્મક રહે છે.

આવી પરિસ્થિતિમાં ભારત માટે સમય આવી ગયો છે કે તે પોતાની વ્યૂહાત્મક ક્ષમતા સાથે વ્યૂહાત્મક આત્મવિશ્વાસનો પણ યોગ્ય મેળ કરે. ફિલિપાઈન્સ અને ઈન્ડોનેશિયા સાથે ભારતની વધતી ભાગીદારી - જેમાં સંરક્ષણ નિકાસ પણ સામેલ છે,એ સંકેત આપે છે કે સંરક્ષણ ભાગીદારી હવે રાજદ્વારી સંબંધોનું પણ મહત્વપૂર્ણ માધ્યમ બની ચૂકી છે. ગ્રેટ નિકોબારના વિકાસ જેવી પરિયોજનાઓને



ઈમેજ એઆઈ દ્વારા જનરેટ

પણ આ જ સંદર્ભમાં જોવી જોઈએ. તે માત્ર માળખાગત સુવિધાની પરિયોજના નથી, પરંતુ ભારતના એક દરિયાઈ શક્તિ તરીકે ઊભરવાનું પ્રતીક છે. વડાપ્રધાનનું પૂર્વીય દેશો તરફનું આ રાજદ્વારી અભિયાન માત્ર મુલાકાતોની શ્રેણી નથી, પરંતુ એક સ્પષ્ટ વ્યૂહાત્મક સંદેશ છે - ભારત ફરી એકવાર સ્પષ્ટ ઉદ્દેશ્ય સાથે પૂર્વ તરફ જોઈ રહ્યું છે. હિન્દ-પ્રશાંત ક્ષેત્ર ૨૧મી સદીના વ્યૂહાત્મક શક્તિ-સંતુલનને સમતોલ કરશે, અને ભારતે આ ક્ષેત્રના ભવિષ્યને આકાર આપવામાં નિર્ણાયક ભૂમિકા ભજવવા માટે તૈયાર રહેવું જોઈએ. આ માટે જરૂરી છે કે ભારત પોતાની આર્થિક, રાજદ્વારી અને સંરક્ષણ ક્ષમતાઓનો સંકલિત ઉપયોગ કરે, અને પોતાના પરંપરાગત ભાગીદારો સાથે સાથે નવા સંબંધો પણ મજબૂત બનાવે. આવનારા સમયમાં જ ખ્યાલ આવશે કે 'એક્ટ ઈસ્ટ ૨.૦' કેટલી અસરકારક રીતે અમલમાં મુકાય છે, પરંતુ તેની દિશા સ્પષ્ટપણે યોગ્ય જણાય છે.

# અર્જુન પુરસ્કારોની જાહેરાત, તેજસ્વિન શંકર સહિત ૧૭ ખેલાડીઓને સન્માન મળશે

નવીદિલ્હી,

ભારત સરકારે રાષ્ટ્રીય રમત પુરસ્કારો ૨૦૨૫ ની જાહેરાત કરી છે. અર્જુન પુરસ્કારો માટે સત્તર ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે. એથ્લેટિક્સથી લઈને બેડમિન્ટન, હોકી, ચેસ, શૂટિંગ અને કબડ્ડી સુધીની વિવિધ રમતોના ખેલાડીઓને અર્જુન પુરસ્કારો માટે પસંદ કરવામાં આવ્યા છે. રમતગમત મંત્રાલયે પસંદગી સમિતિની ભલામણોના આધારે આ પુરસ્કારોની જાહેરાત કરી છે.

યુવા બાબતો અને રમતગમત મંત્રાલયે રાષ્ટ્રીય રમતગમત પુરસ્કારો ૨૦૨૫ ની યાદી જાહેર કરી, જેમાં જણાવાયું છે કે આ પુરસ્કારો રમતગમતમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે રમતવીરો, કોચ અને સંસ્થાઓને વાર્ષિક ધોરણે આપવામાં આવે છે. આ વર્ષે, સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ (નિવૃત્ત) અરુણ કુમાર મિશ્રાની આગેવાની હેઠળની પસંદગી સમિતિએ પુરસ્કારો માટે નામોની ભલામણ કરી હતી.





અર્જુન પુરસ્કાર ૨૦૨૫ માટે કુલ ૧૭ ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે. તેજસ્વિન શંકર, મોહમ્મદ અજમલ વી અને પ્રિયંકા ગોસ્વામીને એથ્લેટિક્સમાં આ સન્માન પ્રાપ્ત થશે. સુપ્રસિદ્ધ કોચ પુલેલા ગોપીચંદની પુત્રી ટ્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદને બેડમિન્ટનમાં પસંદગી કરવામાં આવી છે. નરેન્દ્રને બોક્સિંગમાં અર્જુન પુરસ્કાર પ્રાપ્ત થશે.

વિદિત સંતોષ ગુજરાતી અને દિવ્યા જીતેન્દ્ર દેશમુખને ચેસમાં આ સન્માન પ્રાપ્ત થશે. ધનુષ શ્રીકાંત બહેરા શૂટિંગમાં સામેલ છે. લાલરેમસિયામી અને રાજકુમાર પાલને હોકીમાં અર્જુન પુરસ્કાર પ્રાપ્ત થશે. સુરજીત અને પૂજાને કબડ્ડીમાં પસંદગી કરવામાં આવી છે. પેરા-શૂટિંગમાં રુદ્રાંશ ખંડેલવાલ, પેરા-એથ્લેટિક્સમાં એકતા ભયાન, રોઈંગમાં અરવિંદ સિંહ અને શૂટિંગમાં અખિલ શિયોરનને અર્જુન પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે.

ફૂટબોલના આઈ. અરુમાનયગમને રમતગમતમાં લાંબા ગાળાના યોગદાન માટે આપવામાં આવતા અર્જુન પુરસ્કાર (આજીવન) માટે પસંદ કરવામાં આવ્યા છે. આ પુરસ્કાર એવા ખેલાડીઓને આપવામાં આવે છે જેમણે તેમની સક્રિય કારકિર્દી દરમિયાન ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે અને નિવૃત્તિ પછી પણ રમતગમતના વિકાસમાં યોગદાન આપતા રહે છે.

રાષ્ટ્રીય રમતગમત પુરસ્કારોમાં દ્રોણાચાર્ય પુરસ્કાર વિજેતાઓના નામ પણ જાહેર કરવામાં આવ્યા છે.

# કૃષ્ણમાચારી શ્રીકાંતે સીએસકેના કોચ માટે ઈયોન મોર્ગન અને બ્રેન્ડન મેકકુલમને નકારી કાઢ્યા

ચેન્નાઇ,

ચેન્નાઈ સુપર કિંગ્સના નવા કોચની શોધ ચાલુ છે. ૧૮ સીઝન પછી સ્ટીફન ફ્લેમિંગથી અલગ થયા પછી, ઝજીદ્ધ હવે એવા કોચની શોધમાં છે જે તેની યુવા ટીમને છઠ્ઠા આઈપીએલ ટાઈટલ સુધી પહોંચાડી શકે. તાજેતરમાં, કોચિંગ ભૂમિકા માટે ઘણા નામો સામે આવ્યા છે, જેમાં ઈયોન મોર્ગનનું નામ રેસમાં આગળ છે. જોકે, ભારતના ભૂતપૂર્વ ઓપનર કે. શ્રીકાંત મોર્ગનને સીએસકે કોચ તરીકે ઈચ્છતા નથી. શ્રીકાંત પણ સીએસકે કોચ તરીકે બ્રેન્ડન મેકકુલમને ઈચ્છતા નથી. તેમણે મુખ્ય કોચ માટે નવું નામ સૂચવ્યું છે. ક્રિકેટર શ્રીકાંતે જે ક્રિકેટરનું નામ આપ્યું છે તે ઓસ્ટ્રેલિયન દિગ્ગજ બેટ્સમેન છે.

ખરેખર, મોર્ગનનું નામ ખૂબ ચર્ચામાં આવ્યું છે. રવિચંદ્રન અશ્વિને પણ મોર્ગનને અગ્રણી ખેલાડી ગણાવ્યા હતા. શ્રીકાંતે, જે અગાઉ સીએસકે મેનેજમેન્ટનો ભાગ હતા, તેમણે મોર્ગનને મુખ્ય કોચ તરીકે નકારી કાઢ્યો હતો. પોતાની યુટ્યુબ ચેનલ પર, શ્રીકાંતે કહ્યું, "હું મોર્ગનને પસંદ નહીં કરું, એ ચોક્કસ છે." તે એક સારો ખેલાડી રહ્યો છે અને તેણે ઈંગ્લેન્ડનું શાનદાર નેતૃત્વ કર્યું છે. પરંતુ હું તેને કોચ તરીકે પણ નહીં માનું. તે દ્વદ્વઈ માટે કેપ્ટન રહ્યો છે પણ તેણે બહુ કંઈ કર્યું નથી. જો તે કોમેન્ટ્રી પર વળગી રહે તો સારું રહેશે.'

શ્રીકાંતે કહ્યું, "હું બ્રેન્ડન મેક્કુલમ વિશે પણ એવું જ કહીશ. જો સીએસકે મેક્કુલમને મુખ્ય કોચ તરીકે નિયુક્ત ન કરે તો સારું રહેશે. સીએસકેએ મેક્કુલમ અને મોર્ગન બંનેને ના પાડવી જોઈએ." મોર્ગનને આઈપીએલમાં કોચિંગનો કોઈ અનુભવ નથી. બીજી તરફ, મેક્કુલમ ૨૦૨૦ થી ૨૦૨૨ સુધી કેકેઆરના કોચ રહ્યા છે. ૨૦૨૧ માં, મોર્ગનની કેપ્ટનશીપ અને મેક્કુલમના કોચિંગ હેઠળ, કેકેઆર ફાઈનલમાં પહોંચ્યું, જ્યાં તેઓ સીએસકે દ્વારા હારી ગયા. તાજેતરમાં, અશ્વિને કહ્યું કે તેમનું માનવું છે કે મોર્ગન સીએસકેના કોચ તરીકે આવી રહ્યા છે. તેમના નામની વ્યાપક ચર્ચા થઈ રહી છે. અશ્વિને કહ્યું કે સીએસકે અને મોર્ગન વચ્ચે ચર્ચા ચાલી રહી છે.

જોકે, શ્રીકાંત સૂચવે છે કે સીએસકેએ માઈકલ હસીને મુખ્ય કોચ તરીકે નિયુક્ત કરવાનું વિચારવું જોઈએ. હસ્સી સીએસકેના વર્તમાન બેટિંગ કોચ છે.

# જો રૂટ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના ઈતિહાસમાં ૩,૦૦૦ રન બનાવનાર પ્રથમ કેપ્ટન બનશે

નવીદિલ્હી,

ઈંગ્લેન્ડ ટેસ્ટ ટીમની કમાન ફરીથી સંભાળતા, જો રૂટ પાસે પાકિસ્તાનને હરાવવાના પડકાર કરતાં વધુ પડકારનો સામનો કરવો પડે છે. આવતીકાલે, બુધવારથી હેડિંગ્લી ખાતે શરૂ થનારી પ્રથમ ટેસ્ટમાં, રૂટ પાસે અનેક મોટા રેકોર્ડ બનાવવાની એક મહાન તક છે. માત્ર ૪૨ રન બનાવીને, તે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં એક એવો સીમાચિહ્નરૂપ સિદ્ધિ હાંસલ કરશે જે અન્ય કોઈ બેટ્સમેન સુધી પહોંચી શક્યો નથી. ઈંગ્લેન્ડ અને પાકિસ્તાન વચ્ચે ત્રણ મેચની ટેસ્ટ શ્રેણીની પહેલી મેચ ૧૯ ઓગસ્ટે લીડ્સના હેડિંગ્લી ખાતે રમાશે. રૂટ આ શ્રેણીમાં ઈંગ્લેન્ડનું નેતૃત્વ કરશે. તે આ સમયગાળા દરમિયાન અનેક મોટા રેકોર્ડ તોડવાનો પણ પ્રયાસ કરશે.




વાસ્તવમાં, રુટે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના ઈતિહાસમાં કેપ્ટન તરીકે ૨,૯૫૮ રન બનાવ્યા છે. તેણે ૩૩ ડબ્લ્યુટીસી ટેસ્ટ મેચોમાં આ સિદ્ધિ હાંસલ કરી છે. જો તે પાકિસ્તાન સામેની પહેલી ટેસ્ટમાં ૪૨ રન બનાવશે, તો તે ઉઝ માં કેપ્ટન તરીકે ૩,૦૦૦ રન બનાવનાર વિશ્વનો પ્રથમ કેપ્ટન બનશે. ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન બેન સ્ટોક્સ આ વિશિષ્ટ ક્લબમાં રૂટ પછી બીજા ક્રમે છે, ૨,૧૮૨ રન સાથે. શ્રીલંકાના દિમુથ કરુણારત્ને ૨,૧૬૦ રન સાથે ત્રીજા ક્રમે છે. રૂટે ૨૦૧૯ થી ૨૦૨૨ દરમિયાન ઉઝ માં ઈંગ્લેન્ડનું નેતૃત્વ કર્યું હતું. જૂન ૨૦૨૬ માં ઓવલ ખાતે ન્યુઝીલેન્ડ સામેની બીજી ટેસ્ટમાં પણ તેમણે ટીમનું નેતૃત્વ કર્યું હતું.

રૂટ પાસે બીજો મોટો સીમાચિહ્ન હાંસલ કરવાની તક છે. ઈંગ્લેન્ડના આ દિગ્ગજ બેટ્સમેન અત્યાર સુધી ૩૯૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં ૨૨,૮૩૩ રન બનાવી ચૂક્યા છે. પાકિસ્તાન સામે ૧૬૭ રન બનાવીને, તે ૨૩,૦૦૦ આંતરરાષ્ટ્રીય રન પૂરા કરનાર પ્રથમ ઈંગ્લેન્ડ ક્રિકેટર અને વિશ્વનો ફક્ત આઠમો ખેલાડી બનશે. રૂટ ટેસ્ટ અને વનડે ક્રિકેટમાં ઈંગ્લેન્ડનો સૌથી વધુ રન બનાવનાર ખેલાડી પણ છે.

# વર્તમાન સીઝન ફૂટબોલમાં તેમનું છેલ્લું વર્ષ હોઈ શકે, ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનો નિવૃત્તિનો સંકેત

નવીદિલ્હી,

ફૂટબોલની દુનિયામાં એક યુગનો અંત આવી રહ્યો હોવાનો અવાજ સંભળાવા લાગ્યો છે. પાંચ વખતના બેલોન ડી'ઓર વિજેતા ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ તેમની નિવૃત્તિ અંગે અત્યાર સુધીનો સૌથી મોટો સંકેત આપ્યો છે. પોર્ટુગીઝ ફૂટબોલ દિગ્ગજ ખેલાડીએ કહ્યું છે કે વર્તમાન સીઝન ખેલાડી તરીકે તેમનું છેલ્લું વર્ષ હોઈ શકે છે. ૪૧ વર્ષીય રોનાલ્ડોનો અલ નાસર સાથેનો કરાર જૂન ૨૦૨૭ સુધી ચાલે છે. જોકે તેમણે ઘણી વખત સ્વીકાર્યું છે કે તેમની રમત કારકિર્દીનો અંત આવી રહ્યો છે, પરંતુ તેમણે ક્યારેય નિવૃત્તિની ચોક્કસ તારીખનો ઉલ્લેખ કર્યો નથી. વોગ સાથેની એક મુલાકાતમાં, તેમણે જણાવ્યું હતું કે આ કદાચ ફૂટબોલમાં તેમનું છેલ્લું વર્ષ છે અને તેઓ એક મજબૂત વારસો છોડી જવા માંગે છે.રોનાલ્ડોએ ગયા વર્ષે નવેમ્બરમાં અગાઉ કહ્યું હતું કે તેઓ કદાચ બીજા કે બે વર્ષ રમી શકે છે. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે ૨૦૨૬નો વર્લ્ડ કપ તેમનો છેલ્લો હશે. ગયા મહિને સ્પેન સામે હાર્યા બાદ પોર્ટુગલ ૨૦૨૬ના ફિફા વર્લ્ડ કપમાંથી બહાર થઈ ગયું હતું. જોકે, રોનાલ્ડોએ અગાઉ ફૂટબોલમાંથી સંપૂર્ણપણે નિવૃત્તિ ક્યારે લેશે તે સ્પષ્ટ કરવાનો ઇનકાર કર્યો હતો.રોનાલ્ડોએ જણાવ્યું હતું કે તેમણે ફૂટબોલ પછીના જીવન માટે આયોજન શરૂ કરી દીધું છે. તેઓ હવે તેમના પરિવાર સાથે વધુ સમય વિતાવવા અને મેદાનની બહારના જીવનનો આનંદ માણવા માંગે છે. તેમણે જણાવ્યું હતું કે ફૂટબોલ છોડ્યા પછી તેમના જીવનમાં જે ખાલી જગ્યા રહી છે તેને વિવિધ પ્રવૃત્તિઓથી ભરવાની જરૂર પડશે. રોનાલ્ડોએ મુસાફરી, પેડલ રમવા અને જોવા જેવી બાબતોનો ઉલ્લેખ કરતા કહ્યું કે તેઓ તેમની સિદ્ધિઓનો આનંદ માણવા માંગે છે. તેમણે કહ્યું કે છેલ્લા ૨૫ વર્ષ તેમના માટે બલિદાન અને સખત મહેનતથી ભરેલા રહ્યા છે.




# શાહરૂખ ખાનના મન્નત સ્થિત ઘરમાં સાપની જોડી જોવા મળી: એકને બચાવી લેવામાં આવ્યો



મુંબઇ,

શાહરૂખ ખાનના બંગલા, મન્નત ખાતે સાપ મળી આવ્યા છે. ગઈકાલે, નાગ પંચમીના દિવસે, કિંગ ખાનના ઘરના લૉનમાં બે સાપ જોવા મળ્યા હતા. આ ઘટનાથી ભારે હોબાળો મચી ગયો હતો અને બચાવ ટીમને એલર્ટ કરવામાં આવી હતી. એક સાપને બચાવી લેવામાં આવ્યો છે, જ્યારે બીજો હજુ પણ ઘરની અંદર છે અને શોધ ચાલુ છે.

શાહરૂખ ખાનના બાંદ્રા બંગલા, મન્નતમાં સાપ મળી આવ્યાના સમાચાર બાદ, બીજી એક રસપ્રદ વિગત સામે આવી છે. સીસીટીવી કેમેરામાં કોબ્રાની જોડી એકસાથે કેદ થઈ ગઈ છે. આશરે આઠ ફૂટ લાંબા નર સાપને બચાવી લેવામાં આવ્યો છે, જ્યારે માદા સાપનો કોઈ પત્તો લાગ્યો નથી. આ ઘટના બની ત્યારે ગૌરી ખાન પણ મન્નતમાં હાજર હતી.સાપ બચાવકર્તા વિક્કી દુબેએ અમર ઉજાલા સાથે એક વિશિષ્ટ મુલાકાતમાં ઘટનાની વિગતો શેર કરી. તેમણે કહ્યું કે તેમને સોમવારે (૧૭ ઓગસ્ટ) રાત્રે લગભગ ૮ વાગ્યે મન્નત તરફથી ફોન આવ્યો હતો. જ્યારે ત્યાં લગાવેલા સીસીટીવી કેમેરા તપાસવામાં આવ્યા ત્યારે એક નહીં, પરંતુ બે સાપ જોવા મળ્યા.'મન્નત' માંથી 'ધમન' તરીકે ઓળખાતો એક સાપ પકડાયો છે. રાત્રે ૮ વાગ્યાની આસપાસ, એક સાપ બચાવકર્તાને ફોન આવ્યો કે 'મન્નત' ની અંદર બે સાપ જોવા મળ્યા છે. ઘરના પરિસરમાં શોધખોળ હાથ ધરવામાં આવી હતી, જે દરમિયાન એક સાપને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યો હતો.

# ત્રણ ફ્લોપ ફિલ્મો પછી નાણાકીય કટોકટીનો સામનો કર્યો પરંતુ મેં આશા ગુમાવી ન હતી : સની દેઓલ

મુંબઇ,

બોલીવુડના દિગ્ગજ અભિનેતા સની દેઓલે તાજેતરમાં જ તેના કારકિર્દીના સૌથી પડકારજનક સમય વિશે ખુલાસો કર્યો, જ્યારે તે ગંભીર નાણાકીય કટોકટીનો સામનો કરી રહ્યો હતો. દિગ્દર્શિત અને નિર્મિત તેમની ફિલ્મોની બોક્સ ઓફિસ નિષ્ફળતાને કારણે, તેના પર લગભગ ૫૫.૯૯ કરોડનું દેવું થઈ ગયું હતું. પરિસ્થિતિ એટલી વણસી ગઈ કે એક બેંકે મુંબઈમાં તેના પ્રતિષ્ઠિત જુહુ બંગલા માટે ઈ-ઓક્શન નોટિસ જારી કરી. આમ છતાં, અભિનેતાએ સ્પષ્ટતા કરી કે તેમણે ક્યારેય પૈસાને તેમના જીવન અને પ્રાથમિકતાઓ પર હાવી થવા દીધા નથી, આ મુશ્કેલ સમયમાં પણ પોતાનું મન શાંત રાખ્યું છે.

૨૦૨૩ માં, જ્યારે સની દેઓલની ફિલ્મ "ગદર ૨" બોક્સ ઓફિસ પર મજબૂત કમાણી કરી રહી હતી, ત્યારે એક બેંકે બાકી રકમ અને વ્યાજ વસૂલવા માટે તેમના જુહુ વિલાને ઈ-ઓક્શન માટે મૂકવાની જાહેરાત જારી કરી હતી. જોકે, અભિનેતા બાકી રકમ ચૂકવવા સંમત થયા પછી બેંકે પાછળથી નોટિસ પાછી ખેંચી લીધી. શુભંકર મિશ્રા સાથેના પોડકાસ્ટમાં આ બાબતની સ્પષ્ટતા કરતા, સનીએ સમજાવ્યું કે લોન તેમની વ્યક્તિગત નાણાકીય જવાબદારી હતી અને તેમણે કોઈ વ્યક્તિ પાસેથી પૈસા ઉધાર લીધા ન હતા. તેમણે કહ્યું કે તે તેમનો પોતાનો નિર્ણય હતો અને તેઓ તેમની સંપત્તિ વેચીને દેવું ચૂકવવા માટે સંપૂર્ણપણે સક્ષમ હતા.



સની દેઓલનો નાણાકીય બોજ મુખ્યત્વે તેમણે દિગ્દર્શિત અને નિર્માણ કરેલી ફિલ્મોની નિષ્ફળતાને કારણે હતો. તેમણે આ લોન ૨૦૧૬ ની ફિલ્મ "ઘાયલ રિટર્ન્સ" ના નિર્માણ દરમિયાન લીધી હતી, જેમાં તેમણે અભિનય અને દિગ્દર્શન બંને સારી રીતે કર્યા હતા. તેમણે અગાઉ ૧૯૯૯માં તેમના ભાઈ બોબી દેઓલ સાથે "દિલ્લગી" ફિલ્મનું દિગ્દર્શન કર્યું હતું, અને બાદમાં ૨૦૧૯માં તેમના પુત્ર કરણ દેઓલને લોન્ચ કરવા માટે "પલ પલ દિલ કે પાસ" ફિલ્મનું દિગ્દર્શન કર્યું હતું. કમનસીબે, ત્રણેય ફિલ્મો બોક્સ ઓફિસ પર વ્યાપારી સફળતા પ્રાપ્ત કરવામાં નિષ્ફળ ગઈ, જેના કારણે અભિનેતાને નોંધપાત્ર નાણાકીય નુકસાન થયું.પોતાની કારકિર્દીના સુવર્ણ યુગને યાદ કરતા, સની દેઓલે ૨૦૦૧ના વર્ષને યાદ કર્યું, જ્યારે તેમની ફિલ્મ "ગદરઃ એક પ્રેમ કથા" એ ઘરેલુ બોક્સ ઓફિસ પર ૭૭ કરોડની કમાણી કરી હતી. તે જ વર્ષે, બીજી ફિલ્મ, "ઇન્ડિયન" રિલીઝ થઈ, જેણે ભારતમાં આશરે ૪૩ કરોડ (આશરે ઈ૧.૪ બિલિયન) ની કમાણી કરી. અભિનેતાના મતે, "ઇન્ડિયન" એ તે યુગની અન્ય લોકપ્રિય ફિલ્મો કરતાં વ્યાપારી રીતે ઘણું સારું પ્રદર્શન કર્યું. જો કે, આ અપાર સફળતા પછી, કોર્પોરેટ સ્ટુડિયોએ ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં પ્રવેશ કર્યો, જેનાથી સિનેમા બનાવવાની રીત બદલાઈ ગઈ. આ પરિવર્તનનો અર્થ એ થયો કે સનીને યોગ્ય સ્ક્રિપ્ટો અને દિગ્દર્શકો મળવાનું બંધ થઈ ગયું, જેની તેની કારકિર્દી પર અસર પડી.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જ | અ | બ | દ | ન | પ્ર | હા | શ | મો | ખ | બ | બા |
| ણે | વ | રા | બા | ભા | ણ | મા | લી | ધ | જ | ધ | દ |
| મ | કા | બ | હિ | શિ | અ | ભ | દ | એ | અ | હા | બા |
| ર | બિ | ર | ળ | ર | મ | પ્ર | ભા | ફ | પ્ર | કા | કી |
| ભો | બ | આ | બિ | રો | સા | હિ | ક | તી | જ્ઞા | ગી | ભો |
| ધ | સ | બ | મ | દ | ગ | ક | કા | કા | ગ | મ | ર |
| દ | ઈ | હિ | ભ | ભા | ઔ | મા | ગી | ર | ભો | ળ | લ |
| મા | મા | વ | દ | ધ | ણ | ક | ફ | ગી | ન | બં | કા |
| પ્રા | મા | ણિ | ક | ઊ | વા | બ | મો | લ | ચી | ર | મા |
| કા | ક્ષ | ર | મ | બૂ | ભા | ર | કા | દ | ચી | ન | લ |
| ર | ન | સા | ગ | ભો | ક | ભ | ક | મા | દ | આ | મો |
| કા | ર | ન | મા | કા | ઐ | પ્ર | ળ | દ | ફ | ર | જ |

શબ્દ શોધો: પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા

# શું સાચો પ્રેમ ખરેખર અસ્તિત્વમાં છે, કે તે ફક્ત એક દેખાવ છે : કાશ્મીરા શાહ




મુંબઇ,

બોલીવુડ અભિનેતા ગોવિંદા અને તેની પત્ની સુનિતા આહુજા વચ્ચે ચાલી રહેલા કૌટુંબિક અને જાહેર તણાવમાં એક નવો વળાંક આવ્યો છે. ગોવિંદાના ભત્રીજા કૃષ્ણા અભિષેકની પત્ની અને અભિનેત્રી કાશ્મીરા શાહ પણ બંને વચ્ચેના શબ્દયુદ્ધમાં જોડાઈ ગઈ છે. તાજેતરમાં, કાશ્મીરાએ તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક ફોટો શેર કર્યો હતો, જેમાં આકાશમાં હૃદય આકારના વાદળો દેખાય છે. આ ફોટો સાથે, કાશ્મીરાએ એક ઊંડો ભાવનાત્મક અને રહસ્યમય સંદેશ લખ્યો હતો, જેમાં પ્રેમ, લગ્ન અને વફાદારી વિશે પ્રશ્નો ઉભા થયા હતા.

કશ્મીરાએ તેની પોસ્ટમાં પૂછ્યું હતું કે શું સાચો પ્રેમ ખરેખર અસ્તિત્વમાં છે, કે તે ફક્ત એક દેખાવ છે? તેણીએ તૂટેલા લગ્નો અને સંબંધોમાં વધતી જતી બેવફાઈ પર ઊંડો દુઃખ વ્યક્ત કરતાં કહ્યું હતું કે તેની આસપાસના વાતાવરણે લગ્ન અને સાચા પ્રેમમાં તેનો વિશ્વાસ સંપૂર્ણપણે ખતમ કરી દીધો છે. જોકે કશ્મીરાએ તેની પોસ્ટમાં ગોવિંદા કે સુનિતાનો સીધો ઉલ્લેખ કર્યો નથી, ચાહકો અને મીડિયા વિશ્લેષકો માને છે કે તે ગોવિંદા અને તેની સહ-અભિનેત્રી કોમલ રાની સ્વર્ણકર સાથે સંબંધિત તાજેતરના સમાચારો અને ગોવિંદા અને સુનિતા વચ્ચે ચાલી રહેલા વિવાદનો ઉલ્લેખ કરી રહી હતી.

બીજી તરફ, ગોવિંદાએ હવે પોતાનું મૌન તોડ્યું છે અને પોતાની પત્ની સુનિતા આહુજાના વલણ અને તેણી દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી ભાષા સામે સખત વાંધો વ્યક્ત કર્યો છે.

# અવિકા ગૌરે સેટ પર ફરહાના ભટ્ટ પર પ્રહારો કર્યા પછી સોશિયલ મીડિયા પર માફી માંગી

મુંબઇ,

ખતરોં કે ખિલાડી ૧૫ઃ કલર્સ ટીવીનો રિયાલિટી શો 'ખતરોં કે ખિલાડી ૧૫' આ દિવસોમાં ચર્ચામાં છે. સ્ટાર્સ ખતરનાક સ્ટંટ કરી રહ્યા છે, ત્યારે ટાસ્ક દરમિયાન તેમની વચ્ચેના તણાવ અને તણાવ હવે વધુને વધુ જાહેર થઈ રહ્યા છે. તાજેતરમાં, શોના સેટ પર જાણીતી ટીવી અભિનેત્રીઓ અવિકા ગૌર અને ફરહાના ભટ્ટ વચ્ચે પણ આવી જ દલીલ જોવા મળી હતી. એક ટાસ્ક દરમિયાન, અવિકા ગૌરને ફરહાના ભટ્ટની ટીમમાં સામેલ કરવામાં આવી હતી. ટીમમાં જોડાયા પછી, ફરહાનાએ અવિકાનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું અને અભિનંદન આપ્યા. જોકે, તે સમયે અવિકા કોઈ વાતને લઈને ખૂબ જ નારાજ હતી.




ફરહાનાની શુભકામનાઓ બાદ, અવિકાએ તરત જ તીક્ષ્ણ જવાબ આપ્યો, "તમે, તમે ક્યારેય ઈચ્છતા નહોતા કે હું આ ટીમમાં જોડાઉં." અવિકાની આકરી પ્રતિક્રિયાથી સેટ પર ખૂબ જ અસ્વસ્થતાભર્યું વાતાવરણ સર્જાયું, અને તેનો ગુસ્સો સ્પષ્ટપણે ફરહાના પર નિર્દેશિત હતો.અવિકા ગોર એવી અભિનેત્રીઓમાંની એક છે જે ક્યારેય પોતાની ભૂલો સ્વીકારવામાં અચકાતી નથી. પાછળથી, જ્યારે અવિકાએ તેના વર્તન પર વિચાર કર્યો, ત્યારે તેને તરત જ તેની ભૂલનો અહેસાસ થયો. વિલંબ કર્યા વિના, તેણે સોશિયલ મીડિયા પર ફરહાનાની ખુલ્લી માફી માંગી. અવિકાએ લખ્યું કે તેને તેનું વર્તન બિલકુલ ગમ્યું નહીં. ફરહાનાને ટેગ કરતા, અવિકાએ કહ્યું, "મને ખરેખર મારું વર્તન બિલકુલ ગમ્યું નહીં.

# રાજકોટમાં શૌર્યના શંખનાદ સાથે બજરંગ દળ દ્વારા ત્રિશુલ દીક્ષા કાર્યક્રમ સંપન્ન

## ધર્મની રક્ષા, સંસ્કૃતિનું સંવર્ધન, રાષ્ટ્ર પ્રત્યે સમર્પણ સાથે યુવાનોએ લીધા શપથ



રાજકોટ,

રાજકોટ ખાતે શૌર્યના શંખનાદ સાથે ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં ત્રિશુલ દીક્ષા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યુવાનો અને ધર્મપ્રેમી કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ધાર્મિક અને રાષ્ટ્રભક્તિના ઉદ્ઘોષોથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

કાર્યક્રમમાં અનેક ધર્મપ્રેમી યુવાનો ઉપરાંત વિશ્વ હિન્દુ પરિષદ ના અધિકારીઓ હસુભાઈ ચંદારાણા, નાનજીભાઈ શાખ, અશ્વિનભાઈ ગોસાઈ, કૌશિકભાઈ સરધારા, પરેશભાઈ રૂપારેલીયા, રાજકોટના તમામ જિલ્લા અધિકારીશ્રીઓ ઉપરાંત રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ માંથી રાજકોટ મહાનગર ના અધિકારી અશોકભાઈ મકવાણા ઉપસ્થિત રહીને સંઘ શતાબ્દી વર્ષ નિમિત્તે પંચ પરિવર્તન ના વિષયોની વિસ્તૃત માહિતી સાથે યુવાનો માટે પ્રેરણાદાયી વક્તવ્ય આપ્યું હતું.

બજરંગદળમાંથી રાજકોટ વિભાગ ના સંયોજક હિરેનભાઈ ડાભી તથા મુખ્ય વક્તા સૌરાષ્ટ્ર પ્રાંત બજરંગદળના સહસંયોજક અમિતભાઈ જાદવાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તમામ જિલ્લા સંયોજકો અને સહસંયોજકોએ સમગ્ર કાર્યક્રમની કમાન સંભાળી હતી અને કાર્યક્રમને ખુબ જ સુચારુ અને સુવ્યવસ્થિત બનાવ્યો હતો.

સૌપ્રથમ આમંત્રિત સંત પૂજ્ય શ્રી કશ્યપ મહારાજ હનુમાન મઢી મંદિરેથી પધાર્યા હતા તેમનું મંચસ્થ આગેવાનોએ સ્વાગત કરી અને તેમના હસ્તે દીપ પ્રાગટ્ય થયું હતું ત્યારબાદ પૂજ્ય કશ્યપ મહારાજે આશિર્વચન આપતા યુવાનો ને તેમની અંદર રહેલી અપારશક્તિ નું સ્મરણ કરાવ્યું હતું રાજકોટ વિભાગ બજરંગ દળ સંયોજક હિરેનભાઈ ડાભી દ્વારા યુવાનોને ધર્મ અને સંસ્કૃતિના રક્ષણ માટે જાગૃત રહેવા, સમાજમાં સદભાવ અને એકતા જાળવવા તથા રાષ્ટ્રહિતને સર્વોપરી રાખવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ત્યારબાદ જામનગર થી પધારેલા કાર્યક્રમના મુખ્ય વક્તા અને બજરંગ દળ સૌરાષ્ટ્ર પ્રાંત ના સહસંયોજક અમિતભાઈ જાદવાણી એ યુવાનોને અખંડ ભારત સંકલ્પ વિશે વિસ્તૃત માહિતી આપતા માં ભારતભોમના ગૌરવશાળી ઈતિહાસ થી લઈને વર્તમાન પરિસ્થિતિ ના પડકારો અને તેના સમાધાન માટેની બજરંગ દળની યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

ઉપરોક્ત કાર્યક્રમની સફળતા માટે હર્ષ મુથરેજા, જીતુભાઈ કેસુર, ગુરુભાઈ રાવલ, રાજુભાઈ રાજપુત ઉપરાંત અનેક કાર્યકર્તાઓનું યોગદાન રહ્યું હતું. અંતમાં તમામ ઉપસ્થિત કાર્યકર્તાઓ અને અધિકારીઓ દ્વારા પૂર્ણ સન્માન સાથે દક્ષ સ્થિતિમા વંદે માતરમ ગાન ગાવામાં આવ્યું હતું. કાર્યક્રમના સફળ આયોજન બદલ અશ્વિનભાઈ ગોસાઈ દ્વારા તમામ સંતો-મહંતો, આગેવાનો, કાર્યકર્તાઓ, યુવાનો અને ઉપસ્થિત ધર્મપ્રેમી જનતાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# રાજકોટના મનપાના નાનામવા અર્બન હેલ્થ સેન્ટરની નોંધપાત્ર સિધ્ધિ : એવોર્ડ મળ્યો



રાજકોટ,

રાજકોટ મનપાના નાનામવા શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા રાષ્ટ્રીય ગુણવત્તા ખાતરી ધોરણો (એનકયુએએસ) અંતર્ગત તા. ૧૭ થી ૧૮ ફેબ્રુઆરી દરમિયાન સફળતાપૂર્વક મૂલ્યાંકન ડો. પરિક્ષિત નંદી (નેત્રારોગ નિષ્ણાત, પશ્ચિમ બંગાળ) તથા મંગલારામ વિશ્નોઈ (નર્સિંગ હેડ, રાજસ્થાન) દ્વારા કરવામાં આવ્યું હતું. આ મૂલ્યાંકનમાં નાનામવા શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રએ કુલ ૯૦.૬૩% ગુણ પ્રાપ્ત કરીને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા સાબિત કરી છે.

કેન્દ્ર ખાતે જનરલ ક્લિનિક, માતૃત્વ આરોગ્ય સેવા, નવજાત અને બાળ આરોગ્ય, રસીકરણ, કુટુંબ કલ્યાણ, ચેપી રોગ નિયંત્રણ, બિનચેપી રોગ નિયંત્રણ, ડ્રેસિંગ રૂમ અને ઈમરજન્સી સેવા, ફાર્મસી, લેબોરેટરી, આઉટરીચ સેવાઓ, સામાન્ય વહીવટ વગેરે સેવાઓની ગુણવત્તાની ચકાસણી કરવામાં આવી હતી.

આ સિદ્ધિ સતત મહેનત, કરૂણાભાવ, ગુણવત્તાપ્રત્યેની પ્રતિબદ્ધતા અને એક-એક પગલું આગળ વધવાની ભાવનાનું પરિણામ છે. ડો.માનસી એમ. ડોડિયા, મેડિકલ ઓફિસર, નાનામવા શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સક્ષમ નેતૃત્વ હેઠળ સમગ્ર ટીમે એકજૂટ થઈને આ સિદ્ધિ હાંસલ કરી છે.

આ ટીમમાં મેડિકલ ઓફિસર, આયુષ મેડિકલ ઓફિસર, સ્ટાફ નર્સ, લેબોરેટરી ટેક્નિશિયન, ફાર્માસિસ્ટ, મહિલા આરોગ્ય કાર્યકર, મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર, કેસ રાઈટર, પટાવાળા, સુરક્ષા કર્મચારી તેમજ આશા બહેનો આમ કુલ ૫૧ સ્ટાફની મહેનત થકી આ શક્ય બન્યું છે. કેન્દ્ર ભવિષ્યમાં પણ ઉચ્ચ ગુણવત્તાની, દર્દી કેન્દ્રિત અને સર્વસમાવેશક આરોગ્ય સેવાઓ પ્રદાન કરવા માટે સતત પ્રયત્નશીલ રહેશે તેમ આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

# રાજકોટ કલેકટર કચેરી ખાતે લેન્ડગ્રેબીંગની બેઠક મળી : ૬૨ કેસોની સુનાવણી થઈ

## એક પણ કેસમાં પોલીસ ફરિયાદ નહીં : ૧૦ કેસનો સમાધાનથી નિકાલ

રાજકોટ,

રાજકોટ કલેકટર કચેરી ખાતે લેન્ડગ્રેબીંગ કમીટીની ગઈકાલે કલેકટર ડો.ઓમપ્રકાશના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં ૬૨ કેસોની સુનાવણી હાથ ધરવામાં આવી હતી જોકે એક પણ કેસમાં પોલીસ ફરિયાદ (એફઆઈઆર)નો નિર્ણય લેવામાં આવેલ ન હતો.

અહીં એ ઉલ્લેખનીય છે કે સરકારી જમીનો પર પેશકદમી અને પારકી મિલ્કતો હડપ કરનારાઓ સામે કાયદાનો શિકંજો કસવા માટે લેન્ડગ્રેબીંગનો કાયદો અમલમાં મુકવામાં આવેલ છે. ગઈકાલની લેન્ડગ્રેબીંગ કમીટીની બેઠકમાં ૬૨ કેસોની સુનાવણી કરવામાં આવી હતી.

જેમાં ૧૦ કેસમાં સમાધાન થયું હતું. જયારે અન્ય ૫૨ કેસ ડ્રોપ કરવામાં આવેલ હતા અહીં એ ઉલ્લેખનીય છે કે રાજય સરકાર દ્વારા વર્ષ-૨૦૨૦માં લેન્ડગ્રેબીંગના કાયદાને મંજૂરી આપવામાં આવી છે. આ કાયદામાં મિલ્કત પડાવી લેનારા માટે ૧૦ થી ૧૪ વર્ષની સજાની જોગવાઈ કરવામાં આવી છે. આ બેઠકમાં અધિક કલેકટર બારોટ ઉપરાંત ડે.કલેકટરો, પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ મારવાડી યુવા મંચ રાજકોટ શાખા દ્વારા એઈમ્સ હોસ્પિટલ ખાતે વૃક્ષારોપણ કરાયું



રાજકોટ,

મારવાડી યુવા મંચ રાજકોટ શાખા અને મારવાડી યુવા મંચ મુસ્કાન શાખા, રાજકોટના સંયુક્ત પ્રયાસો દ્વારા આજે રાજકોટની એઈમ્સ હોસ્પિટલ ખાતે ખૂબ જ ભાવનાત્મક અને સેવાભાવી વૃક્ષારોપણ ઝુંબેશનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ ઝુંબેશ સ્વ. વિજયભાઈ રૂપાણી અને અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ૨૪૧ મુસાફરોની પવિત્ર સ્મૃતિને સમર્પિત હતી. તમામ મૃતકોને શ્રદ્ધાંજલિ આપવા માટે તેમની યાદમાં કુલ ૨૪૨ વૃક્ષો વાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે મુખ્ય મહેમાનો શ્રીમતી અંજલીબેન રૂપાણી, ઋષભભાઈ રૂપાણી અને મેહુલભાઈ રૂપાણીની હાજરીથી શોભાયમાન થયા હતા. અઈઈખજ રાજકોટના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ડો. એલ.એન. ડોરીન રંજન, ડેપ્યુટી ડિરેક્ટર લેફ્ટનન્ટ કર્નલ અંકુર પ્રતાપ સિંહ અને એઈમ્સ હોસ્પિટલના સમગ્ર નર્સિંગ સ્ટાફ અને કર્મચારીઓએ તેમનો અમૂલ્ય સહયોગ આપ્યો હતો

# રાજકોટ જિલ્લામાં નવનિયુકત તલાટીઓ દોઢ મહિનાથી હાજર હોવા છતા પગારથી વંચિત

## ભરતી કરવામાં આવેલા ૮૨ જેટલા નવનિયુક્ત તલાટી કમ મંત્રીઓ ભારે અન્યાય થયાનો સૂર

રાજકોટ,

રાજકોટ જિલ્લામાં ભરતી કરવામાં આવેલા ૮૨ જેટલા નવનિયુક્ત તલાટી કમ મંત્રીઓ છેલ્લા કેટલાક સમયથી ભારે અન્યાય અને વિસંગતતાનો ભોગ બની રહ્યા છે. સરકારી પ્રક્રિયા પૂર્ણ કરીને નિયુક્તિ પત્ર મેળવી લીધા હોવા છતાં, આ તલાટીઓને હજુ સુધી કોઈ ચોક્કસ ગામ કે પંચાયતમાં પોસ્ટિંગ આપવામાં આવ્યું નથી. આ ઉપરાંત, દોઢ મહિનાથી કામગીરી અને હાજરી નોંધાવવા છતાં તેઓને નિયમિત પગાર પણ ચૂકવવામાં આવ્યો નથી.અન્ય જિલ્લાઓમાં સાથે ભરતી થયેલા ઉમેદવારોને પોસ્ટિંગ આપી દેવામાં આવ્યું છે અને તેમનો પગાર પણ શરૂ થઈ ગયો છે, જ્યારે રાજકોટ જિલ્લામાં જ વહીવટી ઢીલના કારણે ૮૨ જેટલા તલાટીઓ રઝળી પડ્યા છે. આ આર્થિક અને માનસિક મુશ્કેલીથી કંટાળીને આજે તમામ નવનિયુક્ત તલાટીઓ એકઠા થઈને કલેક્ટર કચેરીએ દોડી આવ્યા હતા અને વિરોધ નોંધાવ્યો હતો.

તલાટી વયક્ત કરેલા સૂરમાં જણાવ્યા પ્રમાણે ભરતી પ્રક્રિયા પૂર્ણ થયા છતાં હજુ સુધી કયા ગામમાં ફરજ બજાવવી તેનું પોસ્ટિંગ આપવામાં આવ્યું નથી.છેલ્લા કેટલાક મહિનાઓથી આર્થિક રીતે ભીંસ અનુભવી રહેલા યુવાનોને હજુ સુધી એક પણ મહિનાનો પગાર મળ્યો નથી. રાજકોટ સિવાયના અન્ય જિલ્લાઓમાં સમાન ભરતી હેઠળના તલાટીઓને તાત્કાલિક પોસ્ટિંગ આપીને પગાર પણ ચાલુ કરી દેવાયો છે.વહીવટી તંત્રની આ અણઘડ નીતિને કારણે શિક્ષિત બેરોજગારોમાંથી મુક્ત થયેલા યુવાનો હવે સરકારી સીસ્ટમના વાંકે હેરાન થઈ રહ્યા છે.

# ક્રોમાનું નવું અભિયાન 'ઘર બનતા હૈં ક્રોમા સે' મકાનને ઘર બનાવતી યાદગાર ક્ષણોની ઉજવણી કરે છે

મુંબઈ,


ટાટા ગ્રૂપની વિશ્વસનિય ઓમ્નિ-ચેનલ ઈલેક્ટ્રોનિક્સ રિટેલર ક્રોમાએ ઘર બનતા હૈં ક્રોમા સેશ્ઈ૩૯; અભિયાન શરૂકર્યું છે, જે ભારતીય ઘરો સાથે ક્રોમાના ઊંડા જોડાણ અને મકાનને ખરાં અર્થમાં ઘર બનાવતા સંબંધો, સંવાદ અને યાદગીરીઓની ઉજવણીઓ કરે છે.આધુનિક ભારતીય ઘર ઝડપથી બદલાઈ રહ્યાં છે. હવે ઉપકરણો અને ઈલેક્ટ્રોનિક્સ ચીજવસ્તુઓ આકાંક્ષારૂપ લક્ઝરીઓ રહી નથી, પરંતુએ જીવનશૈલી, આરામ અને સુવિધાને શ્રેષ્ઠ બનાવતી આવશ્યક ચીજવસ્તુઓ બની ગઈ છે. આ પરિવર્તનને ધ્યાનમાં રાખીને અભિયાનદર્શાવે છે કે, ક્રોમા ફક્ત ચીજવસ્તુઓનું વેચાણ કરતી રિટેલર નથી, પરંતુ પરિવારો માટે એક વિશ્વસનિય સલાહકાર પણ છે, જે જીવનનામહત્વપૂર્ણ ક્ષણોમાં તેમનો સાથ આપે છે.

આ અભિયાન વિશે ક્રોમાના ચીફ માર્કેટિંગ ઓફિસર અમિત અગ્રવાલે કહ્યું હતું,૨૦ વર્ષથી વધારે ગાળાની સફરમાં ક્રોમાએ લાખો ભારતીય ઘરોમાં જવાની તક પ્રાપ્ત કરી છે. અમે પોતે જોયું છે કે, કેવી રીતે ટેકનોલોજી રોજિંદા જીવનનું અભિન્ન અંગ બની ગઈ છે. દરેક પ્રથમ ઘર, દરેક ઉજવણી અને પરિવાર સાથે કરેલું દરેક ભોજન એક સ્ટોરી બયાન કરે છે. ક્રોમામાં અમારો ઉદ્દેશ અમારા દરેક કાર્યના કેન્દ્રમાં ગ્રાહકો માટે ઈલેક્ટ્રોનિક્સ ચીજવસ્તુઓની ખરીદીને સરળ બનાવવાનો છે. અમારું મિશન ગ્રાહકોના ચહેરા પર ખુશી અને હાસ્ય લાવવાનું છે,તમામ ડિજિટલ, OTT અને સોશિયલ મીડિયા પર મહત્વપૂર્ણ રીતે આ ઈન્ટિગ્રેટેડ અભિયાન જોવા મળે છે તથા સાથે સાથે, પાયાના સ્તરેપણ અનેક પ્રવૃત્તિઓ ચાલુ છે. આ વીડિયા પર આધારિત સ્ટોરી મારફતે ક્રોમાનું અત્યાર સુધીનું સૌથી મોટું રોકાણ છે,

# રાજકોટમાં પૂ. રણછોડદાસજીબાપુ આશ્રમ દ્વારા રક્ષાબંધન નિમિત્તે મીઠાઈ -રાખડીઓનું વિતરણ

રાજકોટ,

પ.પૂ. શ્રી રણછોડદાસજીબાપુ આશ્રમ (શ્રી સદ્ગુરુ સદન ટ્રસ્ટ), રાજકોટ દ્વારા રક્ષાબંધનના પવિત્ર તહેવાર નિમિત્તે શુદ્ધ અને પવિત્ર મીઠાઈઓ જેવી કે ટોપરાપાક, સાડા પેંડા, માવાના પેંડા, થોબડી પેંડા, મોહનથાળ વગેરે વ્યાજબી ભાવે વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત રક્ષાબંધનના પવિત્ર તહેવાર નિમિત્તે અવનવી વિવિધ રાખડીઓનું પણ વ્યાજબી ભાવે વેચાણ કરવામાં આવશે. આ રાખડી વેચાણ તેમજ મીઠાઈ વિતરણ સવારે ૮:૦૦ થી ૧:૦૦ અને બપોરે ૪:૦૦ થી ૮:૦૦ વાગ્યા દરમિયાન કરવામાં આવશે.



આ રાખડીઓ અને મીઠાઈનો લાભ લેવા માટે પ.પૂ.શ્રી રણછોડદાસજીબાપુ આશ્રમ (શ્રી સદ્ગુરુ સદન ટ્રસ્ટ), રાજકોટ સંચાલિત શ્રી સદ્ગુરુ સામગ્રી ભંડાર તથા શ્રી સદ્ગુરુ સાહિત્ય કેન્દ્ર મો. ૮૪૬૦૯ ૨૮૫૦૯ પર સંપર્ક સાધવો.

# રાજકોટની સ્ટર્લિંગ હોસ્પિટલે સ્ટર્લિંગ ઈન્સ્ટિટ્યૂટ ઓફ બ્રેઈન, સ્પાઈન અને નર્વ કેરનો કર્યો પ્રારંભ

## એક છત નીચે વ્યાપક ન્યુરોલોજિકલ, ન્યુરોસર્જિકલ અને સ્પાઈન કેર લાવે છે

રાજકોટ,

રાજકોટની આરોગ્ય સંભાળ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવાના પગલામાં સ્ટર્લિંગ હોસ્પિટલ્સ, રાજકોટે સ્ટર્લિંગ ઈન્સ્ટિટ્યૂટ ઓફ બ્રેઈન, સ્પાઈન અને નર્વ કેરના લોન્ચની જાહેરાત કરી છે, જે ન્યુરોલોજિકલ, ન્યુરોસર્જિકલ અને સ્પાઈન સ્થિતિઓના નિદાન, સારવાર અને પુનર્વસન માટે સમર્પિત એક વ્યાપક કેન્દ્ર છે. આ લોન્ચિંગ ન્યુરો અને સ્પાઈન સર્જન ડૉ. ગૌરાંગ વાઘાણી અને ડૉ. મયંક વેકરિયા તેમ જ ન્યુરોલોજિસ્ટ ડૉ. મિતુલ કાસુન્દ્રા અને ડૉ. દીપ આર ફળદુની સન્માનનીય હાજરીમાં થયું હતું, જેમણે ન્યુરોલોજી માટે સંકલિત સંભાળની વધતી જતી જરૂરિયાત વિશે સભાને સંબોધન કર્યું હતું.

આ નવા શરૂ કરાયેલા સેન્ટર દર્દીઓને સંકલિત સંભાળ પૂરી પાડવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે, જેમાં પ્રારંભિક નિદાન અને અદ્યતન તપાસથી લઈને તબીબી અને સર્જિકલ સારવાર, રિહેબિલિટેશન અને લાંબા ગાળાના ફોલો-અપનો સમાવેશ થાય છે. આમ, મગજના સ્ટ્રોક, બ્રેઈન ટ્યુમર, સ્પાઈન ટ્યુમર, જન્મજાત મગજ અને કરોડરજ્જુનીબીમારી, વાઈ, માથાનો દુખાવો અને ચક્કર, ડિમેન્શિયા, પાર્કિન્સન રોગ, હલનચલન વિકૃતિઓ અને કરોડરજ્જુની સંભાળ જેવી ન્યુરોલોજિકલ બીમારીઓ માટે વિશિષ્ટ સંભાળની મજબૂત ઈકોસિસ્ટમ સક્ષમ બનાવવામાં આવશે.

સ્ટર્લિંગ હોસ્પિટલ્સના એમડી અને સીઈઓ શ્રી સંતોષ મરાઠેએ જણાવ્યું હતું કે ''ન્યુરોલોજિકલ અને સ્પાઈન ડિઝઓર્ડર વ્યક્તિની સ્વતંત્રતા, ગતિશીલતા, સમજશક્તિ અને જીવનની ગુણવત્તા પર ઊંડી અસર કરી શકે છે. સ્ટર્લિંગ ઈન્સ્ટિટ્યૂટ ઓફ બ્રેઈન, સ્પાઈન અને નર્વ કેરનું લોન્ચિંગ એક છત હેઠળ વિશિષ્ટ કુશળતા અને વ્યાપક સારવાર માર્ગોને એકત્ર લાવવાની અમારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. ન્યુરોલોજી, ન્યુરો અને સ્પાઈન સર્જરી, અદ્યતન ડાયગ્નોસ્ટિક્સ, ઈમરજન્સી પ્રતિભાવ અને રિહેબિલિટેશનને એકીકૃત કરીને અમે રાજકોટ અને વિશાળ સૌરાષ્ટ્ર પ્રદેશના દર્દીઓને ઘરની નજીક ઉચ્ચ-ગુણવત્તાવાળી, સંકલિત સંભાળની પહોંચ પ્રદાન કરવાનો લક્ષ્યાંક રાખીએ છીએ.''




રાજકોટની સ્ટર્લિંગ હોસ્પિટલના ન્યુરો અને સ્પાઈન સર્જન ડૉ. ગૌરાંગ વાઘાણીએ જણાવ્યું હતું કે, ''મગજ અને કરોડરજ્જુની જટિલ સ્થિતિઓમાં ખાસ કરીને દર્દીઓને તબીબી વ્યવસ્થાપન, સર્જિકલ ઈન્ટરવેન્શન અને રિહેબિલિટેશનના સંયોજનની જરૂર હોય ત્યારે મોટે ભાગે મલ્ટિડિસિપ્લિનરી અભિગમ આવશ્યક હોય છે. સ્ટર્લિંગ ઈન્સ્ટિટ્યૂટ ઑફ બ્રેઈન, સ્પાઈન અને નર્વ કેરને આવા દર્દીઓ માટે સચોટ નિદાનથી લઈને અદ્યતન સારવાર અને પુનઃપ્રાપ્તિ સુધીનો એક સરળ માર્ગ બનાવવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. અમારું ધ્યાન વ્યક્તિગત સંભાળ અને દરેક દર્દી માટે તેમની ક્લિનિકલ સ્થિતિના આધારે સૌથી યોગ્ય સારવાર પસંદ કરવા પર રહેશે.''રાજકોટની સ્ટર્લિંગ હોસ્પિટલ્સના ન્યુરોલોજિસ્ટ ડૉ. મિતુલ કાસુન્દ્રાએ જણાવ્યું હતું કે ''સ્ટ્રોક, એપિલેપ્સી, માઈગ્રેન, વર્ટિગો, પાર્કિન્સન રોગ અને ડિમેન્શિયા જેવા ન્યુરોલોજિકલ ડિઝઓર્ડર દર્દીઓ અને તેમના પરિવારોને નોંધપાત્ર રીતે અસર કરી શકે છે વહેલી ઓળખ, સચોટ નિદાન અને સમયસર હસ્તક્ષેપ આમાંની ઘણી પરિસ્થિતિઓમાં પરિણામોમાં અર્થપૂર્ણ ફરક લાવી શકે છે.

રાજકોટ સ્થિત સ્ટર્લિંગ હોસ્પિટલ્સના મૂવમેન્ટ ડિસઓર્ડર્સ પાર્કિન્સન સ્પેશિયાલિસ્ટ ડૉ. દીપ આર. ફળદુએ જણાવ્યું હતું કે "સ્ટર્લિંગ હોસ્પિટલ્સમાં, અમે દર્દી-કેન્દ્રિત અભિગમ સાથે મૂવમેન્ટ ડિસઓર્ડર્સ માટે વ્યાપક અને અદ્યતન સંભાળ પૂરી પાડીએ છીએ. અમારી વિશિષ્ટ સેવાઓમાં પાર્કિન્સન રોગ અને અન્ય જટિલ ન્યુરોલોજીકલ મૂવમેન્ટ ડિસઓર્ડર્સનું નિષ્ણાત સંચાલન શામેલ છે. અમે યોગ્ય મૂવમેન્ટ-સંબંધિત પરિસ્થિતિઓ માટે અદ્યતન બોટ્યુલિનમ ટોક્સિન(બોટોક્સ) ઈન્જેક્શન થેરાપી ઓફર કરીએ છીએ. પસંદ કરેલા દર્દીઓ માટે, અમે વ્યાપક પાર્કિન્સન સંભાળના ભાગ રૂપે અદ્યતન ડીપ બ્રેઈન સ્ટીમ્યુલેશન (ડીબીએસ) સર્જરી પ્રદાન કરીએ છીએ." સ્ટર્લિંગ ઈન્સ્ટિટ્યૂટ ઓફ બ્રેઈન, સ્પાઈન અને નર્વ કેરના લોન્ચ સાથે સ્ટર્લિંગ હોસ્પિટલ્સ, રાજકોટ અને વ્યાપક સૌરાષ્ટ્ર પ્રદેશના દર્દીઓ માટે અદ્યતન ન્યુરોલોજિકલ, ન્યુરોસર્જિકલ અને સ્પાઈન સેવાઓની સુલભતાને મજબૂત બનાવવાનો હેતુ ધરાવે છે.

દુઃખદ અવસાન
બેસણું



સ્વ. મનોરમાબેન હસમુખરાય રાવલ
સ્વ.તા.૧૭-૮-૨૦૨૬

મનોરમાબેન હસમુખરાય રાવલ (ઉ.વ. 88) તે સ્વ. હસમુખરાય જે. રાવલના ધર્મપત્નિ તથા વિક્રમ હસમુખરાય રાવલ (તંત્રીશ્રી નૂતન સૌરાષ્ટ્ર દૈનિક-રાજકોટ), ઉષાબેન પ્રદીપકુમાર ઉપાધ્યાય (હૈદરાબાદ), સ્મિતાબેન મુકેશકુમાર ત્રિવેદી (જામનગર) , દિવ્યાબેન વિજયકુમાર ભટ્ટ (કેનેડા), માધવીબેન જયેશકુમાર ભાટિયા (અમેરિકા), દીપાબેન (રાજકોટ) ના માતુશ્રી, દિપ્તીબેન વી. રાવલના સાસુ, કીર્તિભાઈ, હંસાબેનના ભાભી, હરિતા, સમન્વી, પ્રાંશુના દાદીનું તા.17-08-2026 ને સોમવારના રોજ અવસાન થયેલ છે.

॥ સદગતનું બેસણું ॥
તા.20-08-2026 ને ગુરુવારના રોજ સાંજે 5 થી 6
નાગર બોર્ડિંગ, ટાગોર રોડ, વિરાણી હાઈસ્કૂલ સામે, રાજકોટ
મો. 98255 05522

રાવલ પરિવારના જય મહાદેવ
SHASHI

# ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેટને નવો યુએસ પ્રદેશ ગણાવતો નકશો પોસ્ટ કર્યો

## અમેરિકા સાથે હસ્તાક્ષર કરાયેલા ૧૪-મુદ્દાના સમજૂતી કરાર (MoU) માં નિર્ધારિત બધી ઈરાની શરતો પૂર્ણ ન થાય ત્યાં સુધી હોર્મુઝ સ્ટ્રેટ દરિયાઇ ટ્રાફિક માટે બંધ રહેશે : ઈરાન




વોશિંગ્ટન,
અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે વ્યૂહાત્મક જળમાર્ગ પર ચાલી રહેલા તણાવ વચ્ચે હોર્મુઝ સ્ટ્રેટને 'નવો યુએસ પ્રદેશ' તરીકે લેબલ કરતા નકશાની છબી પોસ્ટ કરી. આ પોસ્ટ ત્યારે આવી છે જ્યારે ઈરાન વૈશ્વિક ઉર્જા શિપમેન્ટ માટે મહત્વપૂર્ણ દરિયાઇ માર્ગ, હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા નેવિગેશનને પ્રતિબંધિત કરવાનું ચાલુ રાખે છે.

અમેરિકાના રાષ્ટ્રપતિએ કોઈપણ વધારાની ટિપ્પણી વિના તેમના ટ્રૂથ સોશિયલ પ્લેટફોર્મ પર નકશો શેર કર્યો. ગયા અઠવાડિયે, ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ 'ટૂંક સમયમાં' હોર્મુઝ સ્ટ્રેટને યુનાઈટેડ સ્ટેટ્સનો પ્રદેશ જાહેર કરશે. ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેટને નવા યુએસ પ્રદેશ તરીકે લેબલ કરતો નકશો પોસ્ટ કર્યો. આ દરમિયાન, ઈરાની સંસદના અધ્યક્ષ મોહમ્મદ બાઘર ગાલિબાફે જણાવ્યું હતું કે જ્યાં સુધી અમેરિકા સાથે હસ્તાક્ષર કરાયેલા ૧૪-મુદ્દાના સમજૂતી કરાર (MoU) માં નિર્ધારિત બધી ઈરાની શરતો પૂર્ણ ન થાય ત્યાં સુધી હોર્મુઝ સ્ટ્રેટ દરિયાઇ ટ્રાફિક માટે બંધ રહેશે, જે ફરીથી ખોલવાનું સીધું વિદેશી પ્રતિબંધો અને લશ્કરી કામગીરીને સંપૂર્ણપણે દૂર કરવા સાથે જોડે છે."જ્યાં સુધી સમજૂતી પત્રમાં અમેરિકાની પ્રતિબદ્ધતાઓ - જેમાં નાકાબંધી હટાવવી, સ્થિર સંપત્તિ મુક્ત કરવી, તેલ પ્રતિબંધો હટાવવા, તમામ મોરચે ધમકીઓ અને લશ્કરી કાર્યવાહીનો અંત લાવવો અને અમેરિકા દ્વારા પ્રતિબદ્ધ અન્ય શરતોનો સમાવેશ થાય છે - લાગુ ન થાય ત્યાં સુધી "સ્ટ્રેટ" ખોલવામાં આવશે નહીં," ગાલિબાફે કહ્યું.

વધુ ઉગ્રતા સામે વિરોધીઓને ચેતવણી આપતા, સ્પીકરે ભારપૂર્વક જણાવ્યું કે ઈસ્લામિક રિપબ્લિક "તેની ક્રિયાઓ અને આક્રમણોના પ્રમાણમાં દુશ્મન પર ભારે પરાજય લાદવા માટે તૈયાર છે." ગાલિબાફે રાજદ્વારી પ્રક્રિયાનો બચાવ કર્યો, નોંધ્યું કે લશ્કરી દુશ્મનાવટ રોકવા માટે એમઓયુ દ્વારા પૂરી પાડવામાં આવેલી બારી દેશના રાષ્ટ્રીય સંરક્ષણ અને સ્થાનિક અર્થતંત્રને મજબૂત કરવા માટે એક મહત્વપૂર્ણ તક આપે છે."અલબત્ત, એ સ્પષ્ટ કરવું જરૂરી છે કે નાકાબંધી હટાવવા અને યુદ્ધવિરામ અંગેના મેમોરેન્ડમથી મળેલી તક આર્થિક સ્થિતિસ્થાપકતા વધારવા અને ઈરાનની રક્ષણાત્મક શક્તિના પુનઃનિર્માણમાં યોગ્ય મદદ હતી," તેમણે કહ્યું.

### હોર્મુઝમાં જહાજ પર હુમલો

યુકે મેરીટાઈમ ટ્રેડ ઓપરેશન્સ (યુકેએમટીઓ) અનુસાર, હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થઈ રહેલા એક જહાજને અજાણ્યા ગોળા દ્વારા ટક્કર મારવામાં આવી હતી, જેના કારણે તેના એન્જિન રૂમને નુકસાન થયું હતું અને એક ક્રૂ સભ્ય ઘાયલ થયો હતો.

# ભારત અને નેપાળના ટોચના અધિકારીઓની ઉચ્ચ સ્તરીય બેઠક દેહરાદૂન ખાતે યોજાશે

## બેઠકમાં બંને દેશો વચ્ચેના સરહદી વિવાદ અને લિપુલેખ પાસ દ્વારા વેપાર અંગે નેપાળના દ્રષ્ટિકોણ અંગે ચર્ચા થવાની ધારણા

દહેરાદુન,
ભારત અને નેપાળના ટોચના અધિકારીઓની ઉચ્ચ સ્તરીય બેઠક દેહરાદૂન ખાતે યોજાશે. ૧૯ અને ૨૦ ઓગસ્ટના રોજ યોજાનારી આ બે દિવસીય બેઠકમાં બંને દેશો વચ્ચેના સરહદી વિવાદ અને લિપુલેખ પાસ દ્વારા વેપાર અંગે નેપાળના દ્રષ્ટિકોણ અંગે ચર્ચા થવાની ધારણા છે.

ગૃહ મંત્રાલયના અધિકારીઓની એક ટીમ આજે બેઠકમાં ભાગ લેવા માટે દહેરાદૂન પહોંચી છે. કેટલાક વિદેશ સેવા અધિકારીઓ પણ આ ટીમનો ભાગ હોઈ શકે છે. તેવી જ રીતે, નેપાળી અધિકારીઓનું એક પ્રતિનિધિમંડળ પણ વાટાઘાટો માટે દહેરાદૂન પહોંચી રહ્યું છે. આ બેઠકમાં બંને દેશો વચ્ચેના તણાવપૂર્ણ મુદ્દાઓને ઉકેલવા અને પરસ્પર વિશ્વાસ પુનઃસ્થાપિત કરવાના માર્ગો શોધવામાં આવશે.

બંને દેશોના ટોચના અધિકારીઓની આ બેઠક ભારતીય સેના પ્રમુખ જનરલ ધીરજ સેઠની નેપાળની ત્રણ દિવસીય મુલાકાત (૧૭-૧૯ ઓગસ્ટ) વચ્ચે થઈ રહી છે. આ મુલાકાત દરમિયાન, તેઓ બંને દેશો વચ્ચે સંરક્ષણ સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે નેપાળી લશ્કરી અધિકારીઓ સાથે વાતચીત કરશે. તેઓ ભારત અને નેપાળ વચ્ચેના વર્ષો જૂના સાંસ્કૃતિક સંબંધોને વધુ મજબૂત બનાવવાના માર્ગો પર પણ ચર્ચા કરશે. અગાઉ, ૧૪ ઓગસ્ટના રોજ, બંને દેશોના ટોચના અધિકારીઓ લખનૌમાં મળ્યા હતા અને સરહદી વિવાદોને ઉકેલવા માટે આધુનિક ટેકનોલોજી અપનાવવા સંમત થયા હતા.

# કેનેડામાં પાર્કમાં મહિલા પર જાતીય હુમલો કરવાના આરોપમાં ભારતીય મૂળના પુરુષની ધરપકડ

કેનેડા
આ મહિનાની શરૂઆતમાં એક પાર્કમાં એક મહિલા યુવક પર કથિત જાતીય હુમલો કરવાના કેસમાં કેનેડિયન પોલીસે ૪૦ વર્ષીય ભારતીય મૂળના એક પુરુષ પર આરોપ મૂક્યો છે.

સોમવારે જારી કરાયેલા એક પ્રકાશનમાં, સરે પોલીસ સર્વિસ (SPS) એ શંકાસ્પદ વ્યક્તિની ઓળખ જગેન્દ્ર કુરાના તરીકે કરી છે. બ્રિટિશ કોલંબિયા પ્રોસિક્યુશન સર્વિસે કુરાના વિરુદ્ધ જાતીય હુમલો અને જાતીય હસ્તક્ષેપના બે ગુનાહિત સંહિતાના આરોપોને મંજૂરી આપી છે. ૯ ઓગસ્ટના રોજ રાત્રે લગભગ ૮.૧૧ વાગ્યે, SPS અધિકારીઓએ બ્રિટિશ કોલંબિયાના લોઅર મેઈનલેન્ડ પ્રદેશના સરે શહેરના એક પાર્કમાં જાતીય હુમલો થયાના અહેવાલનો જવાબ આપ્યો. પહોંચ્યા પછી, અધિકારીઓએ પીડિતા સાથે વાત કરી જેણે આરોપ લગાવ્યો કે "તેણીને એક પુખ્ત પુરુષ દ્વારા સ્પર્શ કરવામાં આવ્યો હતો અને તે વિસ્તારમાંથી ભાગી ગયેલા શંકાસ્પદ વ્યક્તિનું વર્ણન આપ્યું હતું." અધિકારીઓએ પાર્ક અને આસપાસના વિસ્તારોમાં વ્યાપક પેટ્રોલિંગ કર્યું હતું પરંતુ શંકાસ્પદ વ્યક્તિને શોધી શક્યા ન હતા. સદનસીબે, પીડિતાને શારીરિક ઈજા થઈ ન હતી. શંકાસ્પદ વ્યક્તિ દક્ષિણ એશિયન પુરુષ તરીકે વર્ણવવામાં આવી હતી, આશરે ૫ ફૂટ ૮ ઈંચ ઊંચો, વાદળી ટોક, કાળો ટી-શર્ટ, કાળો પેન્ટ અને કાળો ફ્લિપ ફ્લોપ પહેરેલો હતો. ચાર દિવસ પછી જારી કરાયેલી એક સલાહકારમાં, SPS એ જણાવ્યું હતું કે "૯ ઓગસ્ટના રોજ થયેલા કથિત જાતીય હુમલામાં જાહેર અપીલનો વિષય બનેલી વ્યક્તિની ઓળખ પોલીસે કરી લીધી છે." જાહેર અપીલ જારી થયાના એક દિવસ પછી, ૧૨ ઓગસ્ટના રોજ કુરાનાની ધરપકડ કરવામાં આવી હતી. તેને સોમવારે તેની પહેલી કોર્ટમાં હાજરી આપવાનું હતું.

# ઈરાન કટોકટી, મોંઘુ ઈંધણ અને નબળા રૂપિયાને કારણે ભારતનો વિકાસ દર ૬.૮ ટકા રહેવાનો અંદાજ

## નાણાકીય વર્ષ ૨૭માં છૂટક ફુગાવાનો દર સરેરાશ ૪.૯% રહેવાનો અંદાજ

નવીદિલ્હી,
ભારતીય અર્થતંત્ર માટે એક નવી ચિંતા ઉભી થઈ છે. ઈન્ડિયા રેટિંગ્સ એન્ડ રિસર્ચએ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં ભારતનો જીડીપી વૃદ્ધિદર ૬.૮% રહેવાનો અંદાજ લગાવ્યો છે. પાછલા નાણાકીય વર્ષમાં આર્થિક વિકાસદર ૭.૬% હતો. એજન્સીના મતે, પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ, ઈંધણ અને ખાદ્ય ફુગાવા, નબળો રૂપિયો અને કૃષિ પર અલ નીનોની સંભવિત અસરને કારણે વૃદ્ધિ ધીમી પડી શકે છે.




ઈન્ડ-રાએ મે ૨૦૨૬ માં નાણાકીય વર્ષ ૨૭ માટે જીડીપી વૃદ્ધિ ૬.૭% રહેવાનો અંદાજ લગાવ્યો હતો. તે હવે ૬.૮% સુધી વધારી દેવામાં આવ્યો છે.આરબીઆઈએ તાજેતરમાં તેનો અંદાજ ૬.૬% થી વધારીને ૬.૭% કર્યો છે. આનો અર્થ એ થયો કે સ્થાનિક અર્થતંત્રની મજબૂતાઈ હોવા છતાં, બાહ્ય જોખમો ચિંતાનું કારણ છે.

રેટિંગ એજન્સીનો અંદાજ છે કે નાણાકીય વર્ષ ૨૭ માં ક્રૂડ ઓઈલનો સરેરાશ ભાવ પ્રતિ બેરલ ૮૫ આસપાસ હોઈ શકે છે. જૂન ક્વાર્ટરમાં, ભારતીય ક્રૂડ ઓઈલ બાસ્કેટનો સરેરાશ ભાવ પ્રતિ બેરલ ૧૦૧.૩૧ હતો. નીચા તેલના ભાવ ભારતને રાહત આપે છે, કારણ કે તે તેના આયાત બિલ અને ચાલુ ખાતાની ખાધ પર દબાણ ઘટાડે છે. જો કે, જો પશ્ચિમ એશિયાઈ કટોકટીને કારણે તેલના ભાવ વધે છે, તો ઈંધણ ફુગાવો વધી શકે છે, જે આર્થિક વિકાસને અસર કરશે.

# NHAI દ્વારા દેશભરના ૧૨૧ ટોલ પ્લાઝા પર ડિજિટલ ફાસ્ટેગ

## લોકલ પાસ સુવિધાનો વિસ્તાર કરવામાં આવ્યો

નવી દિલ્હી,
ભારત સરકારના 'ડિજિટલ ઈન્ડિયા' વિઝન અને નાગરિકો માટે 'ઈઝ ઓફ લિવિંગ' (સરળ જીવનશૈલી) વધારવાની કટિબદ્ધતાને અનુરૂપ, નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) એ દેશભરના ૧૨૧ ટોલ પ્લાઝા પર ઓનલાઈન ફાસ્ટેગ 'લોકલ પાસ' સુવિધાનો વિસ્તાર કર્યો છે. ઓનલાઈન લોકલ પાસ પાત્ર વાહનચાલકોને 'રાજમાર્ગયાત્રા' મોબાઈલ એપ દ્વારા ઓનલાઈન માસિક લોકલ પાસ સબ્સ્ક્રાઈબ કરવાની સુવિધા આપે છે, જેનાથી ટોલ પ્લાઝા પર રૂબરૂ જવાની અને દસ્તાવેજો સબમિટ કરવાની જરૂરિયાત દૂર થાય છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય ટેકનોલોજીનો ઉપયોગ કરીને ટોલિંગ કામગીરીની પારદર્શિતા અને કાર્યક્ષમતા વધારીને નેશનલ હાઈવે પરની મુસાફરીને વધુ સીમલેસ અને નાગરિક-કેન્દ્રિત બનાવવાનો છે.

પ્રથમ ડિજિટલ લોકલ પાસ સુવિધા જુલાઈ ૨૦૨૬ માં દિલ્હીમાં અર્બન એક્સ્ટેન્શન રોડ-II (UER-II) પર મુંડકા-બક્કરવાલા ટોલ પ્લાઝા ખાતે શરૂ કરવામાં આવી હતી. આ સફળ અમલીકરણ બાદ, હવે આ સુવિધા દેશભરના ૧૨૦ થી વધુ ટોલ પ્લાઝા સુધી વિસ્તરણ કરવામાં આવી છે. આવનારા મહિનાઓમાં આ સુવિધા દેશના વધુ ટોલ પ્લાઝા પર લાગુ કરવામાં આવશે.

# સ્પર્ધાત્મક અને સરકારી ભરતી પરીક્ષાઓમાં પેપર લીકના આરોપીઓની મિલકત જપ્ત કરો

## અરજી પર સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને રાજ્યો પાસેથી જવાબ માંગ્યો

નવીદિલ્હી,
સુપ્રીમ કોર્ટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને સરકારી ભરતી પરીક્ષાઓમાં પેપર લીકની ઘટનાઓને રોકવા માટેની અરજી પર કેન્દ્ર અને તમામ રાજ્ય સરકારો પાસેથી જવાબ માંગ્યો છે. આ અરજીમાં પેપર લીકમાં સંડોવાયેલા આરોપીઓ અને તેમના પરિવારના સભ્યોની સ્થાવર અને જપ્ત મિલકતોની તપાસ અને તેમની જપ્તીની માંગ કરવામાં આવી છે. ન્યાયાધીશ પી.એસ. નરસિંહા અને આલોક આરાધેની બેન્ચે મંગળવારે કેન્દ્ર અને રાજ્ય સરકારોને નોટિસ જારી કરી હતી. કોર્ટે આગામી સુનાવણી ૨૫ સપ્ટેમ્બર માટે નક્કી કરી છે.

અરજીમાં કહેવામાં આવ્યું છે કે પેપર લીક કરનારાઓ અને આવા ગુનાઓમાં સામેલ લોકોની સંપૂર્ણ સંપત્તિનું મૂલ્યાંકન કરવામાં આવે. તે તેમના પરિવારના સભ્યોની સંપત્તિની પણ તપાસ કરવાની માંગ કરે છે. અરજદારે જણાવ્યું હતું કે જો તપાસમાં ગેરકાયદેસર સંપત્તિ અથવા ગુનાહિત કમાણીનો ખુલાસો થાય છે, તો ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, મની લોન્ડરિંગ અધિનિયમ, બેનામી સંપત્તિ અધિનિયમ અને કાળા નાણાં અધિનિયમ હેઠળ યોગ્ય કાર્યવાહી થવી જોઈએ. અરજીમાં એવી પણ માંગ કરવામાં આવી છે કે પેપર લીકના દોષિતોને સજાઓ સળંગ આપવામાં આવે, એટલે કે તે એકસાથે નહીં, પરંતુ એક પછી એક લાગુ કરવામાં આવે. અરજદારના મતે, આ ભવિષ્યમાં આવી ઘટનાઓને રોકવામાં મદદ કરી શકે છે.

અરજીમાં વૈકલ્પિક રીતે વિનંતી કરવામાં આવી છે કે કાયદા પંચને પેપર લીકનો સામનો કરવા માટે અન્ય દેશોમાં અપનાવવામાં આવતી પ્રથાઓનો અભ્યાસ કરવા અને ત્રણ મહિનાની અંદર અહેવાલ તૈયાર કરવાનો નિર્દેશ આપવામાં આવે. સુનાવણી દરમિયાન, અરજદારની સમય-મર્યાદા તપાસ અને ટ્રાયલની માંગણીને અનુસરવામાં આવી ન હતી.

# ગજા અલટરનેટિવ એસેટ મેનેજમેન્ટ લિમિટેડ નો ipo આજથી ખુલ્યો




ગજા અલટરનેટિવ એસેટ મેનેજમેન્ટ લિમિટેડ નો **ipo** આજ થી ખુલી ગયો છે. ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૧૫૨થી રૂ.૧૬૦ રાહ્લખવામાં આવી છે બિડ લઘુતમ ૯૩ ઈક્વિટી શેર અને પછી ૯૩ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે.ઈશ્યુ ૧૯ ઓગસ્ટ ના રોજ ખુલશે અને ૨૧ ઓગષ્ટ ના રોજ બંધ થશે.

# સુપ્રીમ કોર્ટ વિદ્યાર્થી પર પોલીસ અત્યાચારના આરોપોની તપાસ માટે ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરશે

## સમિતિમાં ભૂતપૂર્વ ન્યાયાધીશ, સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનના ભૂતપૂર્વ ડિરેક્ટર અને રાજ્યના ભૂતપૂર્વ પોલીસ મહાનિર્દેશકનો સમાવેશ થશે

નવીદિલ્હી,
સુપ્રીમ કોર્ટે મંગળવારે કહ્યું કે તે દિલ્હીમાં વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર પોલીસ અત્યાચારના આરોપોની તપાસ માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરશે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે તે ૨૦ જુલાઈના રોજ દિલ્હીમાં સંસદ કૂચ દરમિયાન રેકોર્ડ કરાયેલા વીડિયો ફૂટેજ ઉચ્ચ સ્તરીય સમિતિને સુપરત કરવાનો નિર્દેશ આપશે. આ સમિતિ આ વીડિયોની તપાસ કરશે.

સુપ્રીમ કોર્ટના જણાવ્યા અનુસાર, આ ઉચ્ચ-સ્તરીય સમિતિ ૨૦ જુલાઈના વિરોધ દરમિયાન મહિલા વિરોધીઓને નિશાન બનાવવાના આરોપોની પણ તપાસ કરશે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને ન્યાયાધીશ વી. મોહનની બનેલી બેન્ચ બુધવારે પોતાનો આદેશ જારી કરશે. તે પહેલાં, બેન્ચ કેસમાં સામેલ કરવા માટેના સભ્યોના નામ અંગે તમામ પક્ષો પાસેથી સૂચનો માંગશે.

બેન્ચે એમ પણ કહ્યું કે તે અધિકારીઓને ૨૦ જુલાઈના રોજ દિલ્હીમાં સંસદ કૂચ દરમિયાન થયેલી હિંસાના વીડિયો ફૂટેજ અને સીસીટીવી રેકોર્ડિંગ સમિતિને સોંપવાનો નિર્દેશ આપશે. સમિતિ આ રેકોર્ડિંગની તપાસ કરશે.

વિદ્યાર્થી વિરોધ કેસમાં, સુપ્રીમ કોર્ટે કહ્યું કે પોલીસ અત્યાચારના આરોપોની તપાસ કરતી સમિતિમાં ભૂતપૂર્વ ન્યાયાધીશ, સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનના ભૂતપૂર્વ ડિરેક્ટર અને રાજ્યના ભૂતપૂર્વ પોલીસ મહાનિર્દેશકનો સમાવેશ થશે. સુનાવણી દરમિયાન, બેન્ચે કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરતા સોલિસિટર જનરલ તુષાર મહેતાને વિદ્યાર્થી વિરોધીઓ સામે નોંધાયેલી FIR ની વિગતો પૂરી પાડવા કહ્યું જે રદ કરી શકાય છે.

# મહારાષ્ટ્રમાં બળજબરીથી ધર્મ પરિવર્તન કરવા પર હવે પડશે ૭ વર્ષની જેલની સજા

## ધર્મ સ્વતંત્રતા કાયદો લાગું થયા બાદ મહારાષ્ટ્રમાં ધાર્મિક પરિવર્તન અંગેનું નવું કાનૂની માળખું અમલમાં આવશે

મુંબઈ,
ધર્મ સ્વતંત્રતા કાયદો, ૨૦૨૬ હવે ૨૮ ઓગસ્ટ, ૨૦૨૬ થી મહારાષ્ટ્રમાં અમલમાં આવશે. સરકારે ગેઝેટમાં એક સૂચના બહાર પાડી છે. આ કાયદો બધા ધર્મોના લોકોને લાગુ પડશે. આ કાયદા હેઠળ, બળજબરીથી, છેતરપિંડીથી અથવા બળજબરીથી કોઈનું બીજા ધર્મમાં રૂપાંતર કરવું એ ગુનો બનશે. બળજબરીથી ધર્મ પરિવર્તન માટે ૭ વર્ષ સુધીની જેલની સજાની જોગવાઈ કરવામાં આવી છે. તેને બિન-જામીનપાત્ર ગુનો બનાવવામાં આવ્યો છે. ૨૮ ઓગસ્ટના રોજ કાયદો અમલમાં આવ્યા પછી, મહારાષ્ટ્રમાં ધાર્મિક પરિવર્તન અંગેનું નવું કાનૂની માળખું અમલમાં આવશે.

થોડા દિવસો પહેલા જ, મહારાષ્ટ્ર વિધાનસભાના બંને ગૃહોએ 'મહારાષ્ટ્ર ધર્મ સ્વતંત્રતા બિલ, ૨૦૨૬' પસાર કર્યું હતું. કેટલાક સંગઠનોએ આ બિલનો વિરોધ કર્યો હતો, અને ચિંતા વ્યક્ત કરી હતી કે સરકાર નાગરિકોની વ્યક્તિગત સ્વતંત્રતામાં દખલ કરી રહી છે. જોકે, સરકારે આનો ઈનકાર કર્યો હતો.

બળજબરીથી ધર્મ પરિવર્તન કરવા પર હવે ૭ વર્ષની સજા થશે. આ ગુનો બિન-જામીનપાત્ર રહેશે. જો કોઈ સ્વેચ્છાએ પોતાનો ધર્મ બદલવા માંગે છે, તો તેણે ૬૦ દિવસ અગાઉ યોગ્ય અધિકારીને અરજી કરવી પડશે.

ધર્મ સ્વતંત્રતા કાયદામાં એક જોગવાઈ છે જે ઘણા રાજ્યોમાં ધર્માંતરણ વિરોધી કાયદાઓથી આગળ વધે છે. આ કાયદા મુજબ, ગેરકાયદેસર ધાર્મિક પરિવર્તન પછી લગ્ન અથવા સંબંધથી જન્મેલા બાળકને લગ્ન અથવા સંબંધ પહેલાં માતા જે ધર્મનું હોય તે જ ધર્મનું માનવામાં આવશે. જ્યારે હરિયાણા જેવા કેટલાક રાજ્યો આવા લગ્નોથી જન્મેલા બાળકો માટે વારસાના અધિકારોને માન્યતા આપે છે, મહારાષ્ટ્રના બિલમાં ખાસ કરીને બાળકના ધર્મને વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે.

આ કાયદામાં બળજબરી, છેતરપિંડી, પ્રલોભન અથવા લગ્ન દ્વારા ધાર્મિક પરિવર્તન અટકાવવા માટે કડક જોગવાઈઓ છે. બિલ મુજબ, લગ્નના બહાને ગેરકાયદેસર ધાર્મિક પરિવર્તન કરનારાઓને સાત વર્ષની જેલ અને ૧ લાખ રૂપિયાનો દંડ થઈ શકે છે. સગીર, માનસિક રીતે બીમાર વ્યક્તિ, મહિલા અથવા અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિના વ્યક્તિ સાથે સંકળાયેલા ઉલ્લંઘનોને સાત વર્ષની જેલ અને ૫ લાખ રૂપિયાનો દંડ થઈ શકે છે.

સામૂહિક ધર્માંતરણના કિસ્સામાં, સજા સાત વર્ષની કેદ અને ૫ લાખ રૂપિયાનો દંડ હશે. આ બિલ મુજબ, વારંવાર ગુનેગારોને ૧૦ વર્ષની જેલ અને ૫ લાખ રૂપિયાનો દંડ થઈ શકે છે. ગૃહ રાજ્ય મંત્રી પંકજ ભોયરના જણાવ્યા અનુસાર, આ કાયદાનો હેતુ બંધારણીય અધિકારોનું રક્ષણ કરતી વખતે છેતરપિંડી, બળજબરી અથવા પ્રલોભન દ્વારા ધર્મ પરિવર્તન અટકાવવાનો છે.

# જમ્મુ અને કાશ્મીરમાં ૭૬૫૬ રોહિંગ્યા અને ૫૦૪ બાંગ્લાદેશી નાગરિકોની ઓળખ કરવામાં આવી

## મ્યાનમારથી ભારત આવેલા ઘણા રોહિંગ્યા પહેલા હૈદરાબાદ પહોંચ્યા અને પછી જમ્મુમાં સ્થાયી થયા

જમ્મુ,
રાજ્ય સરકારે જમ્મુ અને કાશ્મીરમાં રોહિંગ્યા અને બાંગ્લાદેશી ઘૂસણખોરો અંગે વસ્તી વિષયક પરિવર્તનની તપાસ કરતી નાઓલેકર સમિતિ સમક્ષ ઉઠાવવામાં આવેલી ચિંતાઓને પણ લગભગ સાચી ગણાવી છે.

સરકારે નાઓલેકર સમિતિને મહત્વપૂર્ણ ડેટા રજૂ કર્યો છે, જે જમ્મુ અને કાશ્મીરમાં વસ્તી વિષયક પરિવર્તન સંબંધિત મુદ્દાઓની તપાસ કરી રહી છે. તેમાં જણાવાયું છે કે જમ્મુ અને કાશ્મીરના ૨૦ જિલ્લાઓમાં કુલ ૭,૬૫૬ રોહિંગ્યા અને ૫૦૪ બાંગ્લાદેશી રહે છે. આમાંથી ૬,૭૩૭ રોહિંગ્યા અને ૪૬ બાંગ્લાદેશી ફક્ત જમ્મુ વિભાગના ૧૦ જિલ્લાઓમાં રહે છે. આ માહિતી સમિતિને ૧૦ ઓગસ્ટના રોજ જમ્મુની મુલાકાત દરમિયાન આપવામાં આવી હતી. સરકારી માહિતી અનુસાર, રોહિંગ્યા જમ્મુ વિભાગના ડોડા, જમ્મુ, કઠુઆ, કિશ્તવાર, પૂંચ, રાજૌરી, રિયાસી, સાંબા, ઉધમપુર અને રામબન જિલ્લામાં કેન્દ્રિત છે. કાશ્મીર વિભાગમાં, શ્રીનગર, બડગામ, ગાંદરબલ, અનંતનાગ, પુલવામા, શોપિયાન, કુલગામ, બારામુલ્લા, બાંદીપોરા અને કુપવાડા જિલ્લામાં પણ તેમની ઓળખ કરવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, અધિકારીઓએ સમિતિને જણાવ્યું હતું કે છેલ્લા બે વર્ષમાં રોહિંગ્યા વસાહતોની સંખ્યામાં થોડો વધારો થયો છે, પરંતુ સરહદ નજીક તેમની હાજરી સુરક્ષા ચિંતાનો વિષય છે. એકલા જમ્મુમાં, રોહિંગ્યાઓ સાથે સંકળાયેલા ૧૦૧ કેસ નોંધાયા છે, જેમાં ૧૭૯ પુરુષો અને ૨૧ મહિલાઓનો સમાવેશ થાય છે. કાશ્મીર ખીણમાં, ૧૬ કેસ નોંધાયા છે, જેમાં ૪૧ મહિલાઓ અને ચાર પુરુષોનો સમાવેશ થાય છે. સુરક્ષા એજન્સીઓએ એવી પણ શંકા વ્યક્ત કરી છે કે કેટલાક રોહિંગ્યા સંગઠિત ગુના, ડ્રગ્સની હેરફેર અને માનવ તસ્કરીમાં સામેલ છે.

અધિકારીઓના જણાવ્યા મુજબ, કેટલીક રોહિંગ્યા મહિલાઓને જમ્મુથી કાશ્મીર લાવવામાં આવી છે અને સ્થાનિક પુરુષો સાથે લગ્ન કરવા દબાણ કરવામાં આવ્યું છે. તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે કેટલીક મહિલાઓ જાતીય શોષણનો ભોગ બની છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, મ્યાનમારથી ભારત આવેલા ઘણા રોહિંગ્યા પહેલા હૈદરાબાદ પહોંચ્યા અને પછી જમ્મુમાં સ્થાયી થયા. તેમાંથી મોટી સંખ્યામાં ૨૦૧૨ અને ૨૦૧૭ ની વચ્ચે જમ્મુ પહોંચ્યા. સરહદ નજીક તેમની હાજરીને ધ્યાનમાં રાખીને, સુરક્ષા એજન્સીઓ વધુ દેખરેખ પર ભાર મૂકી રહી છે. કેન્દ્ર સરકારે ૨૬ મેના રોજ નાઓલેકર સમિતિની રચના કરી હતી. આ સમિતિ ઘૂસણખોરી અને પરિણામે વસ્તી વિષયક ફેરફારોનો અભ્યાસ કરશે અને ઉકેલો સૂચવશે. સમિતિએ એક વર્ષની અંદર કેન્દ્ર સરકારને પોતાનો અહેવાલ સુપરત કરવાનો છે.

# બામણબોર પાસેથી ૨૦૫ કિલોગ્રામ ગાંજાનો જથ્થો પકડાયો, ગત એપ્રિલ માસમાં પણ ૧૦૦ કિલો ગાંજો મંગાવ્યાનો ખુલાસો

રાજકોટ:

રાજકોટને 'ઊડતા' રાજકોટ બનાવવાનો કારસો ખુલ્યો છે. જંગલેશ્વરના રમીઝ ઉર્ફે માયો રજાકે મગાવેલા ૨૦૫ કિલો ગાંજાના જથ્થા સાથે એસઓજીએ બે ટ્રક ચાલક મહમદ ઉર્ફે કાળો હુસેન ઉર્ફે કડીબાપુ સર્વદી (ઉ.વ. ૨૬, રહે. બાપા સીતારામ ચોક, ઉપલેટા) અને અરબાઝ સલીમ સંધી (ઉ.વ.૨૭, રહે. સૈફી પાર્ક, ભગવતીપરા)ને ઝડપી લીધા હતા, જ્યારે રમીઝ અને ઓરિસ્સાથી ગાંજાનો આ જંગી જથ્થો મોકલનાર અમિત ઉર્ફે ગુરખો (રહે, હડાળા, મોરબી રોડ) હાથમાં નહીં આવતાં શોધખોળ જારી રાખી છે.

૨૦૧૯ની સાલમાં ૩૫૮ કિલો ગાંજાનો જથ્થો ઝડપાયો હતો, ત્યાર બાદ ગઈકાલે ૨૦૫ કિલો ગાંજાનો જથ્થો ઝડપાયો છે. શહેર પોલીસે 'સે નો ટુ ડ્રગ્સ'નું સૂત્ર અમલમાં મુક્યું છે, જેના ભાગરૂપે ડ્રગ્સ ડીલરો અને પેડલરો ઉપર ૩૬૫ દિવસ ધોંસ બોલાવતી હોવાનો દાવો કરે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે શહેરમાં ડ્રગ્સનું ચલણ અને દૂષણ ચોંકાવનારી હદે વધી ગયું છે.

જો રમીઝ ઉર્ફે માયા જેવો એક સપ્લાયર જ ૨૦૫ કિલો ગાંજો મગાવતો હોય તો ગાંજાની કેટલી બધી ડિમાન્ડ હશે તેનો ક્યાસ કાઢવો પણ મુશ્કેલ છે. આ સ્થિતિમાં પોલીસ પખવાડિયે, મહિને એકાદ ડ્રગ્સનો કેસ કરી શાંત બેસી રહેવાને બદલે મોટાપાયે ઝૂંબેશ આદરી ડ્રગ્સનાં દૂષણ સામે અસરકારક અને





નિર્ણાયક કામગીરી કરે તે સમયનો તકાજો છે.

મળેલી ચોક્કસ બાતમીના આધારે ગઈકાલે રાતે એસઓજીએ વોચ ગોઠવી બામણબોર પાસેથી સ્ટીલના પાઈપ ભરેલા ટ્રકને અટકાવી તલાશી લેતાં અંદર બાચકામાં જુદાં- જુદાં પેકેટ્સમાં છૂપાયેલો ૨૦૪.૯૦૦ કિલોગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો.

તે સાથે જ બંને ટ્રચાલક મહંમદ ઉર્ફે કાળો અને અરબાઝની પૂછપરછ કરતાં એવી કબૂલાત આપી હતી કે ગાંજાનો આ જંગી જથ્થો જંગલેશ્વરના રમીઝે ઓરિસ્સાથી મગાવ્યો હતો. ઓરિસ્સામાં અમિત ઉર્ફે ગુરખો ભાડાંની ઓરડીમાં રહી ગાંજાનો વેપલો કરે છે. તેણે આ ગાંજાનો જથ્થો ટ્રકમાં ભરી આપ્યો હતો. રસ્તામાં પકડાઈ ન જવાય તે માટે સ્ટીલના પાઈપ વચ્ચે ગાંજાનો જથ્થો સંતાડી ટ્રકને તાલપત્રી બાંધી દીધી હતી. ત્યારબાદ બંને ઉપરાંત ગાંજો મગાવનાર રમીઝ ટ્રકમાં ઓરિસ્સાથી રાજકોટ આવવા રવાના થયા હતા.રાજકોટ નજીક જ ગમે તે કારણસર રમીઝ ઉતરી ગયો હતો. આ પછી બંને ટ્રક લઈ રાજકોટ આવતી વખતે બામણબોર પાસેથી ઝડપાઈ ગયા હતા. બંનેને રમીઝ ઉર્ફે માયાએ આ ટ્રીપ માટે રૂા.૨૦ હજાર આપવાનું નક્કી કર્યું હતું. ટ્રક અન્ય શખ્સની માલિકીનો હતો. સ્ટીલના પાઈપ રાજકોટ જ ઉતારવાના હતા, જેથી તેનું બિલ અને બિલ્ટી પણ હતાં. એસઓજીએ ગાંજાની કિંમત રૂા.૧.૦૨ કરોડ ગણી હતી. આ ઉપરાંત ત્રણ મોબાઈલ ફોન, ટ્રક, રૂા.૨૩.૧૭ લાખના સ્ટીલના પાઈપ વગેરે મળી કુલ રૂા.૧.૫૫ કરોડનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

એસઓજીના સૂત્રોએ જણાવ્યું કે ગાંજો મગાવનાર રમીઝ સૌરાષ્ટ્રભરમાં ગાંજો સપ્લાય કરતો હોવાનું જણાય છે. તે પકડાયા પછી અનેક ચોંકાવનારા ખુલાસા થશે. ઉલ્લેખનીય છે કે એકલાં રાજકોટ જ નહીં, સમગ્ર ગુજરાતમાં ગાંજાના કેસમાં મુખ્યત્વે ઓરિસ્સા અગર તો સુરતની લિન્ક ખૂલે છે. રાજકોટમાં માદક પદાર્થોના કેસમાં મોટાભાગે જંગલેશ્વરના શખ્સોની સંડોવણી ખૂલે છે.

૨૦૫ કિલો ગાંજો ઓરિસ્સાથી ગાંજો મોકલનાર અમિત ઉર્ફે ગુરખાના હડાળા પાસે આવેલા ઘર નજીક ઉતારવાનો હતો. ઝડપાયેલા બંને ટ્રક ચાલકોને હડાળા પાસે આવેલી એક હોટલ પાસે ટ્રક મૂકી દેવાની સૂચના હતી. આ સ્થળેથી પછી ગાંજો ક્યા લઈ જવાનો હતો તે વિશે હવે સુત્રધાર રમીઝ ઉર્ફે માયો ઝડપાયા પછી જ ખુલાસો થશે.આજથી વીસેક દિવસ પહેલા રાજકોટના અમુક શખ્સો ઓરિસ્સાના જંગલોમાંથી મોટા પ્રમાણમાં ગાંજો લેવા ગયાની પોલીસને માહિતી મળતાં ટીમો કામે લાગી ગઈ હતી. આખરે ગઈકાલે સાંજે બામણબોર સુધી ગાંજો પહોંચ્યા બાદ પોલીસે દરોડો પાડયો હતો. જોકે ગાંજો મંગાવનાર મુખ્ય સુત્રધાર રમીઝ ઉર્ફે માયો ગમે તે રીતે ગંધ આવી જતાં ટ્રકમાંથી આગળ જ ઉતરી ગયો હતો.૨૦૫ કિલો ગાંજા સાથે સંકળાયેલી સિન્ડીકેટે ગત એપ્રિલ માસમાં પણ ૧૦૦ કિલો ગાંજો મંગાવ્યાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. શહેર પોલીસ સે નો ટુ ડ્રગ્સ નામનું સુત્ર બહાર પાડી ડ્રગ્સ ડીલરો અને પેડલરો સામે કડક કાર્યવાહી કરાતી હોવાના દાવા કરે છે. પરંતુ વાસ્તવમાં આ દાવાઓની હવે પોલ ખુલી ગઈ છે.

પોલીસને જ એવી માહિતી મળી છે કે, ૨૦૫ કિલો ગાંજો મંગાવનાર સિન્ડીકેટે ગત એપ્રિલ માસમાં પણ સંભવતઃ ઓરિસ્સાથી ૧૦૦ કિલો ગાંજો મંગાવ્યો હતો. આ ગાંજાનો જથ્થો કોટડાનાયાણી ગામે ઉતર્યો હતો. આ પછી સમગ્ર સૌરાષ્ટ્રમાં સપ્લાય થયાની શક્યતા છે.

આ ૧૦૦ કિલો ગાંજો નહીં પકડાતા પછી હિંમત ખુલી જતાં હવે ૨૦૫ કિલો ગાંજો મંગાવ્યાનું તારણ નિકળ્યું છે.

શહેર પોલીસ છાશવારે અમુક ગ્રામ સિન્થેટીક ડ્રગ્સ અને અમુક કિલો ગાંજાનો જથ્થો ઝડપી કામગીરી કર્યાનો સંતોષ માની લે છે. પરંતુ તેની સામે કેટલો સિન્થેટીક ડ્રગ્સ અને કેટલા કિલો ગાંજો શહેરમાં ઘુસી વેંચાઈ અને પીવાઈ જાય છે તેનો કોઈ અંદાજ પણ નથી.

એટલું જ નહી પોલીસ ડ્રગ્સ માફિયાઓ અને પેડલરો ઉપર તેની બરાબર વોચ હોવાના જે દાવા કરે છે તેની પણ હવે પોલ ખુલી ગઈ છે. કારણ કે ડ્રગ્સનો જથ્થો મંગાવનાર રમીઝ ઉર્ફે માયો એસઓજીના સુત્રોના જણાવ્યા પ્રમાણે અગાઉ ભક્તિનગર પોલીસના હાથે ડ્રગ્સના કેસમાં પકડાયો હતો.

આ જ રીતે ટ્રક ચાલક મહંમદ ઉર્ફે કાળો પણ ધોરાજીમાં એનડીપીએસના કેસમાં પકડાયેલો છે. ઓરિસ્સાથી ગાંજો મોકલનાર અમિત ઉર્ફે ગુરખો બી.ડિવિઝનના એનડીપીએસના કેસમાં વોન્ટેડ છે. ત્રણેય આરોપીઓ ડ્રગ્સના કેસમાં સંડોવાયેલા હોવા છતાં ફરીથી ડ્રગ્સનો વેપલો ચાલું રાખ્યો હતો. જે બાબત પોલીસની નિષ્ફળતા તરફ અંગૂલીનિર્દેશ કરે છે.

# ગોંડલ પંથકમાં ડુપ્લિકેટ ખાદ્યતેલ બનાવવાનાં કૃત્યનો પર્દાફાશ

## એસઓજીની ટીમે સસ્તા પામ-સોયા ઓઈલમાં એસેન્સ ભેળવીને ભેળસેળયુક્ત ખાદ્યતેલ બનાવવાનું મોટું નેટવર્ક ઝડપી પાડયું

રાજકોટ:

રાજકોટ ગ્રામ્ય પોલીસ અને એસઓજીની ટીમે ગોંડલ નજીક ભોજપરા જીઆઈડીસી વિસ્તારમાં આવેલી મુરલીધર પ્રોટીન્સ નામની ફેક્ટરી પર દરોડો પાડીને ભેળસેળયુક્ત ખાદ્યતેલ બનાવવાનું મોટું નેટવર્ક ઝડપી પાડયું છે.



મુરલીધર પ્રોટીન્સમાં નકલી તેલ બનાવવાનો ખેલ અત્યંત પદ્ધતિસર રીતે ચલાવવામાં આવી રહ્યો હતો. ફેક્ટરીના સંચાલકો જયદેવ પ્રભાતભાઈ ડાંગર (ઉ.૨૬, રહે.નવા બસ સ્ટેન્ડ પાછળ, મોટા દડવા) અને ગોંડલનો દિવ્યેશ નામનો શખ્સ છેલ્લા ઘણાં સમયથી બજારમાંથી ખુબ જ નીચા ભાવે પામ ઓઈલ અથવા સોયાબીન ઓઈલ મંગાવતા હતા. ત્યારબાદ આ સસ્તા ઓઈલમાં એક ખાસ પ્રકારનું કેમિકલ અથવા એસેન્સ ઉમેરવામાં આવતું હતું, જેથી તેની સુગંધ અને રંગ અસલી તેલ જેવા જ લાગે. આ પ્રક્રિયા દ્વારા તૈયાર થતા ભેળસેળયુક્ત માલને મગફળીનું તેલ, કપાસિયા તેલ અને સૂરજમુખી તેલ તરીકે ગ્રાહકોને પધરાવવામાં આવતો હતો અને રાજ્યભરમાં તેની સપ્લાય કરવામાં આવતી હતી.એસઓજી ટીમે દરોડા દરમિયાન ફેક્ટરીમાંથી અંદાજે ૩,૦૦૦ લિટર જેટલો શંકાસ્પદ અને ભેળસેળયુક્ત તેલનો જથ્થો જપ્ત કર્યો છે. ખાદ્ય પદાર્થોની ગુણવત્તા ચકાસવા માટે સેમ્પલ લઈને ફૂડ લેબોરેટરીમાં પરીક્ષણ અર્થે મોકલી આપવામાં આવ્યા છે. જેનો રિપોર્ટ આવ્યા બાદ આ ભેળસેળમાં વપરાતા પદાર્થોની ઝેરી અસરો અને પ્રમાણ સ્પષ્ટ થશે, જેના આધારે કાયદેસરની કડક કલમો હેઠળ ગુનો નોંધવામાં આવશે.નકલી ખાદ્યતેલ કૌભાંડમાં મોટા દડવાના જયદેવ ડાંગર અને ગોંડલના દિવ્યેશભાઈ નામના બે શખ્સો સંડોવાયેલા હોવાનું સામે આવ્યું છે. હાલમાં પોલીસ દ્વારા એક ભાગીદારને હસ્તગત કરી સઘન પૂછપરછ શરૂ કરવામાં આવી છે. પોલીસ હવે આ નેટવર્કના મૂળ સુધી પહોંચવા સક્રિય બની છે. આ કેસમાં કાચો માલ ક્યાંથી ખરીદવામાં આવતો હતો, આ નકલી તેલ રાજ્યમાં કયા-કયા સ્થળો અને વેપારીઓને મોકલવામાં આવતું હતું તેમજ આ કૌભાંડ કેટલા સમયથી ચાલી રહ્યું હતું તે તમામ બાબતો પરથી પડદો ઉંચકવા માટે પોલીસની અલગ-અલગ ટીમો કામે લાગી છે.

# વીંછિયાના આસલપુરમાં ચાલુ ટ્રેક્ટરે સાંતીમાંથી પડી જતાં ખેડૂતનું મોત

રાજકોટ:

વીંછિયાના આસલપુરના રહેવાસી ખેડૂત ચતુરભાઈ ધરજીયા સવારના સમયે પીપરડી રોડ પર આવેલી પોતાની વાડીએ ખેતીકામ કરી રહ્યા હતા. આ દરમિયાન તેમનો પુત્ર ખેતરમાં ટ્રેક્ટર વડે સાતી ચલાવી રહ્યો હતો, જ્યારે ચતુરભાઈ ટ્રેક્ટર પાછળ જોડેલી લોખંડની સાતી પર ઊભા રહીને કામ કરી રહ્યા હતા.કામ દરમિયાન અચાનક સંતુલન ગુમાવતાં ચતુરભાઈ ચાલુ સાતી પરથી નીચે પટકાયા હતા, જેના કારણે તેમને માથાના ભાગે ગંભીર અને જીવલેણ ઈજાઓ પહોંચી હતી. આ દુર્ઘટના બનતા જ પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક સારવાર અર્થે જસદણની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.જો કે, ફરજ પરના તબીબોએ તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા.હતી.

# પતિએ પોર્ન વીડિયો બતાવીને ત્રાસ આપતાં શિક્ષિકાને પેનિક એટેક આવ્યો

## ખોટા કેસમાં ફસાવાની મહિલાને ધમકી આપતા, રાજકોટમાં પતિ સહિત પરિવારના ૬ સામે ફરિયાદ

રાજકોટ:

રાજકોના મહિલા પોલીસ સ્ટેશનમાં એક શિક્ષિકાએ પોતાના પતિ, સાસુ-સસરા અને નણંદ સહિત પરિવારના કુલ ૬ સભ્યો સામે શારીરિક, માનસિક અને જાતીય ત્રાસ આપવાની ફરિયાદ નોંધાવી છે. શિક્ષિકાએ આક્ષેપ કર્યો છે કે, પતિ પોર્ન વીડિયો બતાવીને શરીરના અંગો પર અશ્લીલ ટિપ્પણીઓ કરીને ભારે માનસિક યાતના અને ખોટા કેસમાં ફસાવાની મહિલાને ધમકી આપતો. શિક્ષિકાને માનસિક ત્રાસથી પેનિક એટેક આવ્યો હતો. હાલ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

શિક્ષિકાએ અગાઉ પણ સાસરિયાઓ સામે ઘરેલું હિંસા અને ત્રાસ અંગેની ફરિયાદ નોંધાવી હતી, જેનો કેસ હાલ કોર્ટમાં ચાલી રહ્યો છે. આ કેસ પરત ખેંચાવવા અને ફરી સાથે રહેવા માટે પતિ અને સાસરિયાઓ સતત દબાણ કરતા હતા. પતિએ પત્નને ધમકી આપી હતી કે જો તે કેસ પાછો નહીં ખેંચે, તો તેના પરિવારજનો સામે ખોટા કેસ કરી તેને જેલમાં મોકલી દેવામાં આવશે. આ રીતે બ્લેકમેઈલ કરીને કેસ રદ કરાવવાનો પ્રયાસ કરાતો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

પીડિતાએ આક્ષેપ કરતા કહ્યું છે કે, પતિ પોતાના મોબાઈલ ફોનમાં પોર્ન વીડિયો જોતો હતો અને મહિલાને પણ બળજબરીથી તે જોવા માટે મજબૂર કરતો હતો. દરમિયાન મહિલાના શરીરના અંગો વિશે અત્યંત બિભત્સ અને અશ્લીલ કમેન્ટ્સ કરીને તેની સ્ત્રીસહજ ગરિમાને હાનિ પહોંચાડવામાં આવતી હતી. વારંવારના આ પ્રકારના માનસિક અને જાતીય ઉત્પીડનને કારણે શિક્ષિકાની તબિયત લથડી હતી અને તેમને 'પેનિક એટેક' આવવા લાગ્યા હતા. આવી ગંભીર પરિસ્થિતિ હોવા છતાં, પતિ દ્વારા તેમને તબીબી સારવાર કરાવવાની સ્પષ્ટ ના પાડી દેવામાં આવતી હતી અને વધુ અપમાનિત કરવામાં આવતી હતી.

આ ઉપરાંત, એક પ્રસંગે અગાઉનો કેસ પરત ખેંચવાના મુદ્દે સાસરિયાઓએ મહિલા અને તેના પરિવારજનો સાથે અત્યંત ઉગ્ર અને હિંસક વર્તન કર્યું હતું. આ દરમિયાન પુરાવાનો નાશ કરવાના ઈરાદાથી મહિલાનો મોબાઈલ ફોન પણ તોડી નાખવામાં આવ્યો હતો. મહિલાએ પોતાની ફરિયાદમાં સંતાન અંગેના દબાણ અને ઘરની વિષમ પરિસ્થિતિઓનો પણ ઉલ્લેખ કર્યો છે. સમગ્ર મામલે રાજકોટ મહિલા પોલીસે શિક્ષિકાની ફરિયાદના આધારે પતિ સહિત ૬ લોકો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મારવાડી યુનિ.ની હોસ્ટેલમાં આંધ્રપ્રદેશના વિદ્યાર્થીનું હાર્ટએટેકથી મોત

રાજકોટ :

રાજકોટમાં આજે સતત બીજા દિવસે હાર્ટ એટેકથી યુવકનું મોત થયાનો બનાવ સામે આવ્યો છે. જેમાં મુળ આંધપ્રદેશના વતની અને હાલ મારવાડી યુનિવર્સિટીની હોસ્ટેલમાં રહી એન્જિનિયરીંગમાં અભ્યાસ કરતા લોહીત નીલચુ (ઉ.વ.૨૦) નામનો યુવાન રાત્રીના જમીને હોસ્ટેલમાં સુવા ગયો હતો. દરમિયાન તેને ગભરામણ અને છાતીમાં દુઃખાવો ઉપડતા તેને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી લોહીતનું હાર્ટ એટેકથી મોત થયાનું જણાવ્યું હતું.

# જેલની કામગીરી દરમિયાન ખેતીનું દબાણ ખુલ્લું પડ્યું

## પડધરીના ફતેપરમાં થાંભલાનું કારખાનું, મકાન તોડવા હુકમ

રાજકોટ:

પડધરી તાલુકામાં ફતેપર, સાલપીપળિયા અને ન્યારા ગામમાં સરકારી ખરાબાની જમીનો પર થયેલા ગેરકાયદેસર દબાણો સામે મામલતદારની ટીમે દંડ ફટકારી જમીન ખુલ્લી કરવા હુકમ કર્યો છે. તંત્રની જાણ બહાર જ દબાણકર્તાઓ દ્વારા સરકારી જમીન પર મકાન-સિમેન્ટ પોલનું કારખાનું, કૂવો કરી ખેતીવિષયક દબાણ કરી લીધું હતું.

પડધરીના ફતેપર ગામે સરકારી ખરાબાના સરવે નંબર ૧૫૮માં કેવલભાઈ પરબતભાઈ મેંદપરા નામના આસામી દ્વારા આશરે ૪૦૪૭ ચોરસ મીટર જમીન પર ગેરકાયદેસર કબજો કરવામાં આવ્યો હતો. તેમણે આ જમીન પર સિમેન્ટના પોલ બનાવવાનું કારખાનું તથા મકાન બનાવી દીધું હતું.

મહેસૂલી તલાટી અને નાયબ મામલતદાર દ્વારા સ્થળ પર પંચરોજકામ કરી કેસ રજિસ્ટર કરાયો હતો.૧ વર્ષ સુધી ચાલેલા કેસના અંતે પડધરી મામલતદારે દબાણકર્તાને રૂ.૪૦૫૦૦નો દંડ ફટકારી, ૧૪૦ દિવસમાં તમામ દબાણ સ્વયં દૂર કરી જમીન ખુલ્લી કરવાનો આદેશ આપ્યો છે.

જ્યારે સાલપીપળિયા ગામના સરકારી ખરાબાના સરવે નંબર ૫૯૨ની ૩૦૦૦ ચોરસ મીટર જમીનમાં શામજીભાઈ રવાભાઈ વાઘેલા દ્વારા ગેરકાયદેસર પ્રવેશ કરી કૂવો ગાળવામાં આવ્યો હતો અને ખેતીવિષયક દબાણ કરવામાં આવ્યું હતું. મહેસૂલ તલાટી અને નાયબ મામલતદારની તપાસ બાદ કેસ રજિસ્ટર થયો હતો. મામલતદાર કે.જી. સખિયા દ્વારા આ કેસમાં દબાણકર્તાને રૂ.૧૫૦૦નો દંડ ફટકારી જમીન પરથી દબાણ હટાવવાનો આદેશ કરાયો છે.

આ ઉપરાંત ન્યારા ગામે સરકારી ખરાબામાં નવી જિલ્લા જેલનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. આ દરમિયાન જેલની કમ્પાઉન્ડ વોલ બનવાથી ખેતી માટેનો રસ્તો બંધ થઈ જશે તેવી રજૂઆત અરજદાર ચંદ્રેશભાઈ વલ્લભભાઈ બોદર દ્વારા કલેક્ટર કચેરીમાં કરવામાં આવી હતી.

આ રજૂઆતના આધારે ન્યારાના મહેસૂલ તલાટી અને પડધરીના સર્કલ ઓફિસર દ્વારા સ્થળ તપાસ કરાતા માલૂમ પડ્યું હતું કે ભિરેન દામજીભાઈ પરસાણા દ્વારા ૯૩૯ ચોરસ મીટર જમીન પર ખેતીવિષયક દબાણ કરવામાં આવ્યું છે. તંત્ર દ્વારા આ દબાણ બદલ ભિરેન પરસાણાને રૂ.૨૮૩૪નો દંડ ફટકારવામાં આવ્યો છે.

# રિક્ષા ચાલકે આપઘાતનો પ્રયાસ કર્યો

રાજકોટ:

રાજકોટના કોઠારિયા રોડ પર આવેલ આનંદ નગર કોલોનીમાં રહેતા સિધ્ધાર્થપરી ગોસ્વામી સાંજના ૪.૩૦ વાગ્યા આસપાસ પોતાના ઘરે હતો ત્યારે ઝેરી ટીકડા ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો જેથી તેને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પોલીસની પ્રાથમિક પૂછપરછ દરમિયાન સિધ્ધાર્થપરી બે ભાઈ ત્રણ બહેનમાં નાનો હોવાનું અને તેને સંતાનમાં બે દીકરા હોવાનું સામે આવ્યું છે. પોતે રિક્ષા ચલાવી પરિવારનુ ગુજરાન ચલાવે છે.ગત ૧૫ ઓગષ્ટની આગલી રાત્રે એ ડિવિઝન પોલીસ દ્વારા ચેકિંગ દરમિયાન સિધ્ધાર્થપરી ગોસ્વામી પાસેથી રિક્ષાના કાગળો, વીમો અને લાયસન્સ જેવા ડોક્યુમેન્ટ માંગ્યા હતા, પરંતુ સિધ્ધાર્થપરી પાસે કોઈ પ્રકારના ડોક્યુમેન્ટ ન હોવાથી પોલીસે રિક્ષા ડિટેઈન કરી મેમો આપ્યો હતો. સિધ્ધાર્થપરી ઈ્ ખાતે દંડ ભરવા ગયો ત્યારે રૂ.૨૨ હજારનો મેમો હોવાની જાણ કરવામાં આવી હતી જેના કારણે ઝેરી ટીકડા ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનુ જણાવતા ભક્તિનગર પોલીસે નિવેદન નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# આપઘાત કે હત્યા?:જસદણના ડોડિયાળા ગામમાં કૂવામાંથી યુવકનો મૃતદેહ મળ્યો

રાજકોટ:

જસદણ તાલુકાના ડોડિયાળા ગામમાં કૂવામાં એક યુવાનનો મૃતદેહ પડ્યો હોવાની જાણ થતાં પોલીસ કાફલો ફાયરની ટીમ સાથે દોડી ગયો હતો અને મૃતદેહને બહાર કાઢી ઓળખ મેળવવા સહિતની કાર્યવાહી તેજ કરી હતી.સાથોસાથ આ ઘટના આપઘાતની છે કે હત્યાની તે સહિતની તપાસ શરૂ કરાઈ છે. પ્રાથમિક માહિતી મુજબ, મૃતકની ઓળખ તેયશિંગ નેશિંગ ઓલેવ તરીકે થઈ હતી. સ્થાનિકોએ કૂવામાં મૃતદેહ હોવાની જાણ કરવામાં આવતાં જસદણ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.



ફાયર ટીમે ભારે જહેમત બાદ યુવકના મૃતદેહને કૂવામાંથી બહાર કાઢ્યો હતો. ત્યારબાદ મૃતદેહને તાત્કાલિક પોસ્ટમોર્ટમ અર્થે જસદણ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.આ સમગ્ર મામલે આટકોટ પોલીસે ઘટનાસ્થળની મુલાકાત લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# આજી વસાહતમાં ક્રાઈમ બ્રાન્ચના દરોડા : ૧૦૦૦ બોટલ દારૂ ઝડપાયો

રાજકોટ:

ક્રાઈમ બ્રાન્ચની ટીમે અલગ અલગ બે દરોડામાં ૧૦૦૦ બોટલ દારૂ પકડી પાડ્યો હતો. જેમાં પુસ્કરધામ મેઈન રોડ પર રેઢી પડેલી બલેનો કારમાંથી રૂપિયા ૧.૦૭ લાખનો દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. જ્યારે ડીસીબીની ટીમે અન્ય દરોડામાં આજી વસાહત પાસે એક શખ્સને ૪૩૨ બોટલ ઝડપી લીધો હતો.

દરોડાની વિગતો મુજબ, ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ વી.ડી. રાવરીયાની રાહબરી હેઠળ ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ મુકેશભાઈ સબાડ, કોન્સ્ટેબલ મનીષભાઈ ચાવડાને મળેલી બાતમીના આધારે પુષ્કરધામ શાકમાર્કેટ પાછળ કલરવ એપાર્ટમેન્ટની પાછળના ભાગે ફૂટપાથ પરથી શંકાસ્પદ બોલેનો નં. જીજે ૩૨ કે ૯૦૧૭ માં તપાસ કરતા તેમાંથી રૂપિયા ૧.૦૭ લાખની કિંમતનો ૬૭૨ બોટલ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂનો આ જથ્થો અને કાર સહિત રૂ. ૫.૦૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી દારૂ રેઢો મૂકી નાસી જનાર બલેનોના ચાલકને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

બીજા દરોડામાં પીએસઆઈ વી.ડી. ડોડીયા તથા તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ જયરાજભાઈ કોટીલા, ધારાભાઈ વનારીયા અને પ્રદિપસિંહ ગોહિલને મળેલી બાતમીના આધારે આજી વસાહત ખોડીયારનગર શેરી નં. ૩૦ ના ખૂણેથી પ્રફુલ ઉર્ફે દેવરાજ જયસુખભાઈ મકવાણા (ઉ.વ. ૨૩ રહે. પીઠડ આઈ સોસાયટી, શેરી નંબર-૧ માંડા ડુંગર) ને શંકાસ્પદ હાલતમાં ઝડપી લીધો હતો.

તેની પાસે રહેલા પાર્સલ બોક્સમાં તપાસ કરતા અંદરથી રૂપિયા ૫૮,૩૨૦ ની કિંમત નો ૪૩૨ બોટલ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે રૂપિયા ૬૩,૩૨૦ માં મુદ્દામાલ કબજે કરી દારૂ સાથે ઝડપાયેલા શખસની પુછતાછ કરતા દારૂનો જથ્થો માંડા ડુંગરમાં રહેતા મહેશ શાપરાએ આપ્યાનું જણાવતા પોલીસે મહેશને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

# બે પિસ્તોલ અને ૧૧ જીવતા કાર્ટિસ સાથે બે વેપારી ઝડપાયા

રાજકોટ :

બાલભવનના ગેઈટ સામે જીઈબીના સબ સ્ટેશન પાસેથી પીસીબીએ દેશી બનાવટની પિસ્તોલ અને ૯ જીવતા કાર્ટિસ સાથે યાકીબ સિકંદર મામટી (ઉ.વ.૩૭, રહે. નહેરૂનગર મેઈન રોડ, રૈયા રોડ)ને ઝડપી લીધા બાદ રેસકોર્સ મેદાનમાંથી અરબાઝ ઉર્ફે ફીરોઝ અમીનભાઈ કાજી (ઉ.વ.૨૮, રહે. હાથીખાના મેઈન રોડ)ને પણ દેશી બનાવટની પિસ્તોલ અને બે જીવતા કાર્ટિસ સાથે ઝડપી લીધો હતો.

પીસીબીના સુત્રોએ જણાવ્યું કે, યાકીબને લાખાજીરાજ રોડ પર લેડીઝ વેરની દુકાન છે. એવું રટણ કરી રહ્યો છે કે, બાળપણના મિત્ર સાથે તેને તકરાર થતાં તે મિત્રએ કોઈ ડાયલોગ જેવું સ્ટેટસ મૂક્યું હતું. જેનાથી ગભરાઈ પિસ્તોલ ખરીદી હતી. આ જ રીતે અરબાઝને પણ લાખાજીરાજ રોડ પર લેડીઝ વેરની દુકાન છે. જોકે તેણે ક્યા કારણથી પિસ્તોલ રાખી હતી તે અંગે હાલ તપાસ ચાલું છે.

સાવરકુંડલામાં રહેતા અને ખૂનના ગુનામાં આજીવન કેદની સજા ભોગવતા અકીલ વલીભાઈ સૈયદે આ બંને હથિયારો સપ્લાય કર્યાનું ખુલતાં પીસીબીએ તેને વોન્ટેડ દર્શાવ્યો છે. અકીલ હાલ અમદાવાદની જેલમાં સજા ભોગવી રહ્યો છે. સાતેક માસ પહેલા પેરોલ પર છૂટયો ત્યારે યાકીબને પિસ્તોલ આપી ગયાની માહિતી પીસીબીને મળી છે.

તેની સાથે અરબાઝ પણ હોવાથી પીસીબીએ તેને વોન્ટેડ દર્શાવી શોધખોળ શરૂ કરતાં તે પણ પિસ્તોલ અને બે કાર્ટિસ સાથે ઝડપાઈ ગયો હતો.

# વાવડીમાં દારૂના નશામાં એસિડ પી લેનાર રિક્ષાચાલકનું મોત

રાજકોટ:

વાવડી વિસ્તારમાં આવેલી વિશ્ર્વકર્મા સોસાયટીમાં રહેતા પ્રકાશ નારણભાઈ ઝરીયા નામનો ૩૫ વર્ષનો યુવાન ૧૦ દિવસ પૂર્વ પોતાના ઘરે હતો ત્યારે એસિડ પી લીધુ હતું જેના કારણે યુવકને ઝેરી અસર થતા તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યો હતો. જયા યુવકનું ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી.

પ્રાથમિક પૂછપરછમાં મૃતક પ્રકાશ ઝરીયા બે ભાઈ એક બહેનમાં નાનો હોવાનું અને તેને સંતાનમાં બે દીકરા હોવાનું સામે આવ્યું છે. પ્રકાશ ઝરીયા રિક્ષા ચલાવી પરિવારનુ ગુજરાન ચલાવતો હતો અને દારૂના નશામાં એસીડ પી લેતા મોત નીપજ્યુ હોવાનુ જાણવા મળતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.